# પદાર્થ પ્રકાશ

(ભાગ ૧૩)

કર્મપ્રકૃતિ

- ઉદયાધિકાર
- સત્તાધિકાર

પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ

આચાર્યદેવ શ્રીમદ્વિજય

હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
(વિ.સં. ૧૯૬૭-૨૦૬૭, ચૈત્ર વદ-૬) અને
પંન્યાસ શ્રી પદ્મવિજયજી સ્વર્ગવાસ અર્ધશતાબ્દી
(વિ.સં. ૨૦૧૭-૨૦૬૭, શ્રાવણ વદ-૧૧) નિમિત્તે નવલું નજરાણું

# પદાર્થ પ્રકાશ

ભાગ-૧૩

## કર્મપ્રકૃતિ

# ઉદયાધિકાર અને સત્તાધિકાર

## પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ

• સંકલન-સંપાદન •
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

વિ.સં. ૨૦૬૮ • વીર સં. ૨૫૩૮

• પ્રકાશક •
**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**
**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૭૦૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
  મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રાકાંત એસ. સંઘવી**
  ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫. (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી-૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથનગર, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭, મો : ૯૮૨૦૫૯૫૦૪૯
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો : ૯૫૯૪૫૫૫૫૦૫


પ્રથમ આવૃત્તિ — નકલ ૧,૦૦૦

**મૂલ્ય : રૂા. ૭૫-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

# દિવ્યવંદના



પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા





પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર

શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય

આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના



## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર

ગચ્છાધિપતિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની

અમીદૃષ્ટિ સદા અમારી ઉપર વરસતી રહો.

# ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ. પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

# પ્રકાશકીય

પદાર્થપ્રકાશ ભાગ ૧૩ ને પ્રકાશિત કરતા આજે અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે કરેલ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ અને બૃહત્ક્ષેત્રસમાસ-લઘુક્ષેત્રસમાસના પદાર્થો તથા મૂળગાથા-શબ્દાર્થોનું સંકલન પદાર્થપ્રકાશના ભાગ ૧ થી ભાગ ૯ રૂપે આ પૂર્વે અમે પ્રકાશિત કર્યું છે. ત્યાર પછી કર્મપ્રકૃતિના પદાર્થો અને મૂળગાથા-શબ્દાર્થોનું પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલુ સંકલન પદાર્થપ્રકાશના ભાગ ૧૦ થી ભાગ ૧૩ સુધીના ચાર ભાગોમાં પ્રકાશિત કરવાનું શરૂ કર્યું છે. તેમાંથી પદાર્થપ્રકાશના ભાગ ૧૦, ૧૧, ૧૨ આ પૂર્વે અમે પ્રકાશિત કર્યા છે. આજે પદાર્થપ્રકાશ ભાગ ૧૩ ને પ્રકાશિત કરીએ છીએ.

પદાર્થપ્રકાશના ચાર ભાગોમાં કર્મપ્રકૃતિના પદાર્થો અને મૂળગાથા-શબ્દાર્થોનું આ રીતે વિભાજન કર્યું છે -

| | | |
|---|---|---|
| પદાર્થપ્રકાશ ભાગ ૧૦ | - | કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ ૧૧ | - | કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તના-કરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ ૧૨ | - | કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ ૧૩ | - | કર્મપ્રકૃતિ ઉદયાધિકાર, સત્તાધિકારનો પદાર્થ-સંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |

પૂજ્ય ગુરુદેવશ્રીએ પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય-નિષ્ણાત આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસેથી આ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પૂજ્યશ્રીએ વરસો સુધી એનો પાઠ પણ કર્યો. તેથી એ પદાર્થો પૂજ્યશ્રીને રૂઢ થઇ ગયા છે. એ પદાર્થોનું અન્ય જીવોને સહેલાઈથી અને ઝડપથી સંપૂર્ણપણે જ્ઞાન થઇ શકે એ માટે પૂજ્યશ્રીએ એ પદાર્થોનું સંકલન શરૂ કર્યું અને એ પદાર્થપ્રકાશશ્રેણિ રૂપે પ્રકાશિત થઇ રહ્યું છે.

પદાર્થપ્રકાશના ભાગ ૧૪ અને ભાગ ૧૫ પણ આ પૂર્વે પ્રકાશિત થઇ ગયા છે. ભાગ ૧૪મા શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ,

શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિકાદ્વાત્રિંશિકાનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-અવચૂરિ છે.

ભાગ ૧૫માં શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહસ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્‌ગલપરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી અને શ્રીસમવસરણસ્તવનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-અવચૂરી છે.

હાલ પદાર્થપ્રકાશ ભાગ ૧૬ નું પ્રકાશનકાર્ય ચાલુ છે. એમાં તત્ત્વાર્થાધિગમસૂત્રના પદાર્થો અને મૂળસૂત્ર-શબ્દાર્થોનું પૂજ્યશ્રીએ સંકલન કર્યું છે. આ પુસ્તક પણ ટૂંક સમયમાં પ્રકાશિત થઈ જશે.

પદાર્થપ્રકાશ ભાગ ૧૩ ને પ્રકાશિત કરવાનો લાભ પૂજ્યશ્રીએ અમને આપ્યો એ બદલ અમે પૂજ્યશ્રીના ઋણી છીએ. આ પુસ્તકનું સંશોધન પંડિતવર્ય પારસભાઈ ચંપકલાલ શાહે કરી આપેલ છે. આ પ્રસંગે અમે તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય ભરત ગ્રાફિક્સવાળા ભરતભાઈ અને મહેન્દ્રભાઈએ ખૂબ ખંતપૂર્વક કરેલ છે. તેમનો પણ અમે આભારી માનીએ છીએ. આ પુસ્તકનું આકર્ષક ટાઈટલ મલ્ટી ગ્રાફિક્સવાળા મુકેશભાઈએ તૈયાર કરેલ છે. તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

આજસુધીમાં પૂજ્યશ્રી દ્વારા લિખિત-સંકલિત-સંપાદિત-પ્રેરિત લગભગ ૭૦ જેટલા પુસ્તકોને પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે. હજી આગળ પણ પૂજ્યશ્રી આવા અન્ય પુસ્તકોના લેખન, સંકલન વગેરે કરી જ્ઞાનપિપાસુ મુમુક્ષુઓને જ્ઞાનામૃત પીરસતા રહે એવી અમારી અંતરની શુભભાવના આ પ્રસંગે અમે વ્યક્ત કરીએ છીએ.

ભવિષ્યમાં પણ સુંદર શ્રુતભક્તિ કરી શકીએ એવી શ્રુતાધિષ્ઠાયિકા શ્રીસરસ્વતીદેવીને પ્રાર્થના કરીએ છીએ.

પદાર્થપ્રકાશ શ્રેણિના આ પુસ્તકો દ્વારા અભ્યાસુ આત્માઓ પદાર્થોનો સાંગોપાંગ બોધ પ્રાપ્ત કરી તેને આત્મસાત્ કરે એ જ એકમાત્ર શુભેચ્છા.

લિ.

સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના

ટ્રસ્ટીઓ

# કર્મ સમો નહીં કોઈ રે પ્રાણી

પાણીની ટાંકીમાં એક પાઈપ ઉપર હોય છે અને બીજો પાઈપ નીચે હોય છે. ઉપરના પાઈપથી ટાંકીમાં પાણી આવે છે. આવેલું પાણી ટાંકીમાં ભરાય છે. નીચેના પાઈપથી પાણી ડોલ વગેરેમાં ભરી શકાય છે.

પાણીની ટાંકી જેવો છે આત્મા. ઉપરના પાઈપ જેવો છે બંધ. એનાથી આત્મામાં કર્મો આવે છે. ટાંકી ભરવા જેવી છે સત્તા. એનાથી આત્મા કર્મોથી ભરાઈ જાય છે. નીચેના પાઈપ જેવો છે ઉદય. એનાથી આત્મા કર્મોના ફળને ભોગવે છે.

આત્મામાં કર્મપુદ્ગલોની થયેલી એકમેકતા તે બંધ.

બંધ કે સંક્રમથી આત્મામાં આવેલા કર્મોનું પોતાના સ્વરૂપે રહેવું તે સત્તા.

બંધાયેલા કર્મોનો અબાધાકાળ પૂર્ણ થયે છતે એમના ફળને અનુભવવું તે ઉદય.

આપણા આત્માએ ભૂતકાળમાં અનંતાનંત કર્મો બાંધ્યા છે. તે બધા અત્યારે આત્મામાં સત્તારૂપે પડ્યા છે. બાંધ્યા પછી જેટલો કાળ કર્મોનો ઉદય ન થાય તેને અબાધાકાળ કહેવાય છે. અબાધાકાળ પૂર્ણ થવા પર સત્તામાં રહેલા કર્મોનો ઉદય થશે અને એ આપણે ભોગવવો પડશે. જો કર્મોના ઉદયના ભોગવટામાંથી બચવું હોય તો એ કર્મોનો ઉદય થાય એ પહેલા એ કર્મોને રવાના કરવા જરૂરી છે. **દશવૈકાલિકસૂત્રની પ્રથમ ચૂલિકા**માં કહ્યું છે - **'पावाणं च खलु भो कडाणं कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुप्पडिक्कंताणं वेइत्ता मुक्खो नत्थि अवेइत्ता तवसा वा झोसइत्ता ।'** પૂર્વે દુષ્ટ આચરણ કરીને અને તેનાથી પાછા ફર્યા વિના બાંધેલા અશુભ કર્મોને ભોગવ્યા વિના કે તપથી તેમને ખપાવ્યા વિના તેમનાથી મોક્ષ થતો નથી. એટલે કે બાંધેલા કર્મોનો આત્મા ઉપરથી

નિકાલ કરવાના બે ઉપાય છે - (૧) કર્મો ઉદયમાં આવે ત્યારે તેમના ફળને ભોગવી લેવું. (૨) કર્મો ઉદયમાં આવે એ પહેલા સાધના દ્વારા એમને ખપાવવા. નીચેના પાઈપથી પાણી નીકળતું અટકાવવું હોય તો ટાંકીનું ઉપરનું ઢાંકણું ખોલી ડોલો દ્વારા તેમાંથી પાણી ખાલી કરવું પડે. ટાઈમ બોમ્બને ફૂટતો અટકાવવો હોય તો એમાં સેટ કરેલા સમય પહેલા એને disconnect કરવો પડે. તેમ કર્મોના ઉદયને અટકાવવો હોય તો એમનો અબાધાકાળ પૂર્ણ થાય એ પહેલા સાધના દ્વારા એમનો નિકાલ કરવો પડે. કર્મોનો સંપૂર્ણપણે આત્મા ઉપરથી નિકાલ થયા વિના આત્માની મુક્તિ થવાની નથી.

સત્તાધિકાર આપણને સૂચન કરે છે કે આપણા આત્મા ઉપર અનંતાનંત કર્મો લાગેલા છે. ઉદયાધિકાર આપણને સંદેશો આપે છે કે એ કર્મોનો ઉદય આપણે ભોગવવો પડશે.

માટે કર્મોના ઉદય અને સત્તામાંથી સર્વથા મુક્ત થવા પ્રભુવીરની જેમ સાધના કરવી જરૂરી છે.

શ્રીશિવશર્મસૂરિ મહારાજે પૂર્વોમાંથી ઉદ્ધૃત કરીને રચેલ કર્મપ્રકૃતિમાં આઠ કરણો અને ઉદયાધિકાર તથા સત્તાધિકાર આ દસ વિષયોનું વિસ્તારથી નિરૂપણ કરાયું છે. પદાર્થપ્રકાશના ભાગ ૧૦ થી ભાગ ૧૩ સુધીના ચાર ભાગોમાં કર્મપ્રકૃતિના આ દસે વિષયોના પદાર્થોનું સંકલન કરાયું છે. કર્મપ્રકૃતિ મૂળ, તેની અજ્ઞાતકર્તૃક ચૂર્ણિ, કર્મપ્રકૃતિ મૂળની શ્રીમલયગિરિ મહારાજ કૃત ટીકા, કર્મપ્રકૃતિ મૂળની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકા, કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની શ્રીમુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટીપ્પણ, શ્રીચન્દ્રર્ષિમહત્તરાચાર્ય રચિત પંચસંગ્રહ, તેની સ્વોપજ્ઞ ટીકા, પંચસંગ્રહની શ્રીમલયગિરિ મહારાજ રચિત ટીકા - આ બધા ગ્રંથોના આધારે આ પદાર્થોનું સંકલન કર્યું છે. આઠ કરણોના પદાર્થો અને તેમના મૂળગાથા-શબ્દાર્થોનું સંકલન

પદાર્થપ્રકાશના ભાગ ૧૦, ભાગ ૧૧ અને ભાગ ૧૨ માં કર્યું છે. તે આ પ્રમાણે -

પદાર્થપ્રકાશ ભાગ ૧૦ - બંધનકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ

પદાર્થપ્રકાશ ભાગ ૧૧ - સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તના-કરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ.

પદાર્થપ્રકાશ ભાગ-૧૨ - ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ.

પદાર્થપ્રકાશના આ ૧૩મા ભાગમાં ઉદયાધિકાર અને સત્તાધિકારના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થોનું સંકલન કર્યું છે. તે આ પ્રમાણે -

પહેલા ઉદયાધિકારના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. ઉદયાધિકાર લગભગ ઉદીરણાકરણની સમાન છે. ઉદીરણા કરતા ઉદયમાં જે જે વિશેષતાઓ છે તે ઉદયાધિકારમાં બતાવી છે. ઉદયાધિકારના ચાર વિભાગો છે - પ્રકૃતિઉદય, સ્થિતિઉદય, રસઉદય અને પ્રદેશઉદય.

પ્રકૃતિઉદયમાં ૪૧ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણાનો ભેદ તથા મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓના પ્રકૃતિઉદયની સાદ્યાદિપ્રરૂપણાનું નિરૂપણ કરાયું છે.

સ્થિતિઉદયમાં સ્થિતિઉદયના બે પ્રકાર, ઉત્કૃષ્ટ સ્થિતિઉદય અને જઘન્ય સ્થિતિઉદયનું પ્રતિપાદન કરાયું છે.

રસઉદયમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ રસઉદયના સ્વામિત્વનું દિગ્દર્શન કરાયું છે.

પ્રદેશઉદયમાં સાદ્યાદિ પ્રરૂપણા અને સ્વામિત્વ - આ બે દ્વારોથી પ્રદેશઉદયનું સ્વરૂપ વર્ણવાયું છે.

ત્યાર પછી સત્તાધિકારના પદાર્થોનો સંગ્રહ કરાયો છે. સત્તાધિકારના ચાર વિભાગો છે - પ્રકૃતિસત્તા, સ્થિતિસત્તા, રસસત્તા અને પ્રદેશસત્તા.

પ્રકૃતિસત્તાનું નિરૂપણ ભેદ, સાદ્યાદિપ્રરૂપણા અને સ્વામિત્વ - આ ત્રણ દ્વારોથી કરાયું છે. ત્યાર બાદ આઠે કર્મોના પ્રકૃતિસત્તાસ્થાનો પણ બતાવાયા છે.

સ્થિતિસત્તાનું પ્રતિપાદન પણ ભેદ, સાદ્યાદિપ્રરૂપણા અને સ્વામિત્વ - આ ત્રણ દ્વારોથી કરાયું છે. ત્યાર બાદ સ્થિતિસ્થાનના ભેદો બતાવાયા છે.

રસસત્તાનું સ્વરૂપ રસસંક્રમ મુજબ છે. જે વિશેષતા છે તે ઉત્કૃષ્ટ રસસત્તા, જઘન્ય રસસત્તા, જઘન્ય રસસત્તાના સ્વામી અને રસસ્થાનના ભેદો વડે બતાવી છે.

પ્રદેશસત્તામાં ભેદ, સાદ્યાદિ પ્રરૂપણા, સ્વામિત્વ અને પ્રદેશસત્તા-સ્થાન - આ વિષયોનું વર્ણન કરાયું છે.

ત્યાર પછી મૂળપ્રકૃતિઓ, ઉત્તરપ્રકૃતિઓ અને સર્વઉત્તરપ્રકૃતિઓમાં બંધ-ઉદય-ઉદીરણા-સત્તાને આશ્રયીને ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય બતાવ્યા છે.

ત્યાર પછી મૂળપ્રકૃતિઓમાં બંધનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા સાથેનો સંવેધ, ઉદયનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા સાથેનો સંવેધ, ઉદીરણાનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા સાથેનો સંવેધ, સત્તાનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા સાથેનો સંવેધ, બંધસ્થાનકોનો બંધસ્થાનકો-ઉદયસ્થાનકો-ઉદીરણાસ્થાનકો-સત્તાસ્થાનકો સાથેનો સંવેધ, ઉદયસ્થાનકોનો બંધસ્થાનકો-ઉદયસ્થાનકો-ઉદીરણાસ્થાનકો-સત્તાસ્થાનકો સાથેનો સંવેધ, ઉદીરણાસ્થાનકોનો બંધસ્થાનકો-ઉદયસ્થાનકો-ઉદીરણાસ્થાનકો-સત્તાસ્થાનકો સાથેનો સંવેધ અને સત્તાસ્થાનકોનો બંધસ્થાનકો-ઉદયસ્થાનકો-ઉદીરણાસ્થાનકો-સત્તાસ્થાનકો સાથેનો સંવેધ બતાવાયો છે. સામાન્યથી, ગુણઠાણામાં, જીવસ્થાનકમાં અને માર્ગણાસ્થાનકમાં મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓના બંધસ્થાનક, ઉદયસ્થાનક, સત્તાસ્થાનક અને તેમનો સંવેધ છઠ્ઠા કર્મગ્રંથમાંથી જાણી લેવાનું સૂચન કરાયું છે.

ત્યાર પછી ક્ષપકશ્રેણિનું સ્વરૂપ બતાવાયું છે.

ત્યાર પછી ઉદયાધિકારના મૂળગાથા-શબ્દાર્થ રજૂ કરાયા છે.

ત્યાર પછી સત્તાધિકારના મૂળગાથા-શબ્દાર્થ રજૂ કરાયા છે.

આમ પદાર્થપ્રકાશ ભાગ ૧૩ માં ઉદયાધિકાર અને સત્તાધિકારના બધા પદાર્થોનું સંપૂર્ણ નિરૂપણ કરાયું છે.

પદાર્થપ્રકાશના ભાગ ૧૦ થી ભાગ ૧૩ સુધીના ચાર ભાગોમાં કરાયેલું પદાર્થોનું સંકલન Short and Sweet, Simple and Complete છે. Sugarcoated કડવી દવા જેમ સહેલાઈથી ઉતારી શકાય છે તેમ પદાર્થપ્રકાશના આ ભાગોના માધ્યમ દ્વારા કર્મપ્રકૃતિના ગહન પદાર્થો સહેલાઈથી સમજી શકાય છે.

પદાર્થોનું આ જ્ઞાન મને પરમપૂજ્ય કર્મસાહિત્યનિષ્ણાત પરમ-ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસેથી પ્રાપ્ત થયું છે. આ પદાર્થોની વાનગી તૈયાર કરનાર તો એ મહાપુરુષ હતા. મેં તો માત્ર આ પુસ્તકો રૂપી વાસણોમાં એને ઢાળીને ભવ્યાત્માઓને પીરસવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકોમાં જે કંઈ પણ સારું છે તે બધું પૂજ્યશ્રીનું છે. આ પુસ્તકોમાં કદાચ કોઈ ક્ષતિ થઈ હોય તો તે મારી મતિમંદતાને લીધે થઈ છે. તેની હું ક્ષમા યાચું છું.

સુવિશુદ્ધબ્રહ્મચારી પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, વર્ધમાનતપોનિધિ પ્રગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અને સંયમૈકલીન ગુરુદેવ પન્ન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી મહારાજા - આ ગુરુત્રયીની અવિરત કૃપાવૃષ્ટિના બળે જ હું આ પદાર્થપ્રકાશ શ્રેણિનું સંકલન કરી શક્યો છું. આ પ્રસંગે એ ગુરુદેવોના ચરણારવિંદમાં અનંતશઃ વંદના કરું છું.

મજબૂત પાયા ઉપર ચણાયેલી ઈમારત મજબૂત બને છે. પદાર્થજ્ઞાનના મજબૂત પાયા ઉપર ચણાયેલી આગમઅભ્યાસની ઈમારત મજબૂત બને છે. પદાર્થજ્ઞાનના પાયાને મજબૂત બનાવવાનો રામબાણ ઉપાય આ પદાર્થપ્રકાશ શ્રેણિનું અધ્યયન છે.

આ શ્રેણિના પુસ્તકો દ્વારા પદાર્થોને બરાબર સમજી પહેલા તેમને ચિત્તસ્થ કરવા, પછી તેમને ગોખીને તેમને કંઠસ્થ કરવા, પછી તેમના પર ચિંતન-મનન કરી તેમને હૃદયસ્થ કરવા, પછી તેમનું વારંવાર પુનરાવર્તન કરીને તેમને આત્મસ્થ કરવા અને પછી જીવનમાં એમનો ઉપયોગ કરી એમને જીવનસ્થ બનાવવા.

આશા છે પદાર્થપ્રકાશશ્રેણિની આ પરબ જ્ઞાનપિપાસુઓની જ્ઞાનપિપાસાને સંતોષવા અવશ્ય સમર્થ બનશે.

શ્રી વિશ્વનંદિકર જૈન સંઘ, અમદાવાદ
વિ.સં. ૨૦૬૮, ચૈત્ર વદ ૧૩
પ.પૂ. પ્રગુરુદેવ ન્યાયવિશારદ આચાર્યદેવ
શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો
૧૯મો સ્વર્ગારોહણ દિન

લી.
ગુરુકૃપાપ્રાપ્ત પન્ન્યાસપ્રવર
શ્રીપદ્મવિજયજી ગણિવર્યનો
ચરણકજમધુકર
આચાર્ય વિજય હેમચન્દ્રસૂરિ

**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ**

## ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭
(છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮
(બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯
(બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦
(કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૧
(કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૨
(કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૩) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૧૪) શ્રી સીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૧૫) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૧૬) વીશ વિહરમાન જિન સચિત્ર



(૧૭) વીશ વિહરમાન જિન પૂજા
(૧૮) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવઆલોચના વિષયક સમજણ)
(૧૯) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ
(૨૦) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ
(૨૧) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૨૨) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં. પદ્મવિજયજી મ.નું જીવનચરિત્ર)
(૨૩) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૨૪) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૨૫) પ્રેમપ્રભા ભાગ-૩
(બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)
(૨૬) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૨૭) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ
(પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)
(૨૮) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)
(૨૯) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૩૦) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૩૧) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)
(૩૨) કામસુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)
(૩૩-૩૪) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧-૧૨)
(૩૫) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા-દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)
(૩૬) ભક્તિમાં ભીંજાણા (પં. પદ્મવિજયજી ગણિવર્ય)
(વીરવિજયજી મ. કૃત સ્નાત્રપૂજાનું ગુજરાતીમાં વિવેચન)
(૩૭) આદીશ્વર અલબેલો રે (પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી)
(શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)
(૩૮) ઉપધાનતપવિધિ
(૩૯) રત્નકુક્ષી માતા પાહિણી
(૪૦) સતીસોનલ

(૪૧) નેમિદેશના
(૪૨) નરક દુઃખ વેદના ભારી
(૪૩) પંચસૂત્રનું પરિશીલન
(૪૪) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૪૫) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૪૬) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૪૭) ચિત્કાર
(૪૮) મનોનુશાસન
(૪૯) ભાવે ભજો અરિહંતને
(૫૦) લક્ષ્મી સરસ્વતી સંવાદ
(૫૧-૫૩) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩
(૫૪-૫૭) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪
(૫૮) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૫૯) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૬૦) શુદ્ધિ (ભવઆલોચના)
(૬૧) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૬૨) જયવીયરાય
(૬૩) આર્હન્ત્ય
(૬૪) બ્રહ્મવૈભવ
(૬૫) પ્રતિકાર



## અંગ્રેજી સાહિત્ય

(૧) **A Shining Star of Spirituality**
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) **Padartha Prakash Part-I** (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) **Pahini-A Gem-womb Mother**
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम्( गद्य ) (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| A | **કર્મપ્રકૃતિ ઉદયાધિકારનો પદાર્થસંગ્રહ** | **૧-૨૮** |
| (i) | **પ્રકૃતિઉદય** | **૧-૬** |
| ૧ | ૪૧ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણામાં ભેદ | ૧-૪ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયની સાદ્યાદિ પ્રરૂપણા | ૪-૫ |
| ૩ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયની સાદ્યાદિ પ્રરૂપણા | ૫-૬ |
| (ii) | **સ્થિતિઉદય** | **૭-૧૦** |
| ૧ | સ્થિતિઉદયના બે પ્રકાર | ૭ |
| ૨ | ઉત્કૃષ્ટ સ્થિતિઉદય | ૭-૯ |
| ૩ | જઘન્ય સ્થિતિઉદય | ૧૦ |
| (iii) | **રસઉદય** | **૧૧** |
| (iv) | **પ્રદેશઉદય** | **૧૨-૨૮** |
| ૧ | મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદયની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૨-૧૪ |
| ૨ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદયની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૪-૧૭ |
| ૩ | ઉત્કૃષ્ટ પ્રદેશઉદયના સ્વામી | ૧૭-૨૩ |
| ૪ | જઘન્ય પ્રદેશઉદયના સ્વામી | ૨૩-૨૮ |
| B | **કર્મપ્રકૃતિ સત્તાધિકારનો પદાર્થસંગ્રહ** | **૨૯-૧૩૬** |
| (i) | **પ્રકૃતિસત્તા** | **૨૯-૪૦** |
| ૧ | પ્રકૃતિસત્તાના ભેદ | ૨૯ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૯-૩૦ |
| ૩ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૩૦-૩૧ |
| ૪ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાનું સ્વામિત્વ | ૩૧ |
| ૫ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાનું સ્વામિત્વ | ૩૧-૩૪ |
| ૬ | જ્ઞાનાવરણના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૪ |
| ૭ | દર્શનાવરણના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૫ |
| ૮ | વેદનીયના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૫ |
| ૯ | મોહનીયના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૫-૩૭ |
| ૧૦ | આયુષ્યના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૭ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧ | નામના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૭-૩૯ |
| ૧૨ | ગોત્રના પ્રકૃતિસત્તાસ્થાનો | ૩૯ |
| ૧૩ | અંતરાયના પ્રકૃતિસત્તાસ્થાનો | ૪૦ |
| (ii) | **સ્થિતિસત્તા** | **૪૧-૫૧** |
| ૧ | સ્થિતિસત્તાના ભેદ | ૪૧ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૪૧-૪૨ |
| ૩ | ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૪૨-૪૩ |
| ૪ | ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનું સ્વામિત્વ | ૪૪-૪૭ |
| ૫ | જઘન્ય સ્થિતિસત્તાનું સ્વામિત્વ | ૪૭-૪૯ |
| ૬ | સ્થિતિસ્થાનના ભેદો | ૪૯ |
| ૭ | સ્થિતિસ્થાનના ભેદોના ચિત્રો | ૫૦-૫૧ |
| (iii) | **રસસત્તા** | **૫૨-૫૪** |
| ૧ | ઉત્કૃષ્ટ રસસત્તા, જઘન્ય રસસત્તા | ૫૨ |
| ૨ | ઉત્કૃષ્ટ અને જઘન્ય રસસત્તાના સ્વામી | ૫૩ |
| ૩ | રસસ્થાનના ભેદો | ૫૩-૫૪ |
| (iv) | **પ્રદેશસત્તા** | **૫૫-૭૯** |
| ૧ | પ્રદેશસત્તાના ભેદો | ૫૫ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૫૫-૫૬ |
| ૩ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા | ૫૬-૫૯ |
| ૪ | ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનું સ્વામિત્વ | ૫૯-૬૪ |
| ૫ | જઘન્ય પ્રદેશસત્તાનું સ્વામિત્વ | ૬૪-૬૬ |
| ૬ | પ્રદેશસત્તાસ્થાનો | ૬૬-૭૯ |
| (v) | **ભૂયસ્કારાદિ** | **૮૦-૧૩૬** |
| ૧ | ભૂયસ્કાર વગેરેની વ્યાખ્યા | ૮૦ |
| ૨ | મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓમાં બંધને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૦ |
| ૩ | મૂળપ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૦-૮૧ |
| ૪ | જ્ઞાનાવરણમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૨ |
| ૫ | દર્શનાવરણમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૨-૮૩ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬ | વેદનીયમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૩-૮૪ |
| ૭ | મોહનીયમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૪-૮૫ |
| ૮ | આયુષ્યમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૫-૮૬ |
| ૯ | નામમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૬-૮૯ |
| ૧૦ | ગોત્રમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૯ |
| ૧૧ | અંતરાયમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૮૯-૯૦ |
| ૧૨ | સામાન્યથી સર્વ ઉત્તર પ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૯૦-૧૦૩ |
| ૧૩ | મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૦૩-૧૦૫ |
| ૧૪ | ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૦૫-૧૦૬ |
| ૧૫ | સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૦૬-૧૧૧ |
| ૧૬ | મૂળપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૧-૧૧૨ |
| ૧૭ | જ્ઞાનાવરણમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૨ |
| ૧૮ | દર્શનાવરણમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૨-૧૧૩ |
| ૧૯ | વેદનીયમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૩-૧૧૪ |
| ૨૦ | મોહનીયમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૪-૧૧૬ |
| ૨૧ | આયુષ્યમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૬-૧૧૭ |
| ૨૨ | નામમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૧૭-૧૨૪ |
| ૨૩ | ગોત્રમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૨૪-૧૨૫ |
| ૨૪ | અંતરાયમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૨૫ |
| ૨૫ | સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે | ૧૨૫-૧૩૪ |
| ૨૬ | મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તર-પ્રકૃતિઓમાં ભૂયસ્કાર વગેરે બંધસ્થાનકોનો કોઠો | ૧૩૪ |
| ૨૭ | મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તર-પ્રકૃતિઓમાં ભૂયસ્કાર વગેરે ઉદયસ્થાનકોનો કોઠો | ૧૩૫ |
| ૨૮ | મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તર-પ્રકૃતિઓમાં ભૂયસ્કાર વગેરે ઉદીરણાસ્થાનકોનો કોઠો | ૧૩૫-૧૩૬ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૯ | મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તર-પ્રકૃતિઓમાં ભૂયસ્કાર વગેરે સત્તાસ્થાનકોનો કોઠો | ૧૩૬ |
| **C** | **સંવેધ** | **૧૩૭-૧૪૪** |
| ૧ | મૂળપ્રકૃતિઓમાં બંધનો બંધ સાથે સંવેધ | ૧૩૭ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં બંધનો ઉદય સાથે સંવેધ | ૧૩૭-૧૩૮ |
| ૩ | મૂળપ્રકૃતિઓમાં બંધનો સત્તા સાથે સંવેધ | ૧૩૮ |
| ૪ | મૂળપ્રકૃતિઓમાં ઉદયનો બંધ સાથે સંવેધ | ૧૩૮-૧૩૯ |
| ૫ | મૂળપ્રકૃતિઓમાં ઉદયનો ઉદય અને સત્તા સાથે સંવેધ | ૧૩૯ |
| ૬ | મૂળપ્રકૃતિઓમાં સત્તાનો બંધ સાથે સંવેધ | ૧૪૦ |
| ૭ | મૂળપ્રકૃતિઓમાં સત્તાનો ઉદય અને સત્તા સાથે સંવેધ | ૧૪૦-૧૪૧ |
| ૮ | મૂળપ્રકૃતિઓમાં બંધનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ | ૧૪૧ |
| ૯ | મૂળપ્રકૃતિઓમાં ઉદયનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ | ૧૪૨ |
| ૧૦ | મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ | ૧૪૨ |
| ૧૧ | મૂળપ્રકૃતિઓમાં સત્તાનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ | ૧૪૩ |
| ૧૨ | મૂળપ્રકૃતિઓમાં બંધસ્થાનકોનો બંધસ્થાનક-ઉદયસ્થાનક-ઉદીરણાસ્થાનક અને સત્તાસ્થાનક સાથે સંવેધ | ૧૪૩ |
| ૧૩ | મૂળપ્રકૃતિઓમાં ઉદયસ્થાનકોનો બંધસ્થાનક-ઉદયસ્થાનક-ઉદીરણાસ્થાનક અને સત્તાસ્થાનક સાથે સંવેધ | ૧૪૩ |
| ૧૪ | મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાસ્થાનકોનો બંધસ્થાનક-ઉદયસ્થાનક-ઉદીરણાસ્થાનક અને સત્તાસ્થાનક સાથે સંવેધ | ૧૪૪ |
| ૧૫ | મૂળપ્રકૃતિઓમાં સત્તાસ્થાનકોનો બંધસ્થાનક-ઉદયસ્થાનક-ઉદીરણાસ્થાનક અને સત્તાસ્થાનક સાથે સંવેધ | ૧૪૪ |
| **D** | **ક્ષપકશ્રેણિનું સ્વરૂપ** | **૧૪૫-૧૬૭** |
| ૧ | પૂર્વભૂમિકા, યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ | ૧૪૫ |
| ૨ | અનિવૃત્તિકરણ, ૮ કષાયો અને ૧૬ પ્રકૃતિઓનો ક્ષય | ૧૪૬ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩ | અંતરકરણ | ૧૪૬ |
| ૪ | નપુંસકવેદનો ક્ષય | ૧૪૬ |
| ૫ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૧ | ૧૪૭ |
| ૬ | સ્ત્રીવેદનો ક્ષય | ૧૪૮ |
| ૭ | હાસ્ય ૬નો ક્ષય | ૧૪૮ |
| ૮ | પુરુષવેદનો ક્ષય | ૧૪૯ |
| ૯ | અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા | ૧૪૯ |
| ૧૦ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૨ | ૧૫૦ |
| ૧૧ | કિટ્ટિવેદનાદ્ધા | ૧૫૧ |
| ૧૨ | સંજ્વલન ક્રોધનો ક્ષય | ૧૫૨ |
| ૧૩ | સંજ્વલન માનનો ક્ષય | ૧૫૩ |
| ૧૪ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૩ | ૧૫૪ |
| ૧૫ | સંજ્વલન માયાનો ક્ષય | ૧૫૫ |
| ૧૬ | ૧૦મુ ગુણઠાણુ, ૧૨મુ ગુણઠાણુ | ૧૫૬ |
| ૧૭ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૪ | ૧૫૭ |
| ૧૮ | ૧૩મુ ગુણઠાણુ | ૧૫૮ |
| ૧૯ | કેવળી સમુદ્ઘાત | ૧૫૮-૧૬૦ |
| ૨૦ | બાદરયોગનિરોધ | ૧૬૧ |
| ૨૧ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૫ | ૧૬૨ |
| ૨૨ | યોગના અપૂર્વસ્પર્ધકો-કિટ્ટિઓ | ૧૬૩ |
| ૨૩ | સૂક્ષ્મયોગનિરોધ | ૧૬૪ |
| ૨૪ | ક્ષપકશ્રેણિ ચિત્ર-૬ | ૧૬૫ |
| ૨૫ | ૧૪મુ ગુણઠાણુ | ૧૬૬ |
| ૨૬ | સિદ્ધિગમન | ૧૬૭ |
| E | **કર્મપ્રકૃતિ ઉદયાધિકારના મૂળગાથા અને શબ્દાર્થ** | **૧૬૮-૧૭૭** |
| F | **કર્મપ્રકૃતિ સત્તાધિકારના મૂળગાથા અને શબ્દાર્થ** | **૧૭૮-૧૯૪** |
| G | **સુભાષિતો** | **૧૯૫-૧૯૬** |

## કર્મપ્રકૃતિ

# ઉદયાધિકાર

## પદાર્થસંગ્રહ

**ઉદય :-** અબાધાકાળ પૂર્ણ થયે છતે કે અપવર્તના વગેરે કરણોથી ઉદયસમયમાં આવેલા બંધાયેલા કર્મદલિકોને ભોગવવા તે ઉદય છે.

ઉદયના ભેદ, સાદ્યાદિ પ્રરૂપણા, સ્વામિત્વ વગેરે ઉદીરણાની જેમ જાણી લેવા, કેમકે ઉદય અને ઉદીરણા પ્રાયઃ સાથે જ થાય છે.

ઉદયના ચાર પ્રકાર છે - પ્રકૃતિઉદય, સ્થિતિઉદય, રસઉદય, પ્રદેશઉદય.

### (૧) પ્રકૃતિઉદય

૪૧ પ્રકૃતિઓ સિવાયની પ્રકૃતિઓનો જ્યાં ઉદય હોય ત્યાં તેમની ઉદીરણા હોય છે અને જ્યાં તેમની ઉદીરણા હોય છે ત્યાં તેમનો ઉદય હોય છે. ૪૧ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણામાં ભેદ છે. તે આ પ્રમાણે છે -

(૧) **મિથ્યાત્વમોહનીય :-** પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પામતી વખતે ૧લા ગુણઠાણે પ્રથમસ્થિતિની ચરમાવલિકામાં મિથ્યાત્વમોહનીયનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર મિથ્યાત્વમોહનીયના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૨) **વેદ ૩ :-** ૯મા ગુણઠાણે તે તે વેદની પ્રથમસ્થિતિની

ચરમાવલિકામાં તે તે વેદનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર વેદ ૩ના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૩) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧૨મા ગુણઠાણાની ચરમાવલિકામાં આ ૧૪ પ્રકૃતિઓનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર આ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૪) **સંજ્વલન લોભ :-** ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકામાં સંજ્વલન લોભનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર સંજ્વલન લોભના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૫) **સમ્યક્ત્વમોહનીય :-** ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં દર્શન ૩ની ક્ષપણા કરનારને સમ્યક્ત્વમોહનીયની સ્થિતિની ચરમાવલિકામાં અને ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે દર્શન ૩ની ઉપશમના કરનારને સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિની ચરમાવલિકામાં સમ્યક્ત્વમોહનીયનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર સમ્યક્ત્વમોહનીયના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૬) **દેવાયુષ્ય, નરકાયુષ્ય-૨ :-** ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના દેવોને અને નારકોને સ્વભવની ચરમાવલિકામાં ક્રમશઃ દેવાયુષ્યનો અને નરકાયુષ્યનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર આ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૭) **તિર્યંચાયુષ્ય :-** ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના તિર્યંચોને સ્વભવની ચરમાવલિકામાં તિર્યંચાયુષ્યનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર તિર્યંચાયુષ્યના ઉદય-ઉદીરણા સાથે હોય.

(૮) **મનુષ્યાયુષ્ય :-** ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના મનુષ્યોને સ્વભવની ચરમાવલિકામાં અને ૭મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના મનુષ્યોને મનુષ્યાયુષ્યનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના મનુષ્યોને સ્વભવની ચરમાવલિકા સિવાય મનુષ્યાયુષ્યના ઉદય-ઉદીરણા સાથે હોય. **પંચસંગ્રહ ઉદયાધિકારની ગાથા ૧૦૦ ની બન્ને ટીકાઓમાં પાના નં. ૨૬૧** ઉપર કહ્યું છે કે, 'મનુષ્યાયુષ્યનો ૭મા વગેરે ગુણઠાણે રહેલા જીવોને દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય, અન્યત્ર ઉદય-ઉદીરણા સાથે હોય. આ દેશોનપૂર્વક્રોડવર્ષનો કાળ ૧૩મા ગુણઠાણાની અપેક્ષાએ જાણવો, કેમકે બાકીના બધા ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. મનુષ્યાયુષ્યની ઉદીરણા સંક્લિષ્ટ અધ્યવસાયથી થાય છે. ૭મા વગેરે ગુણઠાણે વિશુદ્ધ અધ્યવસાયો હોય છે. તેથી ૭મા વગેરે ગુણઠાણે મનુષ્યાયુષ્યની ઉદીરણા થતી નથી.'

(૯) **સાતા, અસાતા = ૨ :-** ૭મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવોને આ પ્રકૃતિઓનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધી આ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણા સાથે હોય. **પંચસંગ્રહના ઉદયાધિકારની ગાથા ૧૦૦ ની બન્ને ટીકાઓમાં પાના નં. ૨૬૧** ઉપર કહ્યું છે કે, 'સાતા-અસાતાનો ૭મા વગેરે ગુણઠાણે રહેલા જીવોને દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય, અન્યત્ર ઉદય-ઉદીરણા સાથે હોય. આ દેશોનપૂર્વક્રોડવર્ષનો કાળ ૧૩મા ગુણઠાણાની અપેક્ષાએ જાણવો, કેમકે બાકીના બધા ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત

છે. સાતા-અસાતાની ઉદીરણા સંક્લિષ્ટ અધ્યવસાયથી થાય છે. ૭મા વગેરે ગુણઠાણે વિશુદ્ધ અધ્યવસાયો હોય છે. તેથી ૭મા વગેરે ગુણઠાણે સાતા-અસાતાની ઉદીરણા થતી નથી.'

(૧૦) **નિદ્રા ૫** :- શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછીના સમયથી ઈન્દ્રિયપર્યાપ્તિના ચરમ સમય સુધી નિદ્રા ૫ નો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી સર્વત્ર નિદ્રા ૫ ના ઉદય-ઉદીરણા સાથે હોય. શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે નિદ્રા ૫ના ઉદય-ઉદીરણા ન હોય.□

(૧૧) **મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર, જિનનામકર્મ = ૧૦** :- ૧૪મા ગુણઠાણે આ પ્રકૃતિઓનો માત્ર ઉદય હોય, ઉદીરણા ન હોય. તે સિવાય સર્વત્ર આ પ્રકૃતિઓના ઉદય-ઉદીરણા સાથે હોય.

**સાદ્યાદિપ્રરૂપણા :-**

**મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયની સાદ્યાદિપ્રરૂપણા :-**

(૧) **મોહનીય** :- ૧૧મા ગુણઠાણાથી પડીને ૧૦મા ગુણઠાણે આવે તેને મોહનીયનો પ્રકૃતિઉદય સાદિ છે. ૧૧મું ગુણઠાણુ નહીં પામેલાને મોહનીયનો પ્રકૃતિઉદય અનાદિ છે. અભવ્યને મોહનીયનો પ્રકૃતિઉદય ધ્રુવ છે. ભવ્યને ૧૧મું ગુણઠાણુ પામે ત્યારે મોહનીયનો પ્રકૃતિઉદય અધ્રુવ છે.

(૨) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર, અંતરાય = ૭** :- ૧૩મું ગુણઠાણુ પામે ત્યારે જ્ઞાનાવરણ,

□. **પંચસંગ્રહ દ્વાર ૫ની ૧૦૦મી ગાથાની સ્વોપજ્ઞ ટીકામાં** કહ્યું છે કે, 'આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ અને ઈન્દ્રિયપર્યાપ્તિ સુધી નિદ્રા ૫નો ઉદય હોય છે, પછી ઉદય-ઉદીરણા સાથે હોય છે.

દર્શનાવરણ અને અંતરાયનો પ્રકૃતિઉદય અધ્રુવ છે. □ ૧૪મું ગુણઠાણુ પૂર્ણ થાય અને મોક્ષમાં જાય ત્યારે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રનો પ્રકૃતિઉદય અધ્રુવ છે. આ સાતે મૂળપ્રકૃતિઓનો પ્રકૃતિઉદય બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય ધ્રુવ છે.

### મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| મોહનીય | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય = ૭ | – | ✓ | ✓ | ✓ | ૨૧ |
| કુલ | ૧ | ૮ | ૮ | ૮ | ૨૫ |

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયની સાદ્યાદિપ્રરૂપણા :-

(૧) **મિથ્યાત્વમોહનીય :-** ઉપરના ગુણઠાણેથી પડીને ૧લા ગુણઠાણે આવેલાને મિથ્યાત્વમોહનીયનો પ્રકૃતિઉદય સાદિ છે. ઉપરના ગુણઠાણે નહીં ગયેલા અનાદિ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમોહનીયનો પ્રકૃતિઉદય અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયનો પ્રકૃતિઉદય ધ્રુવ છે. ભવ્યને ઉપરના ગુણઠાણા પામે ત્યારે મિથ્યાત્વમોહનીયનો પ્રકૃતિઉદય અધ્રુવ છે.

(૨) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય બધા જીવોને અનાદિ છે. ભવ્યને

---

□. **પંચસંગ્રહ ઉદયાધિકારની ગાથા ૧૦૧ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૨૬૨** ઉપર કહ્યું છે કે, 'વેદનીય, નામ, ગોત્રનો ઉદય ૧૩મા ગુણઠાણાના ચરમસમય સુધી હોય છે.' તે અશુદ્ધ લાગે છે.

૧૩મું ગુણઠાણું પામે ત્યારે આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય અધ્રુવ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય ધ્રુવ છે.

(૩) **તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૩૩ :-** આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય બધા જીવોને અનાદિ છે. ભવ્યને ૧૪મું ગુણઠાણું પામે ત્યારે આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય અધ્રુવ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો પ્રકૃતિઉદય ધ્રુવ છે.

(૪) **શેષ ૧૧૦ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેમનો પ્રકૃતિઉદય સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદયના સાદ્યાદિ ભાંગા :-

| ઉત્તરપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| મિથ્યાત્વમોહનીય | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| શેષ ધ્રુવોદયી ૪૭ પ્રકૃતિઓ | – | ✓ | ✓ | ✓ | ૧૪૧ |
| અધ્રુવોદયી ૧૧૦ | ✓ | – | – | ✓ | ૨૨૦ |
| કુલ | ૧૧૧ | ૪૮ | ૪૮ | ૧૫૮ | ૩૬૫ |

શેષ બધુ પ્રકૃતિઉદીરણાની જેમ જાણવું.

- **पंकभूयाउ इत्थिओ ।** - ઉત્તરાધ્યયનસૂત્ર ૨/૧૯
  સ્ત્રીઓ કાદવ સમાન છે.
- જે ચારિત્રમાં સુપ્રતિષ્ઠિત છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે. પણ જે ચારિત્રધર્મથી ભ્રષ્ટ છે, તેમનાથી મનુષ્યો પણ વિમુખ બની જાય છે.
- મુનિનો ગૃહસ્થપરિચય જેમ જેમ વધે, તેમ તેમ તેના સંયમપર્યાયોની હાનિ થાય.

## (૨) સ્થિતિઉદય

સ્થિતિઉદય બે પ્રકારે છે - સ્થિતિક્ષયઉદય અને પ્રયોગઉદય.

(i) **સ્થિતિક્ષયઉદય :-** અબાધાકાળ પૂર્ણ થયા બાદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ રૂપ ઉદયહેતુઓને પામીને સ્વાભાવિક રીતે જે ઉદય થાય છે તે સ્થિતિક્ષયઉદય છે.

(ii) **પ્રયોગઉદય :-** સ્થિતિક્ષયઉદય પ્રવર્તતે છતે ઉદીરણાપ્રયોગ વડે દલિકોને ખેંચીને તેમને અનુભવવા તે પ્રયોગઉદય છે.

**ઉત્કૃષ્ટ સ્થિતિઉદય** = ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા+૧ સમય (ઉદયસ્થિતિ)

(૧) **ઉદયબંધોત્કૃષ્ટ ૮૬ પ્રકૃતિઓનો□ ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ઉત્કૃષ્ટ સ્થિતિ − ૨ આવલિકા + ૧ સમય

= ઉત્કૃષ્ટ સ્થિતિ − સમયન્યૂન ૨ આવલિકા.

**ઉદયબંધોત્કૃષ્ટ ૮૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય :-**




ઉત્કૃષ્ટ સ્થિતિઉદય = ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા + ઉદયસમય

(૨) **ઉદયસંક્રમોત્કૃષ્ટ ૨૯ પ્રકૃતિઓ△ (સમ્યક્ત્વમોહનીય વિના)નો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

---

□. ઉદયબંધોત્કૃષ્ટ ૮૬ પ્રકૃતિઓ = જ્ઞાનાવરણ ૫, નિદ્રા ૫ વિના દર્શનાવરણ ૪, અસાતા, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૭, તૈજસ ૭, હુંડકસંસ્થાન, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, કુખગતિ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, નિર્માણ, ઉચ્છ્વાસ, ઉદ્યોત, ત્રસ ૪, અસ્થિર ૬, નીચગોત્ર, અંતરાય ૫.

△ સમ્યક્ત્વમોહનીય સિવાયની ઉદયસંક્રમોત્કૃષ્ટ ૨૯ પ્રકૃતિઓ = સાતા, નોકષાય ૯, મનુષ્યગતિ, પહેલા ૫ સંસ્થાન, પહેલા ૫ સંઘયણ, કુખગતિ, સ્થિર ૬, ઉચ્ચગોત્ર.

= સજાતીય બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – 3 આવલિકા + ૧ સમય

= સજાતીય બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – સમયન્યૂન 3 આવલિકા

**(3) અનુદયસંક્રમોત્કૃષ્ટ ૯ પ્રકૃતિઓ□ (મિશ્રમોહનીય, આહારક ૭, જિનનામકર્મ વિના)નો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= સજાતીય બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)+ ૧ સમય

= સજાતીય બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + સમયન્યૂન ૧ આવલિકા)

**(૪) અનુદયબંધોત્કૃષ્ટ ૧૯ પ્રકૃતિઓ$^{\Delta}$ (આતપ વિના)નો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)+ ૧ સમય

= ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + સમયન્યૂન ૧ આવલિકા)

**(૫) સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

=૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૨ આવલિકા)+૧ સમય

=૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+સમયન્યૂન ૨ આવલિકા)

**(૬) મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ૭૦ કોડાકોડી સાગરોપમ – (૨ અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) + ૧ સમય

---

□. મિશ્રમોહનીય, આહારક ૭, જિનનામકર્મ સિવાયની અનુદયસંક્રમોત્કૃષ્ટ ૯ પ્રકૃતિઓ = દેવ ૨, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, મનુષ્યાનુપૂર્વી, સૂક્ષ્મ 3.

Δ આતપ સિવાયની અનુદયબંધોત્કૃષ્ટ ૧૯ પ્રકૃતિઓ = નિદ્રા ૫, નરક ૨, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, સેવાર્તસંઘયણ, સ્થાવર

= ૭૦ કોડાકોડી સાગરોપમ – (૨ અંતર્મુહૂર્ત + સમયન્યૂન ૧ આવલિકા)

**(૭) આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= અંતઃકોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) + ૧ સમય

= અંતઃકોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + સમયન્યૂન ૧ આવલિકા)

**(૮) જિનનામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

$= \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ – ૧ આવલિકા + ૧ સમય

$= \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ – સમયન્યૂન ૧ આવલિકા

**(૯) આતપનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ૨૦ કોડાકોડી સાગરોપમ – (૨ અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) + ૧ સમય

= ૨૦ કોડાકોડી સાગરોપમ – (૨ અંતર્મુહૂર્ત+સમયન્યૂન ૧ આવલિકા)

**(૧૦)નરકાયુષ્ય, દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ૩૩ સાગરોપમ – ૧ આવલિકા + ૧ સમય

= ૩૩ સાગરોપમ – સમયન્યૂન ૧ આવલિકા

**(૧૧)મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિઉદય**

= ૩ પલ્યોપમ – ૧ આવલિકા + ૧ સમય

= ૩ પલ્યોપમ – સમયન્યૂન ૧ આવલિકા

જઘન્ય સ્થિતિઉદય :-

(૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા, અસાતા, મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, આયુષ્ય ૪, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, જિનનામકર્મ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૩૬ :-** આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિઉદય ૧ સમયનો છે. જો કે નિદ્રા ૫ નો શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઈન્દ્રિયપર્યાપ્તિના ચરમ સમય સુધી ૧-૧ સમયનો ઉદય હોય છે, પણ અપવર્તનાકરણથી આવતુ દલિક ઉદયસમયમાં પણ પડતું હોવાથી નિદ્રા ૫ નો ૧ સમયનો જઘન્ય સ્થિતિઉદય મળતો નથી.

(૨) **શેષ ૧૨૨ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિઉદય જઘન્ય સ્થિતિઉદીરણા કરતા ૧ સમય અધિક છે.

શેષ બધુ સ્થિતિઉદીરણાની જેમ જાણવું.

- **जे च कंते पिए भोए, लद्धे विप्पिट्ठी कुव्वइ ।**
  **साहीणे चयई भोए, से हु चाइत्ति वुच्चइ ॥**
  
  \- દશવૈકાલિકસૂત્ર ૨/૩
  
  જે મનોહર અને પ્રિય ભોગો મળવા છતા તેમને પીઠ કરે છે અને સ્વાધીન ભોગોને છોડે છે તે ખરેખર ત્યાગી કહેવાય છે.

- **व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शनमेव हि ।**
  **पारं तु प्रापयत्येकोऽनुभवतो भववारिधेः ॥**
  
  બધા શાસ્ત્રોનો ઉદ્યમ દિશા જ બતાવે છે. એક અનુભવ જ સંસારસાગરથી પાર ઉતારે છે.

## (૩) રસઉદય

રસઉદય રસઉદીરણાની જેમ જાણવો. જઘન્ય રસઉદયના સ્વામિત્વમાં જઘન્ય રસઉદીરણાના સ્વામિત્વ કરતા થોડો ફેરફાર છે. તે આ પ્રમાણે છે -

(૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** આ પ્રકૃતિઓનો જઘન્ય રસઉદય ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે.

(૨) **સંજ્વલન લોભ :-** સંજ્વલન લોભનો જઘન્ય રસઉદય ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે.

(૩) **વેદ ૩ :-** તે તે વેદની પ્રથમસ્થિતિના ચરમ સમયે તે તે વેદનો જઘન્ય રસઉદય થાય છે.

(૪) **સમ્યક્ત્વમોહનીય :-** દર્શન ૩ નો ક્ષય કરનારને સમ્યક્ત્વમોહનીયની સ્થિતિના ચરમ સમયે સમ્યક્ત્વ-મોહનીયનો જઘન્ય રસઉદય થાય છે.

શેષ પ્રકૃતિઓના જઘન્ય રસઉદયના સ્વામી તેમના જઘન્ય રસઉદીરણાના સ્વામીની જેમ જાણવા.

શેષ બધુ રસઉદીરણાની જેમ જાણવું.

- **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

  \- બ્રહ્મબિન્દૂપનિષદ્ ૨

  મન જ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે.
- જે ધનોપાર્જનમાં અત્યંત વ્યગ્ર છે, તે કોઈની સાથે ક્યાંય વાતો કરતો નથી. તો જે સંયમધનનું ઉપાર્જન કરવામાં વ્યગ્ર છે તે કોઈની સાથે શી રીતે વાતો કરે ?

## (૪) પ્રદેશઉદય

અહીં બે દ્વાર છે તે આ પ્રમાણે -

(૧) **સાદ્યાદિપ્રરૂપણા :-**

**મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદયની સાદ્યાદિપ્રરૂપણા :-**

(i) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, નામ, ગોત્ર, અંતરાય = ૬ :-** કોઈક ક્ષપિતકર્માંશ જીવ દેવ થઈ સંક્લેશમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી ઉત્કૃષ્ટ પ્રદેશોની ઉદ્વર્તના કરે છે. ત્યાર પછી બંધ પૂર્ણ કરીને તે એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. તેને પહેલા સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. બીજા વગેરે સમયોમાં વધુ યોગ હોવાથી ઘણા દલિકોની ઉદીરણા થાય છે. તેથી ત્યારે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય મળતો નથી. આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય ૧ સમય થતો હોવાથી તે સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અજઘન્ય પ્રદેશઉદય છે. આ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશઉદયથી પડી જીવ તેમનો અજઘન્ય પ્રદેશઉદય કરે ત્યારે તે અજઘન્ય પ્રદેશઉદય સાદિ છે. જેણે પૂર્વે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કર્યો નથી તેને આ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેમનો અજઘન્ય પ્રદેશઉદય અધ્રુવ છે.

ગુણિતકર્માંશ ગુણશ્રેણિના શીર્ષ ઉપર વર્તમાન જીવને તે તે પ્રકૃતિઓના ચરમ ઉદયે તે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને

અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદય છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેમનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અધ્રુવ છે.

**(ii)** **મોહનીય :-** ક્ષપિતકર્માંશ જીવને અંતરકરણ કર્યા પછી અંતરકરણના અંતે ગોપુચ્છાકારે રહેલા આવલિકા પ્રમાણ દલિકના ચરમ સમયે મોહનીયનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. મોહનીયનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અજઘન્ય પ્રદેશઉદય છે. મોહનીયના જઘન્ય પ્રદેશઉદયથી પડીને તેનો અજઘન્ય પ્રદેશઉદય કરે ત્યારે અથવા ઉપશમશ્રેણિથી પડે ત્યારે મોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય સાદિ છે. જેણે પૂર્વે મોહનીયનો જઘન્ય પ્રદેશઉદય કર્યો નથી તેને મોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને મોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને મોહનીયનો જઘન્ય પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેનો અજઘન્ય પ્રદેશઉદય અધ્રુવ છે.

ગુણિતકર્માંશ જીવને ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. મોહનીયનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદય છે. ૧૧મા ગુણઠાણેથી પડેલાને મોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય સાદિ છે. પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને મોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને મોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ધ્રુવ

છે. ભવ્યને મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અધ્રુવ છે.

**(iii) આયુષ્ય** :- આયુષ્યના જઘન્ય પ્રદેશઉદય, અજઘન્ય પ્રદેશઉદય, ઉત્કૃષ્ટ પ્રદેશઉદય અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય નિયતકાળ માટે થતા હોવાથી તે સાદિ અને અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદયના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | પ્રદેશઉદયના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય પ્રદેશઉદય | અજઘન્ય પ્રદેશઉદય | ઉત્કૃષ્ટ પ્રદેશઉદય | અનુત્કૃષ્ટ પ્રદેશઉદય | કુલ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, નામ, ગોત્ર, અંતરાય = ૬ | ૨ | ૪ | ૨ | ૩ | ૬૬ |
| મોહનીય | ૨ | ૪ | ૨ | ૪ | ૧૨ |
| આયુષ્ય | ૨ | ૨ | ૨ | ૨ | ૮ |
| કુલ | ૧૬ | ૩૦ | ૧૬ | ૨૪ | ૮૬ |

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદયની સાદ્યાદિપ્રરૂપણા :-

(૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨, અંતરાય ૫ = ૪૭** :- ક્ષપિતકર્માંશ દેવ ઉત્કૃષ્ટ સંક્લેશમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી ઉત્કૃષ્ટ પ્રદેશોની ઉદ્વર્તના કરે છે. પછી બંધના અંતે કાળ કરી એકેન્દ્રિયમાં આવે છે. તેને પ્રથમ સમયે આ ૪૭ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશોદય હોય છે. ક્ષપિતકર્માંશ દેવ અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકાના ચરમ સમયે તેમનો જઘન્ય પ્રદેશઉદય કરે છે. આ ૪૭ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશોદય ૧ સમય

થતો હોવાથી તે સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અજઘન્ય પ્રદેશઉદય છે. આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કરી પડીને તેમનો અજઘન્ય પ્રદેશઉદય કરે ત્યારે તે અજઘન્ય પ્રદેશઉદય સાદિ છે. જેણે પૂર્વે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કર્યો નથી તેને આ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેમનો અજઘન્ય પ્રદેશઉદય અધ્રુવ છે.

ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલા ગુણિતકર્માંશ જીવને તે તે પ્રકૃતિઓના ઉદયના ચરમ સમયે તેમનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદય છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય ત્યારે તેમનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અધ્રુવ છે.

(૨) **મિથ્યાત્વમોહનીય :-** ક્ષપિતકર્માંશ જીવ ઔપશમિક સમ્યક્ત્વથી પડીને ૧લા ગુણઠાણે આવીને અંતરકરણને અંતે ગોપુચ્છાકારે રચેલ ૧ આવલિકા પ્રમાણ દલિકોના ચરમ સમયે મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશઉદય કરે છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. મિથ્યાત્વમોહનીયનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અજઘન્ય પ્રદેશઉદય છે. મિથ્યાત્વમોહનીયના જઘન્ય પ્રદેશઉદયથી પડીને તેનો અજઘન્ય પ્રદેશઉદય કરે ત્યારે તે અજઘન્ય પ્રદેશઉદય સાદિ છે. જેણે

પૂર્વે મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશઉદય કર્યો નથી તેને તેનો અજઘન્ય પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશઉદય થાય ત્યારે અથવા ઉદયવિચ્છેદ થાય ત્યારે તેનો અજઘન્ય પ્રદેશઉદય અધ્રુવ છે.

દેશવિરતિની ગુણશ્રેણિમાં વર્તમાન કોઈ ગુણિતકર્માંશ જીવ સર્વવિરતિ પામે. તેથી તે સર્વવિરતિ નિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે ૧લા ગુણઠાણે જાય. ત્યાં બન્ને ગુણશ્રેણિના શીર્ષ પર હોય ત્યારે તેને મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. મિથ્યાત્વમોહનીયનો તે સિવાયનો બધો પ્રદેશઉદય તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદય છે. મિથ્યાત્વમોહનીયના ઉત્કૃષ્ટ પ્રદેશઉદયથી પડીને અથવા ઔપશમિક સમ્યક્ત્વ કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વમોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય કરે ત્યારે તે સાદિ છે. જેણે મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કર્યો નથી એવા અનાદિ મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વમોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ધ્રુવ છે. ભવ્યને મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય ત્યારે અથવા સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વમોહનીયનો અનુત્કૃષ્ટ પ્રદેશઉદય અધ્રુવ છે.

(૩) **અધ્રુવોદયી ૧૧૦ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેમનો જઘન્ય પ્રદેશઉદય, અજઘન્ય પ્રદેશઉદય, ઉત્કૃષ્ટ પ્રદેશઉદય અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદયના સાદ્યાદિ ભાંગા :-

| ઉત્તરપ્રકૃતિ | પ્રદેશઉદયના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય પ્રદેશઉદય | અજઘન્ય પ્રદેશઉદય | ઉત્કૃષ્ટ પ્રદેશઉદય | અનુત્કૃષ્ટ પ્રદેશઉદય | કુલ |
| મિથ્યાત્વમોહનીય | ૨ | ૪ | ૨ | ૪ | ૧૨ |
| શેષ ધ્રુવોદયી ૪૭ પ્રકૃતિઓ | ૨ | ૪ | ૨ | ૩ | ૫૧૭ |
| અધ્રુવોદયી ૧૧૦ પ્રકૃતિઓ | ૨ | ૨ | ૨ | ૨ | ૮૮૦ |
| કુલ | ૩૧૬ | ૪૧૨ | ૩૧૬ | ૩૬૫ | ૧,૪૦૯ |

## (૨) સ્વામિત્વ :-

**ઉત્કૃષ્ટ પ્રદેશઉદયના સ્વામી :-** ઉત્કૃષ્ટ પ્રદેશઉદયના સ્વામી જાણવા માટે પહેલા ગુણશ્રેણિની પ્રરૂપણા કરાય છે.

| ક્રમ | ગુણશ્રેણિ | દલિકો | કાળ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ નિમિત્તક ગુણશ્રેણિ | અલ્પ | સૌથી વધુ |
| ૨ | દેશવિરતિ નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૩ | સર્વવિરતિ નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૪ | અનંતાનુબંધી ૪ની વિસંયોજના નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૫ | દર્શન ૩ની ક્ષપણા નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૬ | ચારિત્રમોહનીયઉપશમક નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૭ | ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણા નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૮ | ચારિત્રમોહનીયક્ષપક નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૯ | ક્ષીણમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણા નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૧૦ | સયોગીકેવલી ગુણઠાણા નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |
| ૧૧ | અયોગીકેવલી ગુણઠાણા નિમિત્તક ગુણશ્રેણિ | અસંખ્યગુણ | સંખ્યાતમો ભાગ |

સર્વવિરતિથી શીઘ્ર પડી મિથ્યાત્વ પામી અશુભમરણ વડે પરભવમાં જાય ત્યાં કેટલોક કાળ ઉદયને આશ્રયીને પહેલી ત્રણ ગુણશ્રેણિઓ હોય છે. શેષ ગુણશ્રેણિઓ નરક વગેરે પરભવમાં મળતી નથી. તે ગુણશ્રેણિઓ ક્ષીણ થયા પછી જ મરણ થાય છે. ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલો ગુણિતકર્માંશ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશઉદયનો સ્વામી છે.

(૧) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨ :-** ગુણિતકર્માંશ, ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલ, અવધિલબ્ધિરહિત, શીઘ્ર□ ક્ષપક જીવને ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. અવધિજ્ઞાન-અવધિદર્શન ઉત્પન્ન કરતા અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણના ઘણા દલિકોની નિર્જરા થાય છે. તેથી અવધિજ્ઞાની અને અવધિદર્શનીને અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય ન થાય.

(૨) **શેષ જ્ઞાનાવરણ ૪, શેષ દર્શનાવરણ ૩, અંતરાય ૫ = ૧૨ :-** ગુણિતકર્માંશ, ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલ, શીઘ્ર ક્ષપક જીવને ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૩) **સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન ૪, વેદ ૩ = ૮ :-** ગુણિતકર્માંશ શીઘ્ર ક્ષપક જીવને તે તે પ્રકૃતિના ઉદયના ચરમ સમયે તે તે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

---

□. ૮ વર્ષ અને ૭ મહિનાની ઉંમરે ચારિત્ર લઈ અંતર્મુહૂર્ત પછી ક્ષપકશ્રેણિ માંડે તે શીઘ્ર ક્ષપક. ઘણા કાળ પછી ચારિત્ર લે અને લઈને ઘણા કાળ પછી ક્ષપકશ્રેણિ માંડે તે ચિરક્ષપક.

(૪) **ઔદારિક ૭, તૈજસ ૭, સંસ્થાન ૬, ૧લુ સંઘયણ, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, અગુરુલઘુ, નિર્માણ, પ્રત્યેક, સ્થિર ૨, અસ્થિર ૨ = ૫૨ :-** ગુણિતકર્માંશ જીવને ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૫) **સ્વર ૨ :-** ગુણિતકર્માંશ જીવને ૧૩મા ગુણઠાણે વચનયોગનિરોધના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૬) **ઉચ્છ્વાસ :-** ગુણિતકર્માંશ જીવને ૧૩મા ગુણઠાણે ઉચ્છ્વાસનિરોધના ચરમ સમયે ઉચ્છ્વાસનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૭) **સાતા, અસાતા, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, જિન, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર = ૧૨ :-** ગુણિતકર્માંશ જીવને ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

આ ૧૨ પ્રકૃતિઓ **પંચસંગ્રહ ઉદયાધિકાર ગાથા ૧૧૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં.** ૨૬૯ ઉપર કહ્યા મુજબ કહી છે. **પંચસંગ્રહ ઉદયાધિકાર ગાથા ૧૧૧ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.** ૨૭૦ ઉપર અને **કર્મપ્રકૃતિ ઉદયાધિકાર** ગાથા **૧૧ની ચૂર્ણિ અને બન્ને ટીકાઓમાં પાના નં. ૧૨, ૧૩ ઉપર** ૧૨ પ્રકૃતિઓ આ પ્રમાણે કહી છે - સાતા/અસાતા, મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, જિન, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર. **કર્મપ્રકૃતિ ઉદયાધિકાર** ગાથા **૧૧ અને તેની ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજકૃત ટીપ્પણ ૧૧માં પાના નં.** ૪૭૧ ઉપર આ અંગેનો

ખુલાસો આ રીતે કર્યો છે - 'આ પ્રકૃતિઓમાં મનુષ્યાયુષ્યનો સંગ્રહ દેખાય છે તે અશુદ્ધ પાઠ છે, કેમકે મનુષ્યાયુષ્યના ઉત્કૃષ્ટ પ્રદેશઉદયના સ્વામી ગ્રંથકાર પોતે જ આગળ ગાથા ૧૬ માં કહેવાના છે.'

(૮) **નિદ્રા ૨ :-** ૧૧મા ગુણઠાણાની પ્રથમ સમયની ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલા ગુણિતકર્માંશ ૧૧મા ગુણઠાણાવાળા જીવને નિદ્રા ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. ૧૧મા ગુણઠાણાની પ્રથમ સમયની ગુણશ્રેણિના શીર્ષે સ્વાભાવિક સ્થિતિનિષેક થોડો જ પાતળો હોવાથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશઉદય મળે છે. ૧૧મા ગુણઠાણાની બીજા વગેરે સમયોની ગુણશ્રેણિના શીર્ષે સ્વાભાવિક સ્થિતિનિષેક વધુ પાતળો હોવાથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશઉદય ન મળે.

(૯) **દેવ ૨, વૈક્રિય ૭ = ૯ :-** ૧૧મા ગુણઠાણાની પ્રથમ સમયની ગુણશ્રેણિના શીર્ષની પૂર્વેના સમયે કાળ કરી દેવ થયેલ જીવ પછીના સમયે ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલો હોય ત્યારે તેને આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૧૦) **મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪, મિશ્રમોહનીય, થિણદ્ધિ ૩ = ૯ :-** કોઈ જીવ દેશવિરતિ પામીને દેશવિરતિનિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે સંયમ પામી સર્વવિરતિનિમિત્તક ગુણશ્રેણિ કરે. તે બન્ને ગુણશ્રેણિઓના શીર્ષ ભેગા થાય ત્યારે તે શીર્ષ ઉપર રહેલ ગુણિતકર્માંશ જીવ ૧લુ ગુણઠાણુ પામીને મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ૪નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે, ૩જુ ગુણઠાણુ પામીને મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે અને ૧લુ ગુણઠાણુ પામીને કે ૬ઠ્ઠા ગુણઠાણે રહીને થિણદ્ધિ ૩નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે.

(૧૧) **જાતિ ૪, સ્થાવર ૪ = ૮ :-** દેશવિરતિનિમિત્તકગુણશ્રેણિ અને સર્વવિરતિનિમિત્તકગુણશ્રેણિના ભેગા થયેલા શીર્ષ ઉપર રહેલ ગુણિતકર્માંશ મિથ્યાદષ્ટિ જીવને તે તે પ્રકૃતિઓના ઉદયે તે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૧૨) **અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, હાસ્ય ૬ = ૧૪ :-** કોઈ જીવ ઉપશમશ્રેણિ માંડે. તે અંતરકરણ કરવાના સમયની પૂર્વેના સમયે કાળ કરીને દેવ થાય. ત્યાં અંતર્મુહૂર્ત પછી તે ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલો હોય ત્યારે તેને આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે.

(૧૩) **દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ :-** ઉત્કૃષ્ટ બંધકાળમાં ઉત્કૃષ્ટ યોગમાં આ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધીને પ્રથમસ્થિતિમાં ઉત્કૃષ્ટ દલિકનિક્ષેપ કરી મરીને દેવ કે નરક થાય ત્યારે તે ભવના પ્રથમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય છે.

(૧૪) **તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૨ :-** કોઈ જીવ ઉત્કૃષ્ટ બંધકાળમાં ઉત્કૃષ્ટ યોગમાં આ પ્રકૃતિઓની ૩ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને શીઘ્ર મરીને તિર્યંચમાં કે મનુષ્યમાં ઉત્પન્ન થાય. ત્યાં અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય રાખી તે શેષ આયુષ્યની અપવર્તના કરે. ત્યાર પછીના સમયે તેને આ બે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય છે.

(૧૫) **દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર = ૪ :-** કોઈ અવિરત સમ્યગ્દષ્ટિ જીવ દર્શન ૩નો ક્ષય કરે. ત્યારે દર્શન ૩ ક્ષપણા નિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે દેશવિરતિ પામે ત્યારે દેશવિરતિ નિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે સર્વવિરતિ પામે ત્યારે સર્વવિરતિ નિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે સંક્લિષ્ટ

થઈ ફરી અવિરત થાય. તે જ ભવમાં કે મરીને નરક, તિર્યંચ, મનુષ્યના ભવમાં જાય ત્યારે ત્રણે ગુણશ્રેણિઓના શીર્ષ ઉપર રહેલા તેને આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય થાય છે.

(૧૬) **નરક ૨, તિર્યંચ ૨, મનુષ્યાનુપૂર્વી = ૫ :-** ઉપર કહેલ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે ત્યારે નરક ૨ નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે, તિર્યંચમાં ઉત્પન્ન થાય છે ત્યારે તિર્યંચ ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે, મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ત્યારે મનુષ્યાનુપૂર્વીનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે.

(૧૭) **પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ :-** કોઈ મનુષ્ય દેશવિરતિ પામી દેશવિરતિનિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે વિશુદ્ધિથી સર્વવિરતિ પામી સર્વવિરતિનિમિત્તક ગુણશ્રેણિ કરે. પછી તે વિશુદ્ધિથી અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે ત્યારે અનંતાનુબંધી ૪ની વિસંયોજના નિમિત્તક ગુણશ્રેણિ કરે. તે ત્રણે ગુણશ્રેણિઓના શીર્ષ ભેગા થાય ત્યારે તે શીર્ષ ઉપર રહેલ તે જીવ આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે.

(૧૮) **આહારક ૭, ઉદ્યોત = ૮ :-** સર્વવિરતિની પ્રથમ સમયની ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલા ૭મા ગુણઠાણાવાળા આહારકશરીરી જીવો આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે.

(૧૯) **આતપ :-** ગુણિતકર્માંશ પંચેન્દ્રિય સમ્યક્ત્વ પામી તેની ગુણશ્રેણી કરે. પછી તે સમ્યક્ત્વથી પડી ૧લા ગુણઠાણે જઈ બેઈન્દ્રિયમાં જાય. ત્યાં તે બેઈન્દ્રિય યોગ્ય સ્થિતિ રાખી શેષ સર્વસ્થિતિની અપવર્તના કરે. ત્યાંથી મરીને તે ખર બાદર

પૃથ્વીકાય થાય. ત્યાં તે એકેન્દ્રિયની સમાન સ્થિતિ કરે. તે શીઘ્ર પર્યાપ્ત થઈ આતપનો ઉદય કરે તેના પ્રથમ સમયે આતપનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય કરે છે. એકેન્દ્રિય જીવ બેઈન્દ્રિયની સ્થિતિને શીઘ્ર સ્વયોગ્ય કરે છે, તેઈન્દ્રિયની સ્થિતિને નહીં. માટે અહીં બેઈન્દ્રિયમાંથી આવેલ એકેન્દ્રિય લીધો.

**જઘન્ય પ્રદેશઉદયના સ્વામી :-** ક્ષપિતકર્માંશ જીવ જઘન્ય પ્રદેશઉદય કરે છે.

(૧) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ, સાતા, અસાતા, અંતરાય ૫, શોક, અરતિ, ઉચ્ચગોત્ર = ૧૨ :-** ક્ષપિતકર્માંશ જીવ છેલ્લા ભવમાં સંયમ પામે. પછી તેને અવધિજ્ઞાન-અવધિદર્શન ઉત્પન્ન થાય. અવધિજ્ઞાન-અવધિદર્શનની સાથે જ તે દેવ થાય. ત્યાં અંતર્મુહૂર્ત પછી તે ૧લા ગુણઠાણે આવે. ત્યાં તે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી ઘણા દલિકોની ઉદ્વર્તના કરે. ત્યાં બંધાવલિકા વીત્યા પછીના સમયે તે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કરે છે. **પંચસંગ્રહ ઉદયાધિકારની ગાથા ૧૨૧ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૨૭૩ ઉપર** બંધાવલિકાના અંતે (ચરમ સમયે) આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કહ્યો છે.

(૨) **શેષ જ્ઞાનાવરણ ૪, શેષ દર્શનાવરણ ૩, નપુંસકવેદ, તિર્યંચગતિ, સ્થાવર, નીચગોત્ર = ૧૧ :-** ક્ષપિતકર્માંશ જઘન્ય આયુષ્યવાળો દેવ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી જીવનભર પાળે. તે છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વ પામી અતિસંક્લિષ્ટ પરિણામમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત સુધી ઘણા દલિકોની ઉદ્વર્તના કરે. પછી તે એકેન્દ્રિય થાય ત્યારે પહેલા

સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય કરે છે. મોટા ભાગના દલિકોની ઉદ્વર્તના થઈ ગઈ હોવાથી પહેલા સમયે જઘન્ય પ્રદેશઉદય થાય છે. ઉત્કૃષ્ટ સંક્લેશવાળો જીવ ઘણી રસઉદીરણા કરે છે. તેથી પ્રદેશઉદીરણા અલ્પ થાય છે. તેથી જઘન્ય પ્રદેશઉદય થાય છે.

(૩) **નિદ્રા ૨ :-** નિદ્રા ૨ ના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી અવધિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા, પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અતિસંક્લેશમાં થાય છે અને અતિસંક્લેશમાં નિદ્રા ૨નો ઉદય ન થાય. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પડીને નિદ્રા ૨ ના ઉદયે નિદ્રા ૨ નો જઘન્ય પ્રદેશઉદય થાય છે.

(૪) **થિણદ્ધિ ૩ :-** થિણદ્ધિ ૩ ના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી મતિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા, પણ ઈન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્ત એકેન્દ્રિયને પ્રથમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. ત્યાર પછી આ પ્રકૃતિઓની ઉદીરણા થતી હોવાથી તેમનો જઘન્ય પ્રદેશઉદય ન થાય. ઈન્દ્રિયપર્યાપ્તિની પૂર્વે સ્થૂલ સ્થિતિનો ઉદય થતો હોવાથી આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય ન થાય.

(૫) **દર્શનમોહનીય ૩ :-** ક્ષપિતકર્માંશ જીવ ઔપશમિક સમ્યક્ત્વથી પડીને અંતરકરણની છેલ્લી આવલિકામાં તે તે દર્શનમોહનીયનો ઉદય કરે ત્યારે તે આવલિકાના ગોપુચ્છાકારે ગોઠવેલા દલિકના ચરમ સમયે તે તે દર્શનમોહનીયનો જઘન્ય પ્રદેશઉદય કરે છે.

(૬) **અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ૪, પુરુષવેદ, હાસ્ય ૪ = ૧૭ :-** ઉપશમશ્રેણિમાં અંતરકરણ કરીને આયુષ્ય પૂર્ણ થવાથી દેવલોકમાં ગયેલ જીવ પ્રથમ સમયે જ બીજીસ્થિતિમાંથી દલિકો ખેંચીને ૧ આવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે છે. તે આવલિકાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય થાય છે.

(૭) **અનંતાનુબંધી ૪ :-** કોઈ જીવ ચાર વાર ઉપશમશ્રેણિ માંડીને મિથ્યાત્વ પામે. ત્યાં તે અનંતાનુબંધી ૪ બાંધે. પછી તે સમ્યક્ત્વ પામી ૧૩૨ સાગરોપમ સુધી તેને પાળે. સમ્યક્ત્વના પ્રભાવથી તે અનંતાનુબંધીના ઘણા દલિકોને પ્રદેશસંક્રમથી ખાલી કરે. પછી તે મિથ્યાત્વ પામે. ત્યાં તે બંધાવલિકાના ચરમ સમયે પૂર્વબદ્ધ અનંતાનુબંધી ૪નો જઘન્ય પ્રદેશઉદય કરે છે. ત્યારપછીના સમયે નૂતનબદ્ધ દલિકોનો ઉદીરણા વડે ઉદય થાય. તેથી જઘન્ય પ્રદેશઉદય ન મળે. ચાર વાર ઉપશમશ્રેણિ માંડવાથી મોહનીયની અન્ય પ્રકૃતિઓનો ઘણો ગુણસંક્રમ કરે. તેથી અનંતાનુબંધી ૪ ના બંધ વખતે અન્ય પ્રકૃતિઓનું થોડું જ દલિક સંક્રમે.

(૮) **સ્ત્રીવેદ :-** ક્ષપિતકર્માંશ સ્ત્રી દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી સંયમ પાળી છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વ પામી દેવી થાય. ત્યાં તે શીઘ્ર પર્યાપ્ત થઈ ઉત્કૃષ્ટ સંક્લેશમાં સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે અને પૂર્વબદ્ધસ્થિતિની ઉદ્વર્તના કરે. ત્યાં તે બંધાવલિકાના ચરમ સમયે સ્ત્રીવેદનો જઘન્ય પ્રદેશઉદય કરે છે.

(૯) **આયુષ્ય ૪ :-** ક્ષપિતકર્માંશ જીવ અલ્પ બંધકાળમાં અને અલ્પયોગમાં તે તે આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. પછી તે તે

આયુષ્યના ઉદયે ઘણો કાળ તીવ્ર અસાતા ભોગવે, કેમકે તીવ્ર અસાતાવાળો આયુષ્યના ઘણા પુદ્ગલોને ખપાવે છે. તેને તે તે આયુષ્યના ચરમ સમયે તેમનો જઘન્ય પ્રદેશઉદય થાય છે.

(૧૦) **નરકગતિ** :- કોઈ જીવ અનંતાનુબંધી ૪ ની વિસંયોજના કરી જઘન્ય સ્થિતિવાળો દેવ થાય. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનાર અન્ય કર્મોના ઘણા દલિકોને ખપાવે છે. દેવના ભવમાં છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વ પામી એકેન્દ્રિય યોગ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી એકેન્દ્રિયમાં જાય. ત્યાં અંતર્મુહૂર્ત રહી અસંજ્ઞી પંચેન્દ્રિયમાં જાય. ત્યાં જલ્દી મરી નરકમાં જાય. ત્યાં શીઘ્ર પર્યાપ્ત થાય. તેને નરકગતિનો જઘન્ય પ્રદેશઉદય થાય. સંજ્ઞી કરતા અસંજ્ઞી પંચેન્દ્રિય અલ્પ દલિકો બાંધે. માટે અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થવાનું કહ્યું. દેવ સીધો અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન ન થાય. માટે એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાનું કહ્યું. અસંજ્ઞી પંચેન્દ્રિયમાં જલ્દી મરવાનું કહ્યું. તેથી અલ્પ દલિકો બંધાય. પર્યાપ્તાને ઘણી પ્રકૃતિઓનો વિપાકોદય હોય છે અને ઉદયગત પ્રકૃતિઓનો સ્તિબુકસંક્રમ થતો નથી. તેથી અન્ય પ્રકૃતિઓના દલિકોનો સંક્રમ ન થવાથી જઘન્ય પ્રદેશોદય મળે. માટે નરકમાં શીઘ્ર પર્યાપ્ત થવાનું કહ્યું.

(૧૧) **આનુપૂર્વી ૪** :- ચારે આનુપૂર્વીના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી સ્વસ્વગતિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની તુલ્ય જાણવા, પણ વિગ્રહગતિના પ્રથમ સમયે જઘન્ય પ્રદેશઉદય થાય. વિગ્રહગતિના ત્રીજા સમયે જેમની બંધાવલિકા વીતી ગઈ છે એવી અન્ય કર્મલતાઓનો પણ ઉદય થવાથી જઘન્ય પ્રદેશઉદય ન મળે.

(૧૨) **દેવગતિ** :- દેવગતિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી અવધિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા, પણ ઉદ્યોતના ઉદયવાળા દેવો દેવગતિનો જઘન્ય પ્રદેશઉદય કરે. ઉદ્યોતનો ઉદય હોય તો સ્તિબુકસંક્રમથી તેનું દલિક દેવગતિમાં ન સંક્રમે. તેથી દેવગતિનો જઘન્ય પ્રદેશઉદય મળે.

(૧૩) **આહારક ૭** :- કોઈ જીવ દેશોન પૂર્વ ક્રોડ વર્ષ સુધી સંયમ પાળી અંતે આહારકશરીરી થાય. તેને ઉદ્યોતના ઉદયે આહારક ૭નો જઘન્ય પ્રદેશઉદય થાય. લાંબો કાળ સંયમ પાળવાથી ઘણા દલિકોની નિર્જરા થાય. ઉદ્યોતનો ઉદય હોય તો સ્તિબુકસંક્રમથી તેનું દલિક આહારક ૭માં ન સંક્રમે. તેથી આહારક ૭નો જઘન્ય પ્રદેશઉદય મળે.

(૧૪) **મનુષ્યગતિ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, પહેલા ૫ સંસ્થાન, ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ, સંઘયણ ૬, ખગતિ ૨, ત્રસ, સુભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય = ૨૫** :- આ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી ચક્ષુદર્શનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા, પણ એકેન્દ્રિયમાંથી તે તે પ્રકૃતિના ઉદયયોગ્ય ભવોમાં જઈ બધી પર્યાપ્તિથી પર્યાપ્ત થાય તેને ઘણી પ્રકૃતિઓના ઉદયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય થાય. ઉદયવાળી પ્રકૃતિઓનો સ્તિબુકસંક્રમ થતો નથી. તેથી ઘણી પ્રકૃતિઓના ઉદયવાળાને આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય થાય.

(૧૫) **જિન** :- ક્ષપિતકર્માંશ જીવને જિનનામકર્મના ઉદયના પ્રથમ સમયે તેનો જઘન્ય પ્રદેશઉદય થાય છે. ત્યાર પછી

ગુણશ્રેણિના ઘણા દલિકો મળતા હોવાથી જઘન્ય પ્રદેશઉદય ન થાય.

(૧૬) **શેષ ૫૩ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી ચક્ષુદર્શનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા.

**કર્મપ્રકૃતિ ઉદયાધિકારનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

- **सायं गवेसमाणा, परस्स दुक्खं उदीरंति ।**

  \- આચારાંગ નિર્યુક્તિ ૯૪

  સુખને શોધનારા જીવો બીજાને દુઃખી કરે છે.
- જે આત્મા ગુરુને પરાધીન નથી, તે આત્મા મોહને પરાધીન થઈ જાય છે. જે આત્મા ગુરુને પરાધીન થાય છે, તે મોહને આધીન થતો નથી.
- જે વ્યવહાર નિશ્ચયરહિત હોય તે નિષ્ફળ છે. જ્યાં લક્ષ્ય જ ગેરહાજર હોય ત્યાં ગતિ હોઈ શકે, પ્રગતિ કદાપિ નહીં.
- મિથ્યાદષ્ટિ પાપ તો કરે છે, સાથે સાથે એ પાપને ઉપાદેય પણ માને છે. માટે તેનું પાપ પ્રાયઃ સાનુબંધ હોય છે. સમ્યગ્દષ્ટ જો કદાચ પાપ કરે તો પણ 'આ પાપ હેય છે' એવી એને સતત સભાનતા હોય છે. માટે તેને બંધાતું કર્મ નિરનુબંધ હોય છે.

# કર્મપ્રકૃતિ
# સત્તાધિકાર
## પદાર્થસંગ્રહ

**સત્તા :-** બંધ કે સત્તાથી આવેલા કર્મદલિકોનો ક્ષય કે સંક્રમ ન થાય ત્યાં સુધી તેમનું પોતાના સ્વરૂપે રહેવું તે સત્તા છે.

સત્તા ચાર પ્રકારે છે - પ્રકૃતિસત્તા, સ્થિતિસત્તા, રસસત્તા, પ્રદેશસત્તા.

## (૧) પ્રકૃતિસત્તા

અહીં ત્રણ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **ભેદ :-** પ્રકૃતિસત્તાના બે ભેદ છે - મૂળપ્રકૃતિસત્તા અને ઉત્તરપ્રકૃતિસત્તા.

મૂળપ્રકૃત્તિસત્તાના ૮ પ્રકાર છે. ઉત્તરપ્રકૃતિસત્તાના ૧૫૮ પ્રકાર છે.

(૨) **સાદ્યાદિ પ્રરૂપણા :-**

**મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-** આઠે મૂળપ્રકૃતિઓની સત્તા અનાદિ છે. અભવ્યને તે ધ્રુવ છે. ભવ્યને તે અધ્રુવ છે.

- વિશ્વમાં એવું કોઈ દુઃખ નથી કે જે આપણા આત્માએ સહન ન કર્યું હોય. વિશ્વમાં એવું કોઈ પાપ પણ નથી કે જે આપણા આત્માએ કર્યું ન હોય.

## મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | પ્રકૃતિસત્તાના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ |
| જ્ઞાનાવરણ | – | ✓ | ✓ | ✓ | ૩ |
| દર્શનાવરણ | – | ✓ | ✓ | ✓ | ૩ |
| વેદનીય | – | ✓ | ✓ | ✓ | ૩ |
| મોહનીય | – | ✓ | ✓ | ✓ | ૩ |
| આયુષ્ય | – | ✓ | ✓ | ✓ | ૩ |
| નામ | – | ✓ | ✓ | ✓ | ૩ |
| ગોત્ર | – | ✓ | ✓ | ✓ | ૩ |
| અંતરાય | – | ✓ | ✓ | ✓ | ૩ |
| કુલ | – | ૮ | ૮ | ૮ | ૨૪ |

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-

(૧) **અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ (સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આયુષ્ય ૪, મનુષ્ય ૨, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, આહારક ૭, જિન, ઉચ્ચગોત્ર) :-** આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક હોવાથી તેમની સત્તા સાદિ અને અધ્રુવ છે.

(૨) **અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી ૧લા ગુણઠાણે આવી અનંતાનુબંધી ૪ બાંધે તેને અનંતાનુબંધી ૪ની સત્તા સાદિ છે. જેણે પૂર્વે અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી નથી તેને અનંતાનુબંધી ૪ની સત્તા અનાદિ છે. અભવ્યને અનંતાનુબંધી ૪ની સત્તા ધ્રુવ છે. ભવ્યને અનંતાનુબંધી ૪ની સત્તા અધ્રુવ છે.

(૩) **શેષ ૧૨૬ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓની સત્તા બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની સત્તા ધ્રુવ છે.

ભવ્યને તે તે પ્રકૃતિઓનો ક્ષય થાય ત્યારે તેમની સત્તા અધ્રુવ છે.

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| ઉત્તરપ્રકૃતિ | પ્રકૃતિસત્તાના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ |
| અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ | ✓ | – | – | ✓ | ૫૬ |
| અનંતાનુબંધી ૪ | ✓ | ✓ | ✓ | ✓ | ૧૬ |
| શેષ ૧૨૬ પ્રકૃતિઓ | – | ✓ | ✓ | ✓ | ૩૭૮ |
| કુલ | ૩૨ | ૧૩૦ | ૧૩૦ | ૧૫૮ | ૪૫૦ |

### (૩) સ્વામિત્વ :-

### મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાનું સ્વામિત્વ :-

(૧) **મોહનીય :-** ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવોને મોહનીયની સત્તા હોય છે. ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવોને મોહનીયની સત્તા હોય છે.

(૨) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય = ૩ :-** ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવોને આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૩) **આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય = ૪ :-** ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવોને આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિસત્તાનું સ્વામિત્વ :-

(૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧લા

ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવોને આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૨) **નિદ્રા ૨ :-** ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવોને આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૩) **દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ :-** ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના જીવોને આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૪) **તિર્યંચાયુષ્ય :-** ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના જીવોને તિર્યંચાયુષ્યની સત્તા હોય છે.

(૫) **મનુષ્યાયુષ્ય :-** ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવોને મનુષ્યાયુષ્યની સત્તા હોય છે.

(૬) **મિથ્યાત્વમોહનીય :-** ૧લા ગુણઠાણે, ૨જા ગુણઠાણે, ૩જા ગુણઠાણે મિથ્યાત્વમોહનીયની સત્તા અવશ્ય હોય છે. ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી મિથ્યાત્વમોહનીયની સત્તા હોય અથવા ન પણ હોય.

(૭) **સમ્યક્ત્વમોહનીય :-** ૨જા ગુણઠાણે સમ્યક્ત્વમોહનીયની સત્તા અવશ્ય હોય છે. ૧લા ગુણઠાણે અને ૩જા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી સમ્યક્ત્વમોહનીયની સત્તા હોય અથવા ન પણ હોય.

(૮) **મિશ્રમોહનીય :-** ૨જા ગુણઠાણે અને ૩જા ગુણઠાણે મિશ્રમોહનીયની સત્તા અવશ્ય હોય છે. ૧લા ગુણઠાણે અને ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી મિશ્રમોહનીયની સત્તા હોય અથવા ન પણ હોય.

(૯) **અનંતાનુબંધી ૪ :-** ૧લા ગુણઠાણે અને ૨જા ગુણઠાણે

અનંતાનુબંધી ૪ની સત્તા અવશ્ય હોય છે. ૩જા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધી અનંતાનુબંધી ૪ની સત્તા હોય અથવા ન પણ હોય. આ કર્મપ્રકૃતિનો મત છે. કર્મગ્રંથના મતે અનંતાનુબંધી ૪ની સત્તા ૧લા-૨જા ગુણઠાણે અવશ્ય હોય છે, ૩જા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીમાં વિકલ્પે હોય છે.

(૧૦) **અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૮ :-** ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગો સુધી (એટલે કે ૯મા ગુણઠાણે આ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી) આ પ્રકૃતિઓની સત્તા હોય છે. ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૧૧) **નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ, થિણદ્ધિ ૩ = ૧૬ :-** ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગો સુધી (એટલે કે ૯મા ગુણઠાણે આ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી) આ પ્રકૃતિઓની સત્તા હોય છે. ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિઓની સત્તા હોય છે. ૧લા ગુણઠાણે નરક ૨ની ઉદ્વલના કર્યા પછી તેની સત્તા ન હોય.

(૧૨) **નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય ૬, પુરુષવેદ, સંજ્વલન ૩ = ૧૨ :-** ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણે તે તે પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી તેમની સત્તા હોય છે. ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(૧૩) **સંજ્વલન લોભ :-** ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિની સત્તા હોય છે. ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિની સત્તા હોય છે.

(૧૪) **મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, સાતા, અસાતા, ઉચ્ચગોત્ર = ૧૧ :-** ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધી આ પ્રકૃતિઓની સત્તા હોય છે. ૧લા ગુણઠાણે મનુષ્યગતિ અને ઉચ્ચગોત્રની ઉદ્વલના થયા પછી તેમની સત્તા ન હોય.

(૧૫) **જિનનામકર્મ :-** ૧લા ગુણઠાણે અને ૪થા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધી જિનનામકર્મની સત્તા વિકલ્પે હોય છે.

(૧૬) **શેષ ૮૨ :-** ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમસમય સુધી આ પ્રકૃતિઓની સત્તા હોય છે.

૧લા ગુણઠાણે જિનનામકર્મ અને આહારક ૭ આ ૮ પ્રકૃતિઓની ભેગી સત્તા ન હોય. આહારક ૭ની સત્તા બધા ગુણઠાણે વિકલ્પે હોય. જે પ્રકૃતિઓની ઉદ્વલના થતી હોય તેમની ઉદ્વલના થયા પછી તેમની સત્તા ન હોય.

**પ્રકૃતિસત્તાસ્થાનો :-**

(૧) **જ્ઞાનાવરણ :-** પ્રકૃતિસત્તાસ્થાન-૧ :- ૫નું

| ક્ર. | પ્રકૃતિસત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવો |

## (૨) દર્શનાવરણ :- પ્રકૃતિસત્તાસ્થાન-૩ :- ૯નું, ૬નું, ૪નું

| ક્ર. | પ્રકૃતિસત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૯નું | સર્વ | ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો. ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગ સુધીના જીવો |
| ૨ | ૬નું | ૯–થિણદ્ધિ ૩ | ૯મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૩ | ૪નું | ૬ – નિદ્રા ૨ | ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે |

## (૩) વેદનીય :- પ્રકૃતિસત્તાસ્થાન-૨ :- ૨નું, ૧નું

| ક્ર. | પ્રકૃતિસત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨નું | સાતા, અસાતા | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૨ | ૧નું | સાતા/અસાતા | ૧૪મા ગુણઠાણાના ચરમસમયવર્તી જીવો |

## (૪) મોહનીય :- પ્રકૃતિસત્તાસ્થાનો-૧૫ :- ૨૮નું, ૨૭નું, ૨૬નું, ૨૪નું, ૨૩નું, ૨૨નું, ૨૧નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૫નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું.

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨૮નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૨૭નું | ૨૮ – સમ્યક્ત્વમોહનીય | ૧લા ગુણઠાણા અને ૩જા ગુણઠાણાના જીવો |
| ૩ | ૨૬નું | ૨૭ – મિશ્રમોહનીય | ૧લા ગુણઠાણાના જીવો |
| ૪ | ૨૪નું | ૨૮ – અનંતાનુબંધી ૪ | ૩જા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૫ | ૨૩નું | ૨૪ – મિથ્યાત્વમોહનીય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૬ | ૨૨નું | ૨૩ – મિશ્રમોહનીય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૭ | ૨૧નું | ૨૨ – સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૮ | ૧૩નું | ૨૧ – અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૯ | ૧૨નું | ૧૩ – નપુંસકવેદ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૦ | ૧૧નું | ૧૨ – સ્ત્રીવેદ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૧ | ૫નું | ૧૧ – હાસ્ય ૬ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૨ | ૪નું | ૫ – પુરુષવેદ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૩ | ૩નું | ૪ – સંજ્વલન ક્રોધ | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૪ | ૨નું | ૩ – સંજ્વલન માન | ૯મા ગુણઠાણાના ક્ષપક જીવો |
| ૧૫ | ૧નું | ૨ – સંજ્વલન માયા | ૯મા ગુણઠાણાના અને ૧૦મા ગુણઠાણાના ક્ષપક જીવો |

## ગુણઠાણે મોહનીયના પ્રકૃતિસત્તાસ્થાનો :-

| ગુણઠાણા | પ્રકૃતિસત્તાસ્થાનો |
|---|---|
| ૧લુ | ૨૮નું, ૨૭નું, ૨૬નું |
| ૨જુ | ૨૮નું |
| ૩જુ | ૨૮નું, ૨૭નું, ૨૪નું |
| ૪થું, ૫મું, ૬ઠ્ઠું, ૭મું | ૨૮નું, ૨૪નું, ૨૩નું, ૨૨નું, ૨૧નું |
| ૮મું | ઉપશમશ્રેણિમાં ૨૪નું, ૨૧નું, ક્ષપકક્ષશ્રેણિમાં ૨૧નું |
| ૯મું | ઉપશમશ્રેણિમાં ૨૪નું, ૨૧નું, ક્ષપકશ્રેણિમાં ૨૧નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૫નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું |
| ૧૦મું | ઉપશમશ્રેણિમાં ૨૪નું, ૨૧નું, ક્ષપકશ્રેણિમાં ૧નું |
| ૧૧મું | ૨૪નું, ૨૧નું |

કેટલાક આચાર્યો એમ માને છે કે, 'દર્શન ૩નો ક્ષય થયા પછી અનંતાનુબંધી ૪ની વિસંયોજના થાય.' તેમના મતે મોહનીયનું ૨૫નું પ્રકૃતિસત્તાસ્થાન હોય. તે ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધી હોય. તે જ આચાર્યો અનંતાનુબંધી ૪ની ઉપશમના પણ માને છે. તેથી તેમના મતે ઉપશમશ્રેણિમાં ૮મા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી ૨૮નું પ્રકૃતિસત્તાસ્થાન પણ હોય.

(૫) **આયુષ્ય** :- પ્રકૃતિસત્તાસ્થાન-૨ :- ૨નું, ૧નું

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨નું | વર્તમાન ભવનું આયુષ્ય, પરભવનું આયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૧નું | વર્તમાન ભવનું આયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવો |

(૬) **નામ** :- પ્રકૃતિસત્તાસ્થાન-૧૨ :- ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૯૦નું, ૮૯નું, ૮૪નું, ૮૩નું, ૮૨નું, ૯નું, ૮નું.

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧૦૩નું | સર્વ | ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૧૦૨નું | ૧૦૩ – જિનનામકર્મ | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩ | ૯૬નું | ૧૦૩ – આહારક ૭ | ૧લા ગુણઠાણાના અને ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪ | ૯૫નું | ૧૦૩ – આહારક ૭, જિનનામકર્મ | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૫ | ૯૩નું | ૯૫ – દેવ ૨/નરક ૨ | ૧લા ગુણઠાણાના જીવો |

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૬ | ૯૦નું | ૧૦૩ – નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછીથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૭ | ૮૯નું | ૯૦ – જિનનામકર્મ | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછીથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૮ | ૮૪નું | ૯૩ – નરક ૨/દેવ ૨, વૈક્રિય ૭ | ૧લા ગુણઠાણાના જીવો |
| ૯ | ૮૩નું | ૯૬ – નરક ૨ વગેરે ૧૩ | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછીથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૧૦ | ૮૨નું | ૮૪ – મનુષ્ય ૨ | ૧લા ગુણઠાણાના જીવો |
| | | ૯૫ – નરક ૨ વગેરે ૧૩ | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછીથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૧૧ | ૯નું | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિનનામકર્મ | ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |
| ૧૨ | ૮નું | ૯ – જિનનામકર્મ | ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |

- ગુરુકુળવાસ એ મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય છે. આ ઉપાયની પ્રતિષ્ઠા કરી છે સ્વયં તીર્થંકર ભગવંતે અને આ ઉપાયની આરાધના કરી છે સ્વયં ગણધર ભગવંતોએ.

## ગુણઠાણે નામકર્મના પ્રકૃતિસત્તાસ્થાનો

| ગુણઠાણા | પ્રકૃતિસત્તાસ્થાનો |
|---|---|
| ૧લુ | ૧૦૨નું, □૯૬નું, ૯૫નું, ૯૩નું, ૮૪નું, ૮૨નું |
| ૨જુ | ૧૦૨નું, ૯૫નું |
| ૩જુ | ૧૦૨નું, ૯૫નું |
| ૪થા થી ૮મું | ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું |
| ૯મું | ઉપશમશ્રેણિમાં ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું. ક્ષપકશ્રેણિમાં નરક ૨ વગેરે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, તે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું. |
| ૧૦મું | ઉપશમશ્રેણિમાં ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું. ક્ષપકશ્રેણિમાં ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું. |
| ૧૧મું | ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું |
| ૧૨મું, ૧૩મું | ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું |
| ૧૪મું | દ્વિચરમ સમય સુધી ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું. ચરમ સમયે ૯નું, ૮નું. |

## (૭) ગોત્ર :- પ્રકૃતિસત્તાસ્થાનો-૨ :- ૨નું, ૧નું

| ક્રમ | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨નું | ઉચ્ચગોત્ર, નીચગોત્ર | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૨(i) | ૧નું | નીચગોત્ર | ૧લા ગુણઠાણાના જીવો |
| ૨(ii) | ૧નું | ઉચ્ચગોત્ર | ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |

□. પૂર્વે નરકાયુષ્ય બાંધ્યું હોય તેવો મનુષ્ય પછી જિનનામકર્મ બાંધે તો મનુષ્યભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં અને નરકભવના પહેલા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણઠાણે આવે ત્યાં ૯૬નું પ્રકૃતિસત્તાસ્થાન હોય.

(૮) **અંતરાય** :- પ્રકૃતિસત્તાસ્થાન-૧ :- ૫નું

| ક્ર. | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવો |

- પવિત્ર હૃદયમાં ધર્મ વસે છે.
- ગુરુના ચરણે મન-વચન-કાયાના યોગોનું સમર્પણ એનું જ નામ ભાવદીક્ષા. અન્ય તો માત્ર વિધિ જ કરાય છે.
- વિરાગ બે પ્રકારનો છે - એક તો સંસાર પ્રત્યેનો ઉદ્વેગભાગ અને બીજો સુદેવ-સુગુરુ-સુધર્મ આ ત્રણ પ્રત્યે વિશિષ્ટ રાગનો ભાવ.
- ડૉક્ટર ગુમડાને કાપે તો ય તે ઉપકારી જ બને છે. તે જ રીતે જે આપણા કર્મોના ગુમડાને દૂર કરે છે, અર્થાત્ કર્મનિર્જરાના નિમિત્ત બને છે તે પણ આપણા ઉપકારી જ છે.
- ઉપદેશમાળામાં કહ્યું છે - જેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના નથી, એવી કોઈ પ્રવૃત્તિ કરવાનો સાધુને અધિકાર નથી.
- જેટલા અંશે પંચાચારનું પાલન થાય તેટલા અંશે સંઘનો અભ્યુદય થાય.
- પ્રભુમાં પરમાત્માનું દર્શન કરવું સહેલુ છે. ગુરુમાં 'પરમાત્મા' જોવા તે જ અતિ દુષ્કર છે.

## (૨) સ્થિતિસત્તા

અહીં ત્રણ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **ભેદ :-** સ્થિતિસત્તાના બે પ્રકાર છે - મૂળપ્રકૃતિસ્થિતિસત્તા અને ઉત્તરપ્રકૃતિસ્થિતિસત્તા. મૂળપ્રકૃતિસ્થિતિસત્તાના ૮ પ્રકાર છે, ઉત્તરપ્રકૃતિસ્થિતિસત્તાના ૧૫૮ પ્રકાર છે.

(૨) **સાદ્યાદિ પ્રરૂપણા :-**

**મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-**

આઠે મૂળપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા પોતપોતાના ક્ષય વખતે ૧ સમયની હોય છે. તે સાદિ-અધ્રુવ છે. આઠે મૂળપ્રકૃતિઓની તે સિવાયની સ્થિતિસત્તા તે અજઘન્ય સ્થિતિસત્તા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આઠે મૂળપ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિસત્તા ધ્રુવ છે. ભવ્યને આઠે મૂળપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય સ્થિતિસત્તા અધ્રુવ છે.

આઠે મૂળપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા વારાફરતી અનેકવાર થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

- આપણે આપણું સર્વસ્વ પરમાત્માને ચરણે ધરી દઈએ તો પરમાત્મા પોતાનું સર્વસ્વ આપણને ભેટ ધરી દે.
- આપણું માથુ દુઃખતું હશે તો આપણે બધાને એ વાત કહ્યા કરશું, પણ આપણને ક્રોધ, માન વગેરે દોષો સતાવે છે એની વાત આપણે કદી કોઈને કહેતા નથી. કેવી વિચિત્રતા !

## મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | સ્થિતિસત્તાના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય સ્થિતિસત્તા | અજઘન્ય સ્થિતિસત્તા | ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા | અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા | કુલ |
| જ્ઞાનાવરણ | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| દર્શનાવરણ | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| વેદનીય | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| મોહનીય | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| આયુષ્ય | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| નામ | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| ગોત્ર | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| અંતરાય | ૨ | ૩ | ૨ | ૨ | ૯ |
| કુલ | ૧૬ | ૨૪ | ૧૬ | ૧૬ | ૭૨ |

## ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-

(૧) **અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજનાના ચરમ સમયે અનંતાનુબંધી ૪ની ૧ સમયની જઘન્ય સ્થિતિસત્તા હોય છે. તે સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની અનંતાનુબંધી ૪ની બધી સ્થિતિસત્તા તે અજઘન્ય સ્થિતિસત્તા છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરીને ૧લા ગુણઠાણે આવેલાને અનંતાનુબંધી ૪ની અજઘન્ય સ્થિતિસત્તા સાદિ છે. જેણે પૂર્વે અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી નથી તેને અનંતાનુબંધી ૪ની અજઘન્ય સ્થિતિસત્તા અનાદિ છે. અભવ્યને અનંતાનુબંધી ૪ની અજઘન્ય સ્થિતિસત્તા ધ્રુવ છે. ભવ્યને અનંતાનુબંધી ૪ની જઘન્ય સ્થિતિસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય સ્થિતિસત્તા અધ્રુવ છે.

અનંતાનુબંધી ૪ની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા વારાફરતી અનેકવાર થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

(૨) **અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ (સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આયુષ્ય ૪, મનુષ્ય ૨, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, આહારક ૭, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર) :-** આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક હોવાથી તેમની જઘન્ય સ્થિતિસત્તા, અજઘન્ય સ્થિતિસત્તા, ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા સાદિ અને અધ્રુવ છે.

(૩) **શેષ ૧૨૬ ધ્રુવસત્તાક પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા તેમના ક્ષય વખતે ૧ સમયની હોય છે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી સ્થિતિસત્તા તે અજઘન્ય સ્થિતિસત્તા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા કરે ત્યારે તેમની અજઘન્ય સ્થિતિસત્તા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા વારાફરતી અનેકવાર થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | સ્થિતિસત્તાના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય સ્થિતિસત્તા | અજઘન્ય સ્થિતિસત્તા | ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા | અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા | કુલ |
| અનંતાનુબંધી ૪ | ૨ | ૪ | ૨ | ૨ | ૪૦ |
| અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ | ૨ | ૨ | ૨ | ૨ | ૨૨૪ |
| શેષ ધ્રુવસત્તાક ૧૨૬ પ્રકૃતિઓ | ૨ | ૩ | ૨ | ૨ | ૧,૧૩૪ |
| કુલ | ૩૧૬ | ૪૫૦ | ૩૧૬ | ૩૧૬ | ૧,૩૯૮ |

## (૩) સ્વામિત્વ :-

### ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનું સ્વામિત્વ :-

(૧) **ઉદયબંધોત્કૃષ્ટ ૮૬ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અસાતા, મિથ્યાત્વમોહનીય, ૧૬ કષાય, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૭, તૈજસ ૭, હુંડક સંસ્થાન, વર્ણાદિ ૨૦, કુખગતિ, ઉપઘાત, પરાઘાત, અગુરુલઘુ, નિર્માણ, ઉચ્છ્વાસ, ઉદ્યોત, ત્રસ ૪, અસ્થિર ૬, નીચગોત્ર, અંતરાય ૫)** :- આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા તેમના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પ્રમાણ છે. તેથી આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનાર જીવો તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાના સ્વામી છે.

(૨) **અનુદયબંધોત્કૃષ્ટ ૨૦ પ્રકૃતિઓ (નિદ્રા ૫, નરક ૨, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, સેવાર્ત, આતપ, સ્થાવર)** :- આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વખતે તેમનો ઉદય હોતો નથી. તેથી તેમની પ્રથમસ્થિતિ ઉદયવતી *પ્રકૃતિઓમાં સ્તિબુકસંક્રમથી સંક્રમી જાય છે. તેથી આ* પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પ્રમાણ છે. નિદ્રા ૫નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સંક્લેશમાં થાય છે. ત્યારે નિદ્રા ૫નો ઉદય ન હોય. નરક ૨નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તિર્યંચ કે મનુષ્ય કરે છે. તેમને નરક ૨નો ઉદય ન હોય. શેષકર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ દેવ કે નારક બાંધે છે. તેમને તે પ્રકૃતિઓનો ઉદય ન હોય. જો કે મનુષ્ય કે તિર્યંચ પણ આ પ્રકૃતિઓ બાંધે છે. પણ તેઓ સામાન્ય સંક્લેશમાં આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે. ઉત્કૃષ્ટ સંક્લેશમાં તેઓ નરકગતિ પ્રાયોગ્ય જ બાંધે. ઉત્કૃષ્ટ સંક્લેશમાં પણ

તેઓ આ પ્રકૃતિઓ ન બાંધે. આમ આ ૨૦ પ્રકૃતિઓ અનુદયબંધોત્કૃષ્ટ છે. આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનારા જીવો જ તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાના સ્વામી છે.

(૩) **ઉદયસંક્રમોત્કૃષ્ટ ૨૯ પ્રકૃતિઓ (સાતા, નોકષાય ૯, મનુષ્યગતિ, પહેલા ૫ સંઘયણ, પહેલા ૫ સંસ્થાન, સુખગતિ, સ્થિર ૬, ઉચ્ચગોત્ર)** :- આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા તેમની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ કરતા ૧ આવલિકા અધિક છે. જીવ બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિ બાંધીને પ્રકૃત પ્રકૃતિઓ બાંધે. બંધાવલિકા વીત્યા બાદ તે ઉદયાવલિકા ઉપરની બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિની સ્થિતિને પ્રકૃતપ્રકૃતિમાં સંક્રમાવે. તેથી પ્રકૃત પ્રકૃતિઓની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ = બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા. ઉદયાવલિકામાં તો પ્રકૃતપ્રકૃતિઓના દલિકો છે. તેથી પ્રકૃતપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા = બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૧ આવલિકા. પ્રકૃતપ્રકૃતિઓમાં બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવનાર જીવ પ્રકૃતપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનો સ્વામી છે.

(૪) **અનુદયસંક્રમોત્કૃષ્ટ ૧૭ પ્રકૃતિઓ (દેવ ૨, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, આહારક ૭, મનુષ્યાનુપૂર્વી, જિનનામકર્મ, સૂક્ષ્મ ૩)** :- આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા તેમની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ કરતા સમયન્યૂન આવલિકા અધિક છે. બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિ બાંધીને પ્રકૃત પ્રકૃતિઓ બાંધે. બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિની સ્થિતિને પ્રકૃત પ્રકૃતિઓમાં સંક્રમાવે. તેથી પ્રકૃત પ્રકૃતિઓની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ=બંધોત્કૃષ્ટ સજાતીય

પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા. ઉદયાવલિકામાં તો પ્રકૃતપ્રકૃતિઓના દલિકો છે. પણ પ્રકૃતપ્રકૃતિઓનો તે વખતે ઉદય ન હોવાથી પ્રથમસ્થિતિ સ્તિબુકસંક્રમથી ઉદયવતી પ્રકૃતિઓમાં સંક્રમાવે. તેથી પ્રકૃત પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા = બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ – સમયાધિક આવલિકા. પ્રકૃત પ્રકૃતિઓમાં બંધોત્કૃષ્ટ સજાતીય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવનાર જીવ પ્રકૃત પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનો સ્વામી છે.

(૫) **સમ્યક્ત્વમોહનીય :-** મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વ-મોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિ સંક્રમાવે. ઉદયાવલિકામાં તો સમ્યક્ત્વમોહનીયના દલિકો છે. તેથી સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા = ૭૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત. સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરનાર જીવ સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનો સ્વામી છે.

(૬) **મિશ્રમોહનીય :-** મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી ઉદયાવલિકા ઉપરની મિથ્યાત્વમોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિ મિશ્રમોહનીયમાં સંક્રમાવે. ઉદયાવલિકામાં તો મિશ્રમોહનીયના દલિકો છે. પણ મિશ્રમોહનીયનો ત્યારે ઉદય ન હોવાથી પ્રથમસ્થિતિ સ્તિબુકસંક્રમથી ઉદયવતી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે. તેથી મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા = ૭૦ કોડાકોડી

સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ સમય). મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરનાર જીવ મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનો સ્વામી છે.

(૭) **દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ :-** આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૩૩ સાગરોપમ પ્રમાણ છે. આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર મનુષ્ય-તિર્યંચને અને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ-નારકને ભવના પ્રથમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય છે.

(૮) **મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય = ૨ :-** આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા (પૂર્વક્રોડ વર્ષ)/૩ + ૩ પલ્યોપમ છે. (બે ભવની ભેગી કરેલી). પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા જે મનુષ્ય કે તિર્યંચ પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે ભોગભૂમિના મનુષ્ય કે તિર્યંચનું ૩ પલ્યોપમનું આયુષ્ય બાંધે તે મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાના સ્વામી છે.

**જઘન્ય સ્થિતિસત્તાનું સ્વામિત્વ :-**

(૧) **સંજ્વલન ૩, હાસ્ય ૬, પુરુષવેદ = ૧૦ :-** આ પ્રકૃતિઓનો બંધોદયવિચ્છેદ થયા પછી પરપ્રકૃતિઓમાં સંક્રમ વડે આ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. તેથી આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા તેમના જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ છે. આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી તેમનો જઘન્ય સ્થિતિસંક્રમ કરનાર જીવો છે.

(૨) **શેષ ૧૪૮ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૧ સમયની છે. જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા, અસાતા, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલનલોભ, નપુંસકવેદ,

સ્ત્રીવેદ, આયુષ્ય ૪, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, જિન, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ - આ ૩૪ ઉદયવતી પ્રકૃતિઓની પોતપોતાના ક્ષયના ચરમ સમયે જે ૧ સમયની સ્થિતિ છે તે જઘન્ય સ્થિતિસત્તા છે. શેષ ૧૧૪ અનુદયવતી પ્રકૃતિઓની પોતપોતાના ક્ષયના દ્વિચરમ સમયે જે સ્વરૂપની અપેક્ષાએ ૧ સમયની અને કાળથી ૨ સમયની સ્થિતિ છે તે જઘન્યસ્થિતિસત્તા છે. અનુદયવતી પ્રકૃતિઓનું ચરમસ્થિતિનું દલિક સ્તિબુકસંક્રમથી ઉદયવતી પ્રકૃતિઓમાં સંક્રમાવે છે. તેથી ચરમ સમયે તેમનું દલિક પોતાના સ્વરૂપે ન મળે પણ પરરૂપે મળે. ૩૪ ઉદયવતી પ્રકૃતિઓનો ક્ષય કરનારા ચરમસમયવર્તી જીવો તેમની જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી છે. ૧૧૪ અનુદયવતી પ્રકૃતિઓનો ક્ષય કરનારા દ્વિચરમસમયવર્તી જીવો તેમની જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી છે.

**સામાન્યથી જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી :-**

(૧) **અનંતાનુબંધી ૪, દર્શનમોહનીય ૩ = ૭ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને હોય છે.

(૨) **નરકાયુષ્ય, દેવાયુષ્ય, તિર્યંચાયુષ્ય = ૩ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા તે તે ભવના ચરમસમયવર્તી જીવોને હોય છે.

(૩) **અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, થિણદ્ધિ ૩, નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ, નોકષાય ૯, સંજ્વલન ૩ = ૩૬ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૯મા ગુણઠાણાના જીવોને હોય છે.

(૪) **સંજ્વલન લોભ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૧૦મા ગુણઠાણાના જીવોને હોય છે.

(૫) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, નિદ્રા ૨, અંતરાય ૫ = ૧૬ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૧૨મા ગુણઠાણાના જીવોને હોય છે.

(૬) **શેષ ૯૫ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૧૪મા ગુણઠાણાના જીવોને હોય છે.

**સ્થિતિસ્થાનના ભેદો :-**

ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાથી એકેન્દ્રિયયોગ્ય જઘન્ય સ્થિતિસત્તા સુધી જેટલા સમયો છે તેટલા સ્થિતિસ્થાનો નિરંતર મળે છે.

એકેન્દ્રિય યોગ્ય જઘન્ય સ્થિતિસત્તાથી નીચે ચરમાવલિકા સુધી સાંતર-નિરંતર સ્થિતિસ્થાનો મળે છે. તે આ પ્રમાણે -

એકેન્દ્રિયયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાના ઉપરના $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિખંડનો ઘાત કરવાનું જીવ શરૂ કરે છે. અંતર્મુહૂર્ત સુધી નીચેથી ૧-૧ સમયની સ્થિતિનો ક્ષય થતા તેટલા સ્થિતિસ્થાનો નિરંતર મળે છે. અંતર્મુહૂર્ત પછી તે સ્થિતિખંડનો ઘાત થતા એક સાથે તેટલી સ્થિતિ તૂટે છે. તેથી નિરંતર સ્થિતિસ્થાન ન મળે. $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ન્યૂન પ્રમાણ સાંતર સ્થિતિસ્થાન મળે છે. ત્યાર પછી અંતર્મુહૂર્તમાં બીજા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિખંડનો ઘાત કરે છે. તેમાં અંતર્મુહૂર્ત સુધી નિરંતર સ્થિતિસ્થાનો મળે છે. ત્યાર પછી એક સાથે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિ તૂટે છે. તેથી સાંતર સ્થિતિસ્થાન મળે છે. આમ ચરમાવલિકા શેષ રહે ત્યાં સુધી આ પ્રમાણે *નિરંતર સ્થિતિસ્થાનો અને સાંતર સ્થિતિસ્થાનો મળે છે.*

ચરમાવલિકાના સમયો જેટલા સ્થિતિસ્થાનો નિરંતર મળે છે.


સ્થિતિસ્થાનના ભેદો
નિરંતર સ્થિતિસ્થાનો (૧-૧ સમયન્યૂન)
નિરંતર સ્થિતિસ્થાનો (૧-૧ સમયન્યૂન)
પલ્યોપમ/અસંખ્ય
સાંતર સ્થિતિસ્થાન (પલ્યોપમ/અસંખ્ય ન્યૂન)
નિરંતર સ્થિતિસ્થાનો (૧-૧ સમયન્યૂન)
પલ્યોપમ/અસંખ્ય
સાંતર સ્થિતિસ્થાન (પલ્યોપમ/અસંખ્ય ન્યૂન)
નિરંતર સ્થિતિસ્થાનો (૧-૧ સમયન્યૂન)
પલ્યોપમ/અસંખ્ય
સાંતર સ્થિતિસ્થાન (પલ્યોપમ/અસંખ્ય ન્યૂન)
નિરંતર સ્થિતિસ્થાનો (૧-૧ સમયન્યૂન)
ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા
જઘન્ય સ્થિતિસત્તા (એકેન્દ્રિય યોગ્ય)
એક સ્થિતિઘાત કાળ
એક સ્થિતિઘાત કાળ
એક સ્થિતિઘાત કાળ
ચરમાવલિકા
(આ ચિત્રમાં પછી પછીના સ્થિતિસ્થાનમાં પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાન કરતા કેટલી સ્થિતિ ઓછી છે તે બતાવ્યું છે.)

## સ્થિતિસ્થાનના ભેદો




(આ ચિત્રમાં પછી પછીના સ્થિતિસ્થાનમાં પૂર્વપૂર્વના સ્થિતિસ્થાન કરતા કેટલી સ્થિતિ ઓછી થાય છે તે બતાવ્યું છે.)

## (3) રસસત્તા

પૂર્વે રસસંક્રમમાં જેમ સ્થાન, પ્રત્યય, વિપાક, શુભાશુભત્વ, સાદ્યાદિ અને સ્વામિત્વ કહ્યા હતા તેમ અહીં પણ રસસત્તામાં સ્થાન વગેરે કહેવા. મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપનો ૨ ઠાણિયા રસનો સંક્રમ થાય છે, જ્યારે તેમની ૨ ઠાણિયા, ૩ ઠાણિયા, ૪ ઠાણિયા રસની સત્તા હોય છે.

| પ્રકૃતિ | ઉત્કૃષ્ટ રસસત્તા | | જઘન્ય રસસત્તા | |
|---|---|---|---|---|
| | સ્થાનસંજ્ઞા | ઘાતીસંજ્ઞા | સ્થાનસંજ્ઞા | ઘાતીસંજ્ઞા |
| મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, સંજ્વલન ૪, વેદ ૩, અંતરાય ૫ = ૧૮ | ૪ ઠાણિયો રસ | સર્વઘાતી રસ | Δ૧ ઠાણિયો રસ | Δદેશઘાતી રસ |
| મનઃપર્યવજ્ઞાનાવરણ, હાસ્ય ૬ = ૭ | ૪ ઠાણિયો રસ | સર્વઘાતી રસ | ⊕૨ ઠાણિયો રસ | □દેશઘાતી રસ |
| સર્વઘાતી ૨૦ પ્રકૃતિઓ | ૪ ઠાણિયો રસ | સર્વઘાતી રસ | ૨ ઠાણિયો રસ | સર્વઘાતી રસ |
| સમ્યક્ત્વમોહનીય | ૨ ઠાણિયો રસ | દેશઘાતી રસ | ૧ ઠાણિયો રસ | દેશઘાતી રસ |
| મિશ્રમોહનીય | ૨ ઠાણિયો રસ | સર્વઘાતી રસ | ૨ ઠાણિયો રસ | સર્વઘાતી રસ |
| અઘાતી ૧૧૧ પ્રકૃતિઓ | ૪ ઠાણિયો રસ | સર્વઘાતી જેવો કે દેશઘાતી જેવો | ૨ ઠાણિયો રસ | સર્વઘાતી જેવો કે દેશઘાતી જેવો |

Δ. જ્ઞાનાવરણ ૩, દર્શનાવરણ ૩, અંતરાય ૫, સ્ત્રીવેદ, નપુંસકવેદ = ૧૩ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ ૨ ઠાણિયા સર્વઘાતી રસનો છે.

⊕. જો કે મનઃપર્યવજ્ઞાનાવરણનો ૧ ઠાણિયો રસ બંધાય છે પણ તેના એકલા ૧ ઠાણિયા રસની સત્તા હોતી નથી. તેના ૨ ઠાણિયા અને ૧ ઠાણિયા રસની ભેગી સત્તા હોય છે. તેથી મનઃપર્યવજ્ઞાનાવરણની જઘન્ય રસસત્તા ૨ ઠાણિયા રસની છે.

□. મનઃપર્યવજ્ઞાનાવરણ અને હાસ્ય ૬ નો જઘન્ય રસસંક્રમ સર્વઘાતી રસનો થાય છે.

**ઉત્કૃષ્ટ રસસત્તાના સ્વામી :-**

ઉત્કૃષ્ટ રસસત્તાના સ્વામી ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામીની જેમ જાણવા.

**જઘન્ય રસસત્તાના સ્વામી :-**

(૧) **મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ = ૪ :-** ઉત્કૃષ્ટ શ્રુતલબ્ધિવાળા ચૌદપૂર્વધરને ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસસત્તા હોય છે.

(૨) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨ :-** પરમાવધિજ્ઞાનીને ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસસત્તા હોય છે.

(૩) **મનઃપર્યવજ્ઞાનાવરણ :-** વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીને ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસસત્તા હોય છે.

(૪) ***કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા ૨,* સમ્યક્ત્વ-મોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, અંતરાય ૫ = ૧૪ :-** તે તે પ્રકૃતિઓના ચરમ સમયે રહેલા જીવોને તે તે પ્રકૃતિઓની જઘન્ય રસસત્તા હોય છે.

(૫) **શેષ ૧૩૭ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓના જઘન્ય રસસત્તાના સ્વામી તેમના જઘન્ય રસસંક્રમના સ્વામીની જેમ જાણવા.

**રસસ્થાનના ભેદો :-** રસસ્થાન ૩ પ્રકારના છે -

(૧) **બંધોત્પત્તિક રસસ્થાન :-** બંધથી ઉત્પન્ન થનારા રસસ્થાન તે બંધોત્પત્તિક રસસ્થાન છે. તે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ છે.

(૨) **હતોત્પત્તિક રસસ્થાન :-** ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ વડે ઉત્પન્ન થનારા રસસ્થાન તે હતોત્પત્તિક રસસ્થાન છે. તે બંધોત્પત્તિક રસસ્થાન કરતા અસંખ્યગુણ છે.

(૩) **હતહતોત્પત્તિક રસસ્થાન :-** રસઘાતથી ઉત્પન્ન થનારા રસસ્થાન તે હતહતોત્પત્તિક રસસ્થાન છે. તે હતોત્પત્તિક રસસ્થાન કરતા અસંખ્યગુણ છે.

ઉદય અને ઉદીરણાથી પ્રતિસમય ક્ષય થવાથી થનારા રસસ્થાનોનો સમાવેશ ઉપરના ત્રણ પ્રકારના રસસ્થાનોમાં થઈ જાય છે.

- **जहा खरो चंदणभारवाही,**
  **भारस्स भागी न हु चंदणस्स ।**
  **एवं खु नाणी चरणेण हीणो,**
  **नाणस्स भागी न हु सुग्गईए ॥४२६॥** - ઉપદેશમાળા
  જેમ ચંદનના ભારને વહન કરનારો ગધેડો ભારનો ભાગી થાય છે, ચંદનનો નહીં, એમ ચારિત્ર વિનાનો જ્ઞાની જ્ઞાનનો ભાગી થાય છે, સદ્‌ગતિનો નહીં.
- 'બહુવેલ સંદિસાહું ?' આ આદેશ દ્વારા શ્વાસોચ્છ્‌વાસની પણ અનુજ્ઞા માંગવી અને બીજી બાજુ મોટા કાર્યો પણ પૂછ્યા વિના કરવા, એ ગુરુ સાથે કરેલી છેતરપિંડી નહીં તો બીજું શું છે ?
- સંયમનું પાલન એ મોક્ષનું કારણ છે, એ વાત તો પ્રસિદ્ધ છે જ, પણ જેઓ સંયમપાલનમાં પ્રમાદ કરે છે, તેમની માટે સંયમનું ગ્રહણ જ સંસારનું કારણ બની જાય છે.

## (૪) પ્રદેશસત્તા

અહીં ત્રણ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **ભેદ :-** પ્રદેશસત્તા બે પ્રકારે છે - મૂળપ્રકૃતિપ્રદેશસત્તા અને ઉત્તરપ્રકૃતિપ્રદેશસત્તા. મૂળપ્રકૃતિપ્રદેશસત્તા ૮ પ્રકારે છે. ઉત્તરપ્રકૃતિપ્રદેશસત્તા ૧૫૮ પ્રકારે છે.

(૨) **સાદ્યાદિ પ્રરૂપણા :-**

**મૂળપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-**

(૧) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, અંતરાય = ૭ :-** આ પ્રકૃતિઓના ક્ષય વખતે ચરમ સ્થિતિએ રહેલા *ક્ષપિતકર્માંશ જીવને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા* હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અજઘન્ય પ્રદેશસત્તા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય પ્રદેશસત્તા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા ૭મી નરકમાં રહેલા ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિ જીવને હોય છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા છે. આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા વારાફરતી થાય છે. માટે તે બન્ને સાદિ-અધ્રુવ છે.

(૨) **આયુષ્ય :-** આયુષ્ય એ અધ્રુવસત્તાક પ્રકૃતિ હોવાથી તેની જઘન્ય પ્રદેશસત્તા, અજઘન્ય પ્રદેશસત્તા, ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા સાદિ અને અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | પ્રદેશસત્તાના સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય પ્રદેશસત્તા | અજઘન્ય પ્રદેશસત્તા | ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા | અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા | કુલ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, અંતરાય = ૭ | ૨ | ૩ | ૨ | ૨ | ૬૩ |
| આયુષ્ય | ૨ | ૨ | ૨ | ૨ | ૮ |
| કુલ | ૧૬ | ૨૩ | ૧૬ | ૧૬ | ૭૧ |

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાની સાદ્યાદિ પ્રરૂપણા :-

(૧) **સાતા, સંજ્વલન ૪, પુરુષવેદ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, સુખગતિ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, ત્રસ ૧૦ = ૪૨ :-** ૧લા સંઘયણ સિવાયની ૪૧ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિતકર્માંશ જીવને ક્ષપકશ્રેણિમાં પોતપોતાના ચરમ બંધ વખતે હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા છે. ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાથી પડીને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય ત્યારે તે સાદિ છે. જેને પૂર્વે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થઈ નથી તેને તેમની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા અધ્રુવ છે.

૧લા સંઘયણની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા મિથ્યાત્વાભિમુખ ગુણિતકર્માંશ ૭મી નારકીના સમ્યગ્દષ્ટિ નારકને હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. ૧લા સંઘયણની

તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા છે. ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાથી પડીને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય ત્યારે તે સાદિ છે. જેને પૂર્વે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થઈ નથી તેને તેમની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા અધ્રુવ છે.

ક્ષપિતકર્માંશ જીવને તે તે પ્રકૃતિઓના ક્ષય વખતે ચરમ સમયે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી પ્રદેશસત્તા તે અજઘન્ય પ્રદેશસત્તા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય પ્રદેશસત્તા અધ્રુવ છે.

(૨) **અનંતાનુબંધી ૪ :-** ક્ષપિતકર્માંશ જીવને તે તે પ્રકૃતિઓના ક્ષય વખતે ચરમ સમયે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. અનંતાનુબંધી ૪ની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અજઘન્ય પ્રદેશસત્તા છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરીને પડીને અનંતાનુબંધી ૪ બાંધનારને તેમની અજઘન્ય પ્રદેશસત્તા સાદિ છે. જેણે પૂર્વે અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી નથી તેને અનંતાનુબંધી ૪ની અજઘન્ય પ્રદેશસત્તા અનાદિ છે. અભવ્યને અનંતાનુબંધી ૪ની અજઘન્ય પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને અનંતાનુબંધી ૪ની જઘન્ય પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય પ્રદેશસત્તા અધ્રુવ છે.

અનંતાનુબંધી ૪ની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિને વારાફરતી હોય છે. તેથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

(૩) **યશ, સંજ્વલન લોભ = ૨ :-** ક્ષપિતકર્માંશને ક્ષપકશ્રેણિમાં યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અજઘન્ય પ્રદેશસત્તા છે. અપૂર્વકરણના પ્રથમ સમયે ગુણસંક્રમથી ઘણા દલિકો મળે છે. તેથી ત્યારે આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા સાદિ છે. જેને પૂર્વે આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા થઈ નથી તેને તેમની અજઘન્ય પ્રદેશસત્તા અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિને વારાફરતી હોય છે. તેથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

(૪) **શેષ ધ્રુવસત્તાક ૮૨ પ્રકૃતિઓ :-** ક્ષપિતકર્માંશ જીવને તે તે પ્રકૃતિઓનો ક્ષય કરતી વખતે ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી પ્રદેશસત્તા તે અજઘન્ય પ્રદેશસત્તા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા થાય ત્યારે તેમની અજઘન્ય પ્રદેશસત્તા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિતકર્માંશ મિથ્યાદષ્ટિને વારાફરતી હોય છે. તેથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

(૫) **અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક હોવાથી તેમની જઘન્ય પ્રદેશસત્તા, અજઘન્ય પ્રદેશસત્તા, ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા અને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા સાદિ-અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસત્તાના સાદ્યાદિ ભાંગા :-

| ઉત્તરપ્રકૃતિ | પ્રદેશસત્તાના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય પ્રદેશસત્તા | અજઘન્ય પ્રદેશસત્તા | ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા | અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા | કુલ |
| સાતા, સંજ્વલન ૪, પુરુષવેદ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, પરાઘાત, નિર્માણ, ઉચ્છ્વાસ, સુખગતિ, ત્રસ ૧૦ = ૪૨ | ૨ | ૩ | ૨ | ૪ | ૪૬૨ |
| અનંતાનુબંધી ૪, યશ, સંજ્વલન લોભ = ૬ | ૨ | ૪ | ૨ | ૨ | ૬૦ |
| શેષ ધ્રુવસત્તાક ૮૨ પ્રકૃતિઓ | ૨ | ૩ | ૨ | ૨ | ૭૩૮ |
| અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ | ૨ | ૨ | ૨ | ૨ | ૨૨૪ |
| કુલ | ૩૧૬ | ૪૫૨ | ૩૧૬ | ૪૦૦ | ૧,૪૮૪ |

(૩) **સ્વામિત્વ :-**

**ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનું સ્વામિત્વ :-** બધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિતકર્માંશ ૭મી નરકના નારકને ચરમ સમયે હોય છે. કેટલીક પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી ૭મી નરકમાંથી નીકળેલ જીવો છે. તે આ પ્રમાણે :-

(૧) **મિશ્રમોહનીય :-** ગુણિતકર્માંશ સાતમી નરકનો જીવ તિર્યંચમાં આવી અંતર્મુહૂર્ત રહી મનુષ્ય થાય. ત્યાં તે સમ્યક્ત્વ પામી દર્શન ૩ની ક્ષપણા કરે. તે જે સમયે મિથ્યાત્વમોહનીયને સર્વસંક્રમ વડે મિશ્રમોહનીયમાં નાંખે તે સમયે તેને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૨) **સમ્યક્ત્વમોહનીય :-** મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે મિશ્રમોહનીયને સર્વસંક્રમ વડે સમ્યક્ત્વ-મોહનીયમાં સંક્રમાવે તે સમયે તેને સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૩) **નપુંસકવેદ, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ ૨ = ૫ :-** ગુણિતકર્માંશ સાતમી નરકનો જીવ તિર્યંચ થઈને ઈશાન દેવલોકનો દેવ થાય. ત્યાં તે અતિસંક્લેશમાં વારંવાર આ પ્રકૃતિઓ બાંધે. તે ભવના ચરમ સમયે તેને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૪) **સ્ત્રીવેદ :-** નપુંસકવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી ઈશાન દેવલોકમાં નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંચય કરી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ભવમાં ઉત્પન્ન થઈ યુગલિક થાય. ત્યાં તે સંક્લેશમાં પલ્યોપમ/અસંખ્યાત સુધી સ્ત્રીવેદ બાંધે અને નપુંસકવેદના દલિકો તેમાં સંક્રમાવે. જ્યારે સ્ત્રીવેદ અત્યંત પુષ્ટ થઈ જાય ત્યારે તે યુગલિકને સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૫) **પુરુષવેદ :-** ગુણિતકર્માંશ ક્ષપક જે સમયે પુરુષવેદમાં સ્ત્રીવેદને સર્વસંક્રમથી સંક્રમાવે તે સમયે તેને પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૬) **સંજ્વલન ક્રોધ :-** પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન ક્રોધમાં સર્વસંક્રમ વડે પુરુષવેદને સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન ક્રોધની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૭) **સંજ્વલન માન :-** સંજ્વલન ક્રોધની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન માનમાં સર્વસંક્રમ વડે સંજ્વલન ક્રોધને સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન માનની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૮) **સંજ્વલન માયા :-** સંજ્વલન માનની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન માયામાં સર્વસંક્રમ વડે સંજ્વલન માનને સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન માયાની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૯) **સંજ્વલન લોભ :-** સંજ્વલન માયાની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન લોભમાં સર્વસંક્રમ વડે સંજ્વલન માયાને સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન લોભની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૦) **સાતા, યશ, ઉચ્ચગોત્ર = ૩ :-** ગુણિતકર્માંશ જીવ ચાર વાર ઉપશમશ્રેણિ માંડીને પછી શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે તેને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. શ્રેણિ પર ચઢેલો જીવ આ પ્રકૃતિઓમાં ગુણસંક્રમથી અશુભ પ્રકૃતિઓના ઘણા દલિકો સંક્રમાવે છે.

(૧૧) **દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ :-** ઉત્કૃષ્ટ યોગમાં ઉત્કૃષ્ટ બંધકાળ

સુધી આ પ્રકૃતિઓ બાંધનારને જ્યાં સુધી તેમનો ઉદય ન થાય ત્યાં સુધી તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૨) **તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૨** :- ઉત્કૃષ્ટ યોગમાં ઉત્કૃષ્ટ બંધકાળ સુધી □પૂર્વક્રોડવર્ષનું તે તે ભવનું આયુષ્ય બાંધીને જીવ તે તે ભવમાં આવી સાતાની બહુલતામાં તે તે આયુષ્ય અનુભવે. સાતાની બહુલતામાં આયુષ્યના ઓછા પુદ્ગલોની નિર્જરા થાય છે. તે જીવ ઉત્પત્તિસમયથી અંતર્મુહૂર્ત પછી મૃત્યુ પામે તે પૂર્વે ઉત્કૃષ્ટ યોગમાં ઉત્કૃષ્ટ બંધકાળ સુધી સમાનભવનું આયુષ્ય બાંધે. તે બંધના અંતે જ્યાં સુધી અપવર્તના ન થાય ત્યાં સુધી તેને તે તે આયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૩) **નરક ૨** :- કોઈ જીવ સાત વાર પૂર્વક્રોડવર્ષ સુધી સંક્લિષ્ટ અધ્યવસાયમાં વારંવાર નરક ૨ બાંધે. બંધના અંતે નરકાભિમુખ એવા તેને નરક ૨ ની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૪) **દેવ ૨, વૈક્રિય ૭ = ૯** :- કોઈ જીવ સાત વાર પૂર્વક્રોડવર્ષ સુધી અને યુગલિકમાં ૩ પલ્યોપમ સુધી વિશુદ્ધ અધ્યવસાયથી આ પ્રકૃતિઓ બાંધે. બંધના અંતે અને દેવભવના પૂર્વના સમયે દેવલોકાભિમુખ તે જીવને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

---

□. અલ્પ આયુષ્યવાળાને પહેલા સમયથી સ્થૂલ નિષેક સંભવે છે. તેથી અંતર્મુહૂર્તમાં પણ વેદ્યમાન આયુષ્યના ઘણા દલિકોનો ક્ષય થાય છે. પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળાને તે પ્રમાણનો નિષેક હોવાથી એટલા દલિકોનો ક્ષય થતો નથી.

(૧૫) **મનુષ્ય ૨, ૧લુ સંઘયણ = ૩ :-** સાતમી નરકનો નારક ઉત્પત્તિ બાદ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી Δલાંબાકાળ સુધી તેને પાળતો મનુષ્ય ૨ અને ૧લુ સંઘયણ બાંધે. તેને સમ્યક્ત્વના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૬) **પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સુસ્વર, સુભગ, આદેય = ૧૨ :-** કોઈ જીવ ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાળમાં આ પ્રકૃતિઓ બાંધે. પછી તે ચાર વાર ઉપશમશ્રેણિ માંડે. પછી તે ક્ષપકશ્રેણિ માંડે ત્યારે તે તે પ્રકૃતિઓના બંધવિચ્છેદ વખતે તેને તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય. ઉપશમશ્રેણિમાં ગુણસંક્રમથી ઘણા દલિકો આવે છે. માટે ચાર વાર ઉપશમશ્રેણિ માંડવાનું કહ્યું.

(૧૭) **તૈજસ ૭, શુભવર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, શુભ = ૨૨ :-** કોઈ જીવ ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાળમાં આ પ્રકૃતિઓ બાંધે. પછી તે ચાર વાર ઉપશમશ્રેણિ માંડીને પછી શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે. ત્યારે તે તે પ્રકૃતિઓના બંધવિચ્છેદ વખતે તેને તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૧૮) **જિનનામકર્મ :-** ગુણિતકર્માંશ જીવ ૩૩ સાગરોપમ + ૨ વાર દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી જિનનામકર્મ બાંધે. તેને બંધના ચરમ સમયે જિનનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

---

Δ. **પંચસંગ્રહ સત્તાધિકાર ગાથા ૧૬૪ની બન્ને ટીકાઓમાં પાના નં. ૨૯૩** ઉપર કહ્યું છે કે, 'અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળતો મનુષ્ય ૨ અને ૧લુ સંઘયણ બાંધે.'

(૧૯) **આહારક ૭ :-** કોઈ જીવ દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી વારંવાર આહારક ૭ બાંધે. પછી તેમના બંધવિચ્છેદ સમયે તેને તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

(૨૦) **બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ ૩ = ૬ :-** કોઈ જીવ સાત વાર પૂર્વક્રોડવર્ષ સુધી તિર્યંચ અને મનુષ્યના ભવોમાં આ પ્રકૃતિઓ બાંધે. તેમના બંધના ચરમ સમયે કે જેના પછીના સમયે તે વિકલેન્દ્રિય વગેરેમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તેને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

**જઘન્ય પ્રદેશસત્તાનું સ્વામિત્વ :-** ક્ષપિતકર્માંશ જીવને તે તે પ્રકૃતિઓની સત્તાના ચરમ સમયે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. ઉદ્વલનાયોગ્ય ૨૭ પ્રકૃતિઓની ઉદ્વલના કરનારને તેમની ૧ સ્થિતિ બાકી હોય ત્યારે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. કેટલીક પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તાના સ્વામી વિશેષથી કહેવાય છે -

(૧) **અનંતાનુબંધી ૪ :-** ક્ષપિતકર્માંશ જીવ અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે. પછી તે ૧લા ગુણઠાણે આવી અંતર્મુહૂર્ત સુધી અનંતાનુબંધી ૪ બાંધે. પછી તે સમ્યક્ત્વ પામી ૧૩૨ સાગરોપમ સુધી તેને પાળે. તેને અંતે તે અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે. તેના ચરમ સમયે તેને અનંતાનુબંધી ૪ની જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

(૨) **સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** કોઈ જીવ ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળે. પછી તે ૧લા ગુણઠાણે જઈ મંદ ઉદ્વલનાથી $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ કાળવાળી સમ્યક્ત્વમોહનીય-

મિશ્રમોહનીયની ઉદ્વલના કરવાનું શરૂ કરે. તે આ પ્રકૃતિઓના બધા દલિકો મિથ્યાત્વમોહનીયમાં સંક્રમાવે છે. તે આ પ્રકૃતિઓની ચરમાવલિકાને સ્તિબુકસંક્રમથી સંક્રમાવે છે. તેના ચરમ સમયે તેને આ બન્ને પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

(૩) **સંજ્વલન લોભ, યશ = ૨ :-** કોઈ જીવ ચાર વાર ઉપશમશ્રેણિ માંડવા સિવાયની ક્ષપિતકર્માંશની બધી ક્રિયાઓ કરે. પછી તે ક્ષપકશ્રેણિ માંડે. તેમાં યથાપ્રવૃત્તકરણ (૭મુ ગુણઠાણુ)ના ચરમ સમયે તેને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. ઉપશમશ્રેણિમાં ગુણસંક્રમથી ઘણા દલિકો આવે છે. તેથી તેનો નિષેધ કર્યો છે. ક્ષપકશ્રેણિમાં પણ અપૂર્વકરણમાં ગુણસંક્રમથી ઘણા દલિકો આવે છે. તેથી યથાપ્રવૃત્તકરણના અંતે જઘન્ય પ્રદેશસત્તા કહી.

(૪) **નરક ૨, દેવ ૨, વૈક્રિય ૭ = ૧૧ :-** ક્ષપિતકર્માંશ જીવ પહેલા આ પ્રકૃતિઓની ઉદ્વલના કરે. પછી તે અંતર્મુહૂર્ત સુધી આ પ્રકૃતિઓ બાંધે. પછી તે સાતમી નરકમાં જાય. ત્યાં ઉદયથી અને સંક્રમથી તે આ પ્રકૃતિઓને અનુભવે. પછી તે નરકમાંથી નીકળી પંચેન્દ્રિય તિર્યંચમાં જઈ આ પ્રકૃતિઓ બાંધ્યા વિના એકેન્દ્રિયમાં જાય. ત્યાં તે લાંબા કાળની ઉદ્વલનાથી આ પ્રકૃતિઓને ખાલી કરે. તેના ચરમ સમયે તેને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

(૫) **મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર** = ૩ :- ક્ષપિતકર્માંશ જીવ તેઉકાય-વાયુકાયમાં જઈને આ પ્રકૃતિઓની ઉદ્વલના કરે. પછી તે સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરેમાં અંતર્મુહૂર્ત સુધી આ પ્રકૃતિઓ બાંધે. પછી તે તેઉકાય-વાયુકાયમાં આવી લાંબાકાળની ઉદ્વલનાથી

આ પ્રકૃતિઓ ખાલી કરે. તેના ચરમ સમયે તેને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

(૬) **જિનનામકર્મ :-** ક્ષપિતકર્માંશ જીવ સાધિક ૮૪,૦૦૦ વર્ષ સુધી જિનનામકર્મ બાંધીને કેવળી થાય. તે દેશોન પૂર્વક્રોડવર્ષ□ સુધી કેવળીપર્યાય પાળે. તેને ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે જિનનામકર્મની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. કેટલાક એમ કહે છે કે ક્ષપિતકર્માંશ જીવે તત્પ્રાયોગ્ય જઘન્યયોગમાં પ્રથમ સમયે જિનનામકર્મના જે દલિકો બાંધ્યા હોય તેને તે જિનનામકર્મની જઘન્ય પ્રદેશસત્તા છે. **કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૪૩ની ચૂર્ણિમાં પાના નં. ૬૬** ઉપર આ કેટલાકનો મત મુખ્યમત તરીકે જણાવ્યો છે અને ઉપરનો મુખ્યમત કેટલાકના મત તરીકે જણાવ્યો છે.

(૭) **આહારક ૭ :-** કોઈ જીવ અલ્પકાળ સુધી આહારક ૭ બાંધીને ૧લા ગુણઠાણે જાય. ત્યાં તે લાંબાકાળની ઉદ્વલનાથી આહારક ૭ને ખાલી કરે. તેના ચરમ સમયે તેને આહારક ૭ની જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

**પ્રદેશસત્તાસ્થાન :-**

**(૧) થિણદ્ધિ ૩, મિથ્યાત્વમોહનીય, પહેલા ૧૨ કષાય, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, આતપ ૨, સ્થાવર ૨, સાધારણ = ૨૯ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકાના સમયો જેટલા છે.

આ પ્રકૃતિઓની અભવ્યયોગ્ય જઘન્ય પ્રદેશસત્તાવાળો જીવ

---

□. **દિગંબર સંપ્રદાયના તિલોયપણત્તિ (ત્રિલોકપ્રજ્ઞપ્તિ) ગ્રંથ**માં ઉત્સર્પિણીના છેલ્લા ભગવાનનું આયુષ્ય ૧ પૂર્વક્રોડ વર્ષનું કહ્યું છે.

ત્રસમાં ઉત્પન્ન થઈ અનેકવાર સર્વવિરતિ અને દેશવિરતિ પામી ચાર વાર ઉપશમશ્રેણિ માંડી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાં તે **પલ્યોપમ / અસંખ્યાત** કાળ સુધી રહીને પછી મનુષ્યમાં આવી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં આ પ્રકૃતિઓના ચરમ સ્થિતિખંડનો ઘાત થયા પછી સ્તિબુકસંક્રમથી ચરમાવલિકા ખાલી કરતા ચરમ સમયે જે સર્વથી જઘન્ય પ્રદેશસત્તા છે તે આ પ્રકૃતિઓનું પ્રથમ પ્રદેશસત્તાસ્થાન છે. તેમાં ૧ પરમાણુ ઉમેરતા બીજુ પ્રદેશસત્તાસ્થાન થાય છે, ૨ પરમાણુ ઉમેરતા ત્રીજુ પ્રદેશસત્તાસ્થાન થાય છે. એમ ૧-૧ પરમાણુ ઉમેરતા ગુણિતકર્માંશ જીવના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી વિવિધ જીવોની અપેક્ષાએ નિરંતર અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. ત્યાર પછી પ્રદેશસત્તાસ્થાન નથી. આ એક સ્પર્ધક છે. આ ચરમ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનો છે. એમ છેલ્લી બે સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે. છેલ્લી ત્રણ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું ત્રીજુ સ્પર્ધક છે. એમ સમયન્યૂન ૧ આવલિકાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે. તથા ચરમ સ્થિતિઘાતના ચરમ પ્રક્ષેપથી માંડીને પશ્ચાનુપૂર્વીથી તે તે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તર વૃદ્ધિવાળા પ્રદેશસત્તાસ્થાનો છે. આ પ્રદેશસત્તાસ્થાનોનું પણ ૧ સ્પર્ધક છે. તેથી આ પ્રકૃતિઓના બધા પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો ૧ આવલિકાના સમય જેટલા છે.

(૨) **સંજ્વલન ૩ :-** સંજ્વલન ૩ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકા + ૨ સમય ન્યૂન ૧ આવલિકાના સમયો જેટલા છે, એટલે કે ૨ સમય ન્યૂન ૨ આવલિકાના સમયો જેટલા છે.

સંજ્વલન ૩ની પ્રથમસ્થિતિ ૧ આવલિકા શેષ રહે ત્યાં સુધી સ્થિતિઘાત, રસઘાત, બંધ, ઉદય, ઉદીરણા પ્રવર્તે છે, ત્યાર પછી પ્રવર્તતા નથી. તેથી ત્યાર પછીના સમયે પ્રથમસ્થિતિની સમયન્યૂન

૧ આવલિકાના દલિકો અને બીજી સ્થિતિના ૨ સમયન્યૂન ૨ આવલિકાના બંધાયેલા દલિકો વિદ્યમાન છે. શેષ બધા દલિકો નાશ પામ્યા છે.

સંજ્વલન ૩ની પ્રથમસ્થિતિના સમયન્યૂન ૧ આવલિકાના દલિકોના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો થિણદ્ધિ ૩ વગેરેના સમયન્યૂન ૧ આવલિકાના દલિકોના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો મુજબ છે. સંજ્વલન ૩ના ચરમ સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપથી માંડીને પશ્ચાનુપૂર્વીથી ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધીના પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક પણ થિણદ્ધિ ૩ વગેરેના ચરમસ્થિતિખંડના ચરમ પ્રક્ષેપથી માંડીને પશ્ચાનુપૂર્વીથી ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધીના પ્રદેશસત્તાસ્થાનોના ૧ સ્પર્ધક મુજબ છે.

સંજ્વલન ૩ની બીજી સ્થિતિના ૨ સમયન્યૂન ૨ આવલિકાના બંધાયેલ દલિકના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો આ પ્રમાણે છે -

બંધવિચ્છેદ સમયે જઘન્યયોગ વડે બંધાયેલ દલિકો બંધાવલિકા વીત્યા બાદ બીજે સંક્રમાવે ત્યારે બીજી આવલિકાના ચરમ સમયે જઘન્ય પ્રદેશસત્તાસ્થાન છે.

બંધવિચ્છેદ સમયે બીજા યોગસ્થાન વડે બંધાયેલ દલિકો બંધાવલિકા વીત્યા બાદ બીજે સંક્રમાવે. ત્યારે બીજી આવલિકાના ચરમ સમયે બીજું પ્રદેશસત્તાસ્થાન છે.

એમ બંધવિચ્છેદ સમયે ત્રીજા યોગસ્થાન વડે બંધાયેલ દલિકો બંધાવલિકા વીત્યા બાદ બીજે સંક્રમાવે. ત્યારે બીજી આવલિકાના ચરમ સમયે ત્રીજું પ્રદેશસત્તાસ્થાન છે.

આમ જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધી જેટલા યોગસ્થાન છે તેટલા પ્રદેશસત્તાસ્થાનો બીજી આવલિકાના ચરમ સમયે મળે છે. આ પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે.

એમ બંધવિચ્છેદના દ્વિચરમ સમયે જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના યોગસ્થાનો વડે બંધાયેલા દલિકોના બીજી આવલિકાના ચરમ સમયે જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના યોગસ્થાનો જેટલા પ્રદેશસત્તાસ્થાનો છે, પણ તે પ્રદેશસત્તાસ્થાનો બે સ્થિતિના દલિકોના છે, કેમકે બંધવિચ્છેદના ચરમ સમયે બંધાયેલ દલિકો પણ ત્યારે ૨ સમયની સ્થિતિના વિદ્યમાન છે. આ પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક તે બીજુ સ્પર્ધક છે.

એમ બંધવિચ્છેદના ત્રિચરમ સમયે જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના યોગસ્થાનો વડે બંધાયેલા દલિકોના બીજી આવલિકાના ચરમ સમયે જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના યોગસ્થાનો જેટલા પ્રદેશસત્તાસ્થાનો છે, પણ તે પ્રદેશસત્તાસ્થાનો ત્રણ સ્થિતિના દલિકોના છે, કેમકે બંધવિચ્છેદના ચરમ સમયે અને દ્વિચરમ સમયે બંધાયેલ દલિકો પણ ત્યારે ક્રમશઃ ત્રણ સમયની સ્થિતિના અને બે સમયની સ્થિતિના વિદ્યમાન છે. આ પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક તે ત્રીજુ સ્પર્ધક છે.

આમ ૨ સમયન્યૂન ૨ આવલિકા જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે.

પ્રથમસ્થિતિની ચરમાવલિકાના દલિકો જ્યારે અન્ય પ્રકૃતિઓમાં સંક્રમાવીને ખાલી કરે છે ત્યારે બીજી સ્થિતિના પણ ૧ આવલિકાના દલિકો અન્ય પ્રકૃતિઓમાં સંક્રમાવીને ખાલી કરે છે. તેથી બીજી સ્થિતિના ૧ આવલિકાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો જુદા ગણ્યા નથી. પ્રથમસ્થિતિનો વિચ્છેદ થયા પછી બીજી સ્થિતિના દલિકોના ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો અધિક મળે છે.

તેથી સંજ્વલન ૩ના પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો ૧ આવલિકા + ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમય પ્રમાણ છે.

અહીં ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમય પ્રમાણ પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો જે કહ્યા તેમાં દરેક સ્પર્ધકમાં બે સત્તાસ્થાનો વચ્ચે આંતરુ છે, એટલે કે આ આંતરાવાળા સત્તાસ્થાનોના સ્પર્ધકો છે, કેમકે કોઈપણ યોગસ્થાન વડે બંધાયેલા દલિકો કરતા ત્યારપછીના યોગસ્થાન વડે બંધાયેલા દલિકોમાં એક સ્કંધ વધુ ન હોય, પણ ઘણા સ્કંધો વધુ હોય છે. તેથી બંધાવલિકા વીત્યા બાદ જ્યારે તેમને સંક્રમાવે ત્યારે ચરમ સમયે જે પ્રદેશસત્તાસ્થાનો મળે તે આંતરાવાળા હોય છે. આ પ્રદેશસત્તાસ્થાનોના ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકોમાં ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમયોને કુલ યોગસ્થાનોથી ગુણતા જે આવે તેટલા પ્રદેશસત્તાસ્થાનો છે.

(૩) **સ્ત્રીવેદ, નપુંસકવેદ = ૨ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તા-સ્થાનોના બે સ્પર્ધકો છે.

નપુંસકવેદની અભવ્યયોગ્ય જઘન્ય પ્રદેશસત્તાવાળો જીવ ત્રસમાં ઉત્પન્ન થઈ અનેકવાર દેશવિરતિ અને સર્વવિરતિ પામે. પછી તે ચાર વાર ઉપશમશ્રેણિ માંડે. પછી તે સાધિક ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળી નપુંસકવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડે. તે નપુંસકવેદની પ્રથમસ્થિતિના દ્વિચરમ સમયે નપુંસકવેદના બીજી સ્થિતિના બધા દલિકો પરપ્રકૃતિમાં સંક્રમાવી દે છે. તેને નપુંસકવેદની પ્રથમસ્થિતિના ચરમ સમયે નપુંસકવેદના માત્ર ૧ સમયના દલિકોની પ્રદેશસત્તા હોય છે. તે સમયે સર્વજઘન્ય પ્રદેશસત્તા તે પહેલું પ્રદેશસત્તાસ્થાન છે. તેમાં ૧ પરમાણુ ઉમેરતા

બીજુ પ્રદેશસત્તાસ્થાન મળે છે, ૨ પરમાણુ ઉમેરતા ત્રીજુ પ્રદેશસત્તાસ્થાન મળે છે. એમ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશ જીવના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી વિવિધ જીવોની અપેક્ષાએ અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું એક સ્પર્ધક છે.

નપુંસકવેદની બીજી સ્થિતિના ચરમ સ્થિતિખંડના ચરમ સમયે (એટલે કે પ્રથમસ્થિતિના દ્વિચરમ સમયે) પહેલી સ્થિતિ - બીજી સ્થિતિના બધા દલિકોના સર્વજઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી માંડીને ગુણિતકર્માંશના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તરવૃદ્ધિથી નિરંતર પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે.

આમ નપુંસકવેદના પ્રદેશસત્તાસ્થાનોના ૨ સ્પર્ધકો છે.

સ્ત્રીવેદના પ્રદેશસત્તાસ્થાનોના પણ આ જ રીતે ૨ સ્પર્ધકો છે.

અથવા નપુંસકવેદ-સ્ત્રીવેદના પ્રદેશસત્તાસ્થાનોના ૨ સ્પર્ધકો આ પ્રમાણે છે - જ્યાં સુધી પ્રથમસ્થિતિ અને બીજી સ્થિતિ હોય છે ત્યાં સુધી પ્રદેશસત્તાસ્થાનોનું એક સ્પર્ધક મળે છે. બીજી સ્થિતિનો ક્ષય થયા પછી પ્રથમસ્થિતિ માત્ર ૧ સમયની બાકી હોય ત્યારે પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક મળે છે. આમ નપુંસકવેદ-સ્ત્રીવેદના પ્રદેશસત્તાસ્થાનોના ૨ સ્પર્ધકો છે.

(૪) **પુરુષવેદ :-** પુરુષવેદના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૨ આવલિકાના સમયો જેટલા છે. પુરુષવેદના ઉદયના ચરમ સમયના જઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી માંડીને ગુણિતકર્માંશના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિવાળા નિરંતર અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. તે બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે.

પુરુષવેદની બીજી સ્થિતિના ચરમસ્થિતિખંડના ચરમ સમયે (એટલે કે પ્રથમસ્થિતિના દ્વિચરમ સમયે, એટલે કે ઉદયના દ્વિચરમ સમયે) પ્રથમસ્થિતિ-બીજી સ્થિતિના બધા દલિકોના સર્વજઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી માંડીને ગુણિતકર્માંશના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તરવૃદ્ધિથી નિરંતર પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે.

પુરુષવેદના બંધવિચ્છેદ પછી બીજી સ્થિતિમાં ૨ સમયન્યૂન ૨ આવલિકાના બંધાયેલા દલિકો વિદ્યમાન છે. તેમના પ્રદેશસત્તાસ્થાનોના ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો સંજ્વલન ૩ના પ્રદેશસત્તાસ્થાનોના ૨ સમય ન્યૂન ૨ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો પ્રમાણે જાણવા.

આ ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના જે સ્પર્ધકો છે તેમાં દરેક સ્પર્ધકમાં બે પ્રદેશસત્તાસ્થાનો વચ્ચે આંતરું છે. એટલે કે આ આંતરાવાળા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે, કેમકે કોઈપણ યોગસ્થાન વડે બંધાયેલા દલિકો કરતા ત્યારપછીના યોગસ્થાન વડે બંધાયેલા દલિકોમાં એક સ્કંધ વધુ ન હોય, પણ ઘણા સ્કંધો વધુ હોય છે. તેથી બંધાવલિકા વીત્યા બાદ જ્યારે તેમને સંક્રમાવે ત્યારે ચરમ સમયે જે સત્તાસ્થાનો મળે તે આંતરાવાળા હોય છે. આ ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકોમાં ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમયોને કુલ યોગસ્થાનોથી ગુણતા જે આવે તેટલા પ્રદેશસત્તાસ્થાનો છે.

આમ પુરુષવેદના પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો = ૨ સ્પર્ધક + ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો = ૨ આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો.

**(૫) સમ્યક્ત્વમોહનીય :-** સમ્યક્ત્વમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકાના સમયો પ્રમાણ છે.

સમ્યક્ત્વમોહનીયની અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળો અને જઘન્ય પ્રદેશસત્તાવાળો ક્ષપિતકર્માંશ જીવ ત્રસમાં આવી અનેકવાર સમ્યક્ત્વ અને દેશવિરતિ પામે. પછી તે ૪ વાર ઉપશમશ્રેણિ માંડે. પછી તે ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળે. પછી તે ૧લા ગુણઠાણે જઈ લાંબાકાળની ઉદ્વલનાથી સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરે. તેના ચરમ સ્થિતિખંડને સંક્રમાવ્યા પછી તે તેની ચરમાવલિકાના દલિકોને સ્તિબુકસંક્રમથી મિથ્યાત્વમોહનીયમાં નાંખે. તેના ચરમ સમયે સમ્યક્ત્વમોહનીયનું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન હોય છે. ત્યાર પછી વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી નિરંતર પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે. તે ચરમસ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક છે. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ૧ સમયની સ્થિતિસત્તા હોય છે પણ તે અન્ય પ્રકૃતિના સંક્રમથી પુષ્ટ થયેલ હોય છે. તેથી ત્યારથી માંડીને પ્રદેશસત્તાસ્થાનના સ્પર્ધકોની વિચારણા કરી નથી.

એમ છેલ્લી બે સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે. એમ સમયન્યૂન ૧ આવલિકાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે.

તથા ચરમ સ્થિતિખંડના ચરમપ્રક્ષેપ વખતના પ્રદેશસત્તાસ્થાનથી માંડીને પશ્ચાનુપૂર્વીથી ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તર વૃદ્ધિવાળા પ્રદેશસત્તાસ્થાનો છે. આ પ્રદેશસત્તાસ્થાનોનું પણ એક સ્પર્ધક છે.

તેથી સમ્યક્ત્વમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો ૧ આવલિકાના સમય જેટલા છે.

**કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૪૭, તેની ચૂર્ણિ અને બન્ને ટીકાઓમાં પાના નં.** ૭૭-૭૮ ઉપર સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, વૈક્રિય ૧૧, આહારક ૭, મનુષ્ય ૨, ઉચ્ચગોત્રના પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક કહ્યું છે. તે આ પ્રમાણે - 'સ્તિબુકસંક્રમના ચરમ સમયે સમ્યક્ત્વમોહનીયનું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન હોય છે. ત્યાર પછી વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી નિરંતર પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે. મિશ્રમોહનીય, વૈક્રિય ૧૧, આહારક ૭, મનુષ્ય ૨, ઉચ્ચગોત્રના પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક પણ આ પ્રમાણે છે.' **કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૪૭ની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત ટીકા**માં કહ્યું છે, 'અહીં ઉદ્વલનાયોગ્ય પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનો ૧ સ્પર્ધક પ્રમાણ કહ્યા છે તે ઉપલક્ષણરૂપ છે, (એટલે કે તેના ઉપલક્ષણથી શેષ સ્પર્ધકો સમજી લેવા) પણ શેષસ્પર્ધકોના નિષેધ માટે નથી. પૂર્વે (ગાથા ૪૪)માં કહેલી અનુદયવતી પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકોની જેમ ઉદ્વલનાયોગ્ય પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો  આવલિકાના સમયો જેટલા છે.'

**પંચસંગ્રહ સત્તાધિકાર ગાથા ૧૮૦ ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પણ પાના નં.** ૩૦૪ ઉપર કહ્યું છે કે, 'સમ્યક્ત્વમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકા જેટલા છે. કર્મપ્રકૃતિમાં આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનો ૧ સ્પર્ધક જેટલા કહ્યા છે તે ઉપલક્ષણરૂપ છે, (એટલે કે તેના ઉપલક્ષણથી શેષસ્પર્ધકો સમજી લેવા.) પણ શેષસ્પર્ધકોના નિષેધ માટે નથી.'

**(૬) મિશ્રમોહનીય :-** મિશ્રમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકાના સમયો જેટલા છે. તે સમ્યક્ત્વમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકોની જેમ જાણવા.

**(૭) દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, આહારક ૭, મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર = ૨૧ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકાના સમયો જેટલા છે. તે સમ્યક્ત્વમોહનીયના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકોની જેમ જાણવા. પણ તેમાં સમ્યક્ત્વનો ૧૩૨ સાગરોપમનો કાળ ન કહેવો.

**(૮) સંજ્વલન લોભ, યશ = ૨ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોનું એક સ્પર્ધક છે.

આ પ્રકૃતિઓની અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળો અને જઘન્ય પ્રદેશસત્તાવાળો જીવ ત્રસમાં આવી ૪ વાર ઉપશમશ્રેણિ માંડવા સિવાયની ક્ષપિતકર્માંશની બધી ક્રિયાઓ કરે. પછી તે લાંબો કાળ સંયમ પાળી ક્ષપકશ્રેણિ માંડે. તેના યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે આ પ્રકૃતિઓનું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન હોય છે. ઉપશમશ્રેણિ માંડે તો ગુણસંક્રમથી પરપ્રકૃતિઓના ઘણા દલિકો આવે. તેથી જઘન્ય પ્રદેશસત્તા ન મળે. જઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશ જીવના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી નિરંતર અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે.

**(૯) હાસ્ય ૬ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોનું એક સ્પર્ધક છે.

આ પ્રકૃતિઓની અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળો અને જઘન્ય પ્રદેશસત્તાવાળો ક્ષપિતકર્માંશ જીવ ત્રસમાં આવી અનેકવાર

સમ્યક્ત્વ અને દેશવિરતિ પાળી ચાર વાર ઉપશમશ્રેણિ માંડી વારંવાર સ્ત્રીવેદ-નપુંસકવેદ બાંધે અને હાસ્ય ૬ના દલિકો તેમાં સંક્રમાવે. પછી તે મનુષ્ય થઈ લાંબો કાળ સંયમ પાળી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ચરમ સ્થિતિખંડના ચરમ સમયે હાસ્ય ૬ નું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન હોય છે. ત્યાર પછી વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશ જીવના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી નિરંતર અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તા-સ્થાનોનું ૧ સ્પર્ધક છે.

**(૧૦) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, નિદ્રા ૨ = ૧૬ :-** નિદ્રા ૨ સિવાયની આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૨મા ગુણઠાણાના સંખ્યાતમા ભાગના સમયો + ૧ જેટલા છે. નિદ્રા ૨ ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૨મા ગુણઠાણાના સંખ્યાતમા ભાગના સમયો જેટલા છે.

૧૨મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને અંતર્મુહૂર્ત પ્રમાણ એક સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ ની સ્થિતિસત્તાની અપવર્તના કરી તેને ૧૨મા ગુણઠાણાના શેષ કાળ સમાન કરે, નિદ્રા ૨ ની સ્થિતિસત્તા સ્વરૂપની અપેક્ષાએ ૧૨મા ગુણઠાણાના શેષ કાળ કરતા ૧ સમયન્યૂન કરે. (નિદ્રા ૨ની સામાન્યથી કર્મરૂપે રહેવારૂપ સ્થિતિ તો ૧૨મા ગુણઠાણાના શેષકાળ તુલ્ય જ કરે.) ત્યારથી તે કર્મોના સ્થિતિઘાત વગેરે ન થાય. ૧૨મા ગુણઠાણાની શેષ સ્થિતિસત્તાને ઉદય-ઉદીરણાથી ભોગવે. ચરમ સ્થિતિ શેષ રહે ત્યારે ક્ષપિતકર્માંશ જીવની સર્વજઘન્યપ્રદેશસત્તા તે જઘન્ય પ્રદેશસત્તાસ્થાન છે. તેમાં ૧ પરમાણુ ઉમેરતા બીજુ પ્રદેશસત્તાસ્થાન થાય છે. એમ ગુણિતકર્માંશના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન

સુધી ૧-૧ પરમાણુની વૃદ્ધિથી નિરંતર અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે. આ ચરમ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક છે. એમ છેલ્લી બે સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે, છેલ્લી ત્રણ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું ત્રીજુ સ્પર્ધક છે. આમ પ્રદેશસત્તાસ્થાનોના ૧૨મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગના સમયો જેટલા સ્પર્ધકો છે. નિદ્રા ૨ ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો સમય ન્યૂન ૧૨મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગના સમયો જેટલા છે.

ચરમ સ્થિતિઘાતના ચરમ પ્રક્ષેપ વખતના પ્રદેશસત્તાસ્થાનથી માંડીને પશ્ચાનુપૂર્વીથી પોતપોતાના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તરવૃદ્ધ પ્રદેશસત્તાસ્થાનો છે. તે બધા પ્રદેશસત્તાસ્થાનોનું એક સ્પર્ધક છે.

તેથી જ્ઞાનાવરણ ૫ વગેરે ૧૪ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૨મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગના સમયો + ૧ જેટલા છે. નિદ્રા ૨ ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૨મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગના સમયો – ૧ + ૧ જેટલા છે, એટલે કે ૧૨મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગના સમયો જેટલા છે.

**(૧૧) મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, સુભગ, આદેય, યશ, ત્રસ ૩, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર, સાતા/અસાતા = ૧૨ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૪મા ગુણઠાણાના સમયો + ૧ જેટલા છે.

૧૪મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનું ક્ષપિતકર્માંશનું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન તે પ્રથમ પ્રદેશસત્તાસ્થાન

છે. તેમાં ૧ પરમાણુ ઉમેરવાથી બીજુ પ્રદેશસત્તાસ્થાન થાય છે. એમ વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધીના અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. તે બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે. આ ચરમસ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક છે. એમ છેલ્લી બે સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે, છેલ્લી ત્રણ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું ત્રીજુ સ્પર્ધક છે. એમ ૧૪મા ગુણઠાણાના સમયો જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે.

૧૩મા ગુણઠાણાના ચરમ સમયે ચરમ સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપ વખતના પ્રદેશસત્તાસ્થાનથી માંડીને પોતપોતાના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તરવૃદ્ધ પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું પણ ૧ સ્પર્ધક છે.

તેથી આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૪મા ગુણઠાણાના સમયો + ૧ જેટલા છે.

**(૧૨) ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ક્ષય થનારી ૮૩ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનો ૧૪મા ગુણઠાણાના સમયો જેટલા છે.

૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે આ પ્રકૃતિઓનું ક્ષપિતકર્માંશનું જઘન્ય પ્રદેશસત્તાસ્થાન તે પ્રથમ પ્રદેશસત્તાસ્થાન છે. તેમાં ૧ પરમાણુ ઉમેરવાથી બીજુ પ્રદેશસત્તાસ્થાન થાય છે. એમ વિવિધ જીવોની અપેક્ષાએ ૧-૧ પરમાણુની વૃદ્ધિથી ગુણિતકર્માંશના તે સમયના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધીના અનંત પ્રદેશસત્તાસ્થાનો છે. તે બધા પ્રદેશસત્તાસ્થાનોનું ૧ સ્પર્ધક છે. આ દ્વિચરમ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું સ્પર્ધક છે. એમ દ્વિચરમ

સ્થિતિ અને ત્રિચરમ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું બીજુ સ્પર્ધક છે, દ્વિચરમ સ્થિતિ - ત્રિચરમ સ્થિતિ - ચતુશ્ચરમ સ્થિતિના પ્રદેશસત્તાસ્થાનોનું ત્રીજુ સ્પર્ધક છે. એમ ૧૪મા ગુણઠાણાના સમયો કરતા ૧ ન્યૂન જેટલા પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો છે.

૧૩મા ગુણઠાણાના **ચરમ સમયે ચરમ** સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપ વખતના પ્રદેશસત્તાસ્થાનથી માંડીને પોતપોતાના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી યથોત્તરવૃદ્ધ પ્રદેશસત્તાસ્થાનો છે. આ બધા પ્રદેશસત્તાસ્થાનોનું પણ ૧ સ્પર્ધક છે.

તેથી આ પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનો ૧૪મા ગુણઠાણાના સમયો – ૧ + ૧ જેટલા છે, એટલે કે ૧૪મા ગુણઠાણાના સમયો જેટલા છે.

- મનુષ્યગતિ વગેરે કેટલીક પ્રકૃતિઓના પ્રદેશસત્તાસ્થાનો બે રીતે સંભવે છે. તે ઉપર બતાવ્યા મુજબ છે.
- આ જ રીતે બંધનકરણ વગેરે આઠ કરણો અને ઉદયમાં પણ પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો જાણવા, એટલે કે પ્રદેશબંધસ્થાનો, પ્રદેશસંક્રમસ્થાનો વગેરે જાણવા. તે આ રીતે - બંધનકરણમાં જઘન્ય યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના બંધને આશ્રયીને પ્રદેશસત્તાસ્થાનો (પ્રદેશબંધસ્થાનો) મળે છે. તેમનું ૧ સ્પર્ધક છે.એમ સંક્રમકરણ વગેરેમાં પણ જાણવું.

- સરળ આત્માની વિશુદ્ધિ થાય છે.
- ધર્મરહિત એવો રાજા પણ ગરીબ જ છે. સદ્ધર્મસંપન્ન એવો ગરીબ પણ વિશ્વમાં રાજા કરતા પણ વધારે છે.
- પ્રવ્રજ્યા એટલે પાપથી ચારિત્રયોગો તરફની પરમયાત્રા.

# ભૂયસ્કારાદિ

૮ કરણો અને ઉદય-સત્તા – આ ૧૦ના પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશમાં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત, અવક્તવ્ય જાણવા.

**ભૂયસ્કાર** :- ઓછા પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થતા હોય અને પછી વધુ પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થાય તે ભૂયસ્કાર છે.

**અલ્પતર** :- વધુ પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થતા હોય અને પછી ઓછા પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થાય તે અલ્પતર છે.

**અવસ્થિત** :- પૂર્વે જેટલા પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થતા હોય તેટલા જ પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે થાય તે અવસ્થિત છે.

**અવક્તવ્ય** :- પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના બંધ, સંક્રમ વગેરે સર્વથા બંધ થયા પછી ફરી શરૂ થાય તે અવક્તવ્ય છે.

**મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓમાં બંધને આશ્રયી ભૂયસ્કાર વગેરે** પમા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

**મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે** આ પ્રમાણે છે -

**મૂળપ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે** -

ઉદયસ્થાનક-૩ :- ૮નું, ૭નું, ૪નું

- જેટલો રાગ વિષયો પ્રત્યે છે તેનાથી અધિક રાગ જો દેવ અને ગુરુ પ્રત્યે આવે તો અશુભ અનુબંધો તૂટે.

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૮નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૭નું | ૮ – મોહનીય | ૧૧મા ગુણઠાણા અને ૧૨મા ગુણઠાણાના જીવો |
| ૩ | ૪નું | ૭ – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧૩મા ગુણઠાણા અને ૧૪મા ગુણઠાણાના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક-૧ :- ૮નું**

૧૧મા ગુણઠાણે ૭નું ઉદયસ્થાનક હોય અને પડીને ૧૦મા વગેરે નીચેના ગુણઠાણે આવે ત્યાં ૮નું ઉદયસ્થાનક થાય તે ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

**અલ્પતર ઉદયસ્થાનક-૨ :- ૭નું, ૪નું**

૧૦મા ગુણઠાણે ૮નું ઉદયસ્થાનક હોય. ત્યાં મોહનીયનો ક્ષય કે ઉપશમ થાય અને ૧૧મા ગુણઠાણે ૭નું ઉદયસ્થાનક થાય તે પહેલું અલ્પતર ઉદયસ્થાનક છે.

૧૨મા ગુણઠાણે ૭નું ઉદયસ્થાનક હોય. ત્યાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયનો ક્ષય થવાથી ૧૩મા ગુણઠાણે ૪નું ઉદયસ્થાનક થાય તે બીજુ અલ્પતર ઉદયસ્થાનક છે.

**અવસ્થિત ઉદયસ્થાનક-૩ :- ૮નું, ૭નું, ૪નું**

ત્રણે ઉદયસ્થાનક બીજા સમયથી અવસ્થિત હોય છે. તેથી અવસ્થિત ઉદયસ્થાનક ત્રણ છે - ૮નું, ૭નું, ૪નું.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :- નથી**

સર્વથા ઉદયનો અભાવ થયા પછી ફરી ઉદય થતો નથી. તેથી અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

## ઉત્તરપ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે -

### (૧) જ્ઞાનાવરણ :-

**ઉદયસ્થાનક-૧ :- ૫નું**

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક, અલ્પતર ઉદયસ્થાનક :-** નથી.

જ્ઞાનાવરણનું એક ઉદયસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક નથી.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧ :-** ૫નું

સદા ૫નું અવસ્થિત ઉદયસ્થાનક હોય છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :-** નથી.

જ્ઞાનાવરણકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી તેનો ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

### (૨) દર્શનાવરણ :-

**ઉદયસ્થાનક-૨ :- ૫નું, ૪નું**

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુ-દર્શનાવરણ, અવધિદર્શના-વરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા ૧ | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો. મતાંતરે ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમસમય સુધીના જીવો. |
| ૨ | ૪નું | ૫ – નિદ્રા ૧ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક-૧ :-** પનું

નિદ્રાનો ઉદય ન હોય ત્યારે ૪નું ઉદયસ્થાનક હોય છે. નિદ્રાનો ઉદય થતા પનું ઉદયસ્થાનક થાય તે ભૂયસ્કર ઉદયસ્થાનક છે.

**અલ્પતર ઉદયસ્થાનક-૧ :-** ૪નું

નિદ્રાનો ઉદય હોય ત્યારે પનું ઉદયસ્થાનક હોય છે. નિદ્રાનો ઉદય અટકી જતા ૪નું ઉદયસ્થાનક થાય તે અલ્પતર ઉદયસ્થાનક છે. અથવા, ૭મા ગુણઠાણે પનું ઉદયસ્થાનક હોય અને ક્ષપકશ્રેણિ માંડે તેમાં ૮મા ગુણઠાણે ૪નું ઉદયસ્થાનક થાય તે અલ્પતર ઉદયસ્થાનક છે.

**અવસ્થિત ઉદયસ્થાનક-૨ :-** પનું, ૪નું

બન્ને ઉદયસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત ઉદયસ્થાનક બે છે - પનું, ૪નું.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :-** નથી.

દર્શનાવરણકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી તેનો ઉદય થતો નથી. તેથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

(૩) **વેદનીય :-**

**ઉદયસ્થાનક-૧ :-** ૧નું

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧નું | સાતા/અસાતા | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક, અલ્પતર ઉદયસ્થાનક :-** નથી.

વેદનીયકર્મનું એક જ ઉદયસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક નથી.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧ :-** ૧નું

સદા ૧નું અવસ્થિત ઉદયસ્થાનક હોય છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :-** નથી.

વેદનીયકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

(૪) **મોહનીય :-**

**ઉદયસ્થાનક-૯ :-** ૧૦નું, ૯નું, ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૪નું, ૨નું, ૧નું.

આ ઉદયસ્થાનકોની પ્રકૃતિઓ અને સ્વામી છઠ્ઠા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

**ભૂયસ્કાર ઉદયસ્થાનક-૮ :-** ૨નું, ૪નું, ૫નું, ૬નું, ૭નું, ૮નું, ૯નું, ૧૦નું.

અલ્પ પ્રકૃતિઓનો ઉદય હોય અને પછી વધુ પ્રકૃતિઓનો ઉદય થાય ત્યારે આ આઠ ભૂયસ્કાર ઉદયસ્થાનકો થાય છે.

**અલ્પતર ઉદયસ્થાનક-૮ :-** ૯નું, ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૪નું, ૨નું, ૧નું.

વધુ પ્રકૃતિઓનો ઉદય હોય અને પછી અલ્પ પ્રકૃતિઓનો ઉદય થાય ત્યારે આ આઠ અલ્પતર ઉદયસ્થાનકો થાય છે.

**અવસ્થિત ઉદયસ્થાનક-૯ :-** ૧૦નું, ૯નું, ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૪નું, ૨નું, ૧નું.

નવે ઉદયસ્થાનકો બીજા સમયથી અવસ્થિત હોય છે. તેથી આ નવ અવસ્થિત ઉદયસ્થાનકો છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક-૫ :-** ૧નું, ૬નું, ૭નું, ૮નું, ૯નું

૧૧મા ગુણઠાણાથી પડીને ૧૦મા ગુણઠાણે આવે ત્યારે ૧નું અવક્તવ્ય ઉદયસ્થાનક હોય છે.

૧૧મા ગુણઠાણાથી પડીને ૪થા ગુણઠાણે આવે ત્યાં આ પ્રમાણે ઉદયસ્થાનકો હોય છે -

૬નું ઉદયસ્થાનક=અપ્રત્યાખ્યાનાવરણીય ૧, પ્રત્યાખ્યાનાવરણીય ૧, સંજ્વલન ૧, પુરુષવેદ, હાસ્ય, રતિ

૭નું ઉદયસ્થાનક = ૬ + સમ્યક્ત્વમોહનીય
= ૬ + ભય
= ૬ + જુગુપ્સા

૮નું ઉદયસ્થાનક = ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય
= ૬ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા
= ૬ + ભય + જુગુપ્સા

૯નું ઉદયસ્થાનક = ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા

સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળા ઉદયસ્થાનકો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને હોય છે. શેષ ઉદયસ્થાનકો ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને હોય છે.

આ ૬ના, ૭ના, ૮ના અને ૯ના ચાર અવક્તવ્ય ઉદયસ્થાનકો છે.

**(૫) આયુષ્ય :-**

**ઉદયસ્થાનક-૧ :-** ૧નું

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧નું | નરકાયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના નારકો |
| | | દેવાયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના દેવો |
| | | તિર્યંચાયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના તિર્યંચો |
| | | મનુષ્યાયુષ્ય | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના મનુષ્યો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક, અલ્પતર ઉદયસ્થાનક** :- નથી

આયુષ્યકર્મનું એક જ ઉદયસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક નથી.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧** :- ૧નું

સદા ૧નું અવસ્થિત ઉદયસ્થાનક હોય છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક** :- નથી

આયુષ્યકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

(૬) **નામ** :-

**ઉદયસ્થાનક-૧૨** :- ૨૦નું, ૨૧નું, ૨૪નું, ૨૫નું, ૨૬નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૯નું, ૮નું.

આ ઉદયસ્થાનકોની પ્રકૃતિઓ અને સ્વામી છઠ્ઠા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

**ભૂયસ્કાર ઉદયસ્થાનક-૮** :- ૨૪નું, ૨૫નું, ૨૬નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું.

જીવ ૮ના ઉદયસ્થાનક પરથી ૯ના ઉદયસ્થાનક પર, ૯ના ઉદયસ્થાનક પરથી ૨૦ના ઉદયસ્થાનક પર, ૨૦ના ઉદયસ્થાનક પરથી ૨૧ના ઉદયસ્થાનક પર ન જાય. તથા ૮ના ઉદયસ્થાનકથી નીચેનું કોઈ ઉદયસ્થાનક નથી. તેથી ૮ના, ૯ના, ૨૦ના, ૨૧ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો નથી. જીવ ૨૧ના વગેરે ઉદયસ્થાનકો પરથી ૨૪ના વગેરે ઉદયસ્થાનકો પર જાય છે. તેથી ઉપર કહ્યા મુજબ ૮ ભૂયસ્કાર ઉદયસ્થાનકો છે.

**અલ્પતર ઉદયસ્થાનક-૯ :-** ૩૦નું, ૨૯નું, ૨૮નું, ૨૭નું, ૨૬નું, ૨૧નું, ૨૦નું, ૯નું, ૮નું

જીવ ઉપરના ઉદયસ્થાનક પરથી ૨૫ના ઉદયસ્થાનક પર, ૨૫ના ઉદયસ્થાનક પરથી ૨૪ના ઉદયસ્થાનક પર ન જાય. તથા ૩૧ના ઉદયસ્થાનકથી ઉપરનું કોઈ ઉદયસ્થાનક નથી. તેથી ૩૧ના, ૨૫ના અને ૨૪ના અલ્પતર ઉદયસ્થાનકો નથી. શેષ અલ્પતર ઉદયસ્થાનકો સંભવે છે. તે તીર્થંકર અને અતીર્થંકરને આશ્રયીને આ પ્રમાણે છે -

(૧) સ્વભાવસ્થ અતીર્થંકર કેવળીને ૩૦નું ઉદયસ્થાનક હોય છે. સમુદ્‌ઘાતમાં બીજા સમયે ઔદારિકમિશ્ર કાયયોગમાં પરાઘાત, ઉચ્છ્‌વાસ, ખગતિ ૧, સ્વર ૧નો નિરોધ થતા ૨૬નું ઉદયસ્થાનક થાય છે. તે પહેલુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૨) સ્વભાવસ્થ તીર્થંકર કેવળીને ૩૧નું ઉદયસ્થાનક હોય છે. સમુદ્‌ઘાતમાં બીજા સમયે ઔદારિક મિશ્ર કાયયોગમાં પરાઘાત, ઉચ્છ્‌વાસ, ખગતિ ૧, સ્વર ૧નો નિરોધ થતા ૨૭નું ઉદયસ્થાનક થાય છે. તે બીજુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૩) અતીર્થંકર કેવળીને સમુદ્‌ઘાતમાં બીજા સમયે ૨૬નું ઉદયસ્થાનક હોય છે. સમુદ્‌ઘાતમાં ત્રીજા સમયે કાર્મણ

કાયયોગમાં સંસ્થાન ૧, ૧લુ સંઘયણ, ઔદારિક ૨, ઉપઘાત, પ્રત્યેકનો નિરોધ થતા ૨૦નું ઉદયસ્થાનક થાય છે. તે ત્રીજુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૪) તીર્થંકરકેવળીને સમુદ્ઘાતમાં બીજા સમયે ૨૭નું ઉદયસ્થાનક હોય છે. સમુદ્ઘાતમાં ત્રીજા સમયે કાર્મણ કાયયોગમાં સંસ્થાન ૧, ૧લુ સંઘયણ, ઔદારિક ૨, ઉપઘાત, પ્રત્યેકનો નિરોધ થતા ૨૧નું ઉદયસ્થાનક થાય છે. તે ચોથુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૫) અતીર્થંકર કેવળીને ૩૦નું ઉદયસ્થાનક હોય અને સ્વરનો નિરોધ થયા પછી ૨૯નું ઉદયસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૬) અતીર્થંકર કેવળીને ૨૯નું ઉદયસ્થાનક હોય અને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી ૨૮નું ઉદયસ્થાનક થાય તે છઠ્ઠુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૭) અતીર્થંકર કેવળીને ૨૮નું ઉદયસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણે ૮નું ઉદયસ્થાનક થાય તે સાતમુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૮) તીર્થંકર કેવળીને ૩૧નું ઉદયસ્થાનક હોય અને સ્વરનો નિરોધ થયા પછી ૩૦નું ઉદયસ્થાનક થાય તે આઠમું અલ્પતર ઉદયસ્થાનક છે. પછી તેને ઉચ્છ્વાસનો નિરોધ થતા ૨૯નું ઉદયસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૯) તીર્થંકર કેવળીને ૨૯નું ઉદયસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણે ૯નું ઉદયસ્થાનક થાય તે નવમું અલ્પતર ઉદયસ્થાનક છે.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧૨ :-** ૨૦નું, ૨૧નું, ૨૪નું, ૨૫નું, ૨૬નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૯નું, ૮નું.

બારે ઉદયસ્થાનકો બીજા સમયથી અવસ્થિત હોય છે. તેથી આ ૧૨ અવસ્થિત ઉદયસ્થાનકો છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક** - નથી.

નામકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

(૭) **ગોત્ર :-**

**ઉદયસ્થાનક-૧ :-** ૧નું

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧નું | નીચગોત્ર | ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના જીવો |
| | | ઉચ્ચગોત્ર | ૧લા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક, અલ્પતર ઉદયસ્થાનક :-** નથી

ગોત્રકર્મનું એક જ ઉદયસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક નથી.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧ :-** ૧નું

સદા ૧નું અવસ્થિત ઉદયસ્થાનક હોય છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :-** નથી

ગોત્રકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

(૮) **અંતરાય :-**

**ઉદયસ્થાનક-૧ :-** ૫નું

| ક્રમ | ઉદયસ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદયસ્થાનક, અલ્પતર ઉદયસ્થાનક :-** નથી

અંતરાયકર્મનું એક જ ઉદયસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક નથી.

**અવસ્થિત ઉદયસ્થાનક-૧ :-** ૫નું

સદા ૫નું અવસ્થિત ઉદયસ્થાનક હોય છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક :-** નથી

અંતરાયકર્મના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી ઉદય થતો ન હોવાથી તેનું અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

**સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં ઉદયને આશ્રયી ભૂયસ્કાર વગેરે :-**

ઉદયસ્થાનકો-૨૬ :-

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧૧નું | મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, સાતા/અસાતા, ઉચ્ચગોત્ર | ૧૪મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળી |
| ૨ | ૧૨નું | ૧૧ + જિન | ૧૪મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળી |
| ૩ | ૨૩નું | ૧૧ + તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ | સમુદ્‌ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળી |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૪ | ૨૪નું | ૨૩ + જિન | સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળી |
| ૫ | ૨૯નું | ૨૩ + ઔદારિક ૨, સંસ્થાન ૧, ૧લુ સંઘયણ, પ્રત્યેક, ઉપઘાત | સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્ર-કાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળી |
| ૬ | ૩૦નું | ૨૯ + જિન | સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્ર-કાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળી |
| ૭(i) | ૩૩નું | ૨૯+પરાઘાત, ઉચ્છ્વાસ, ખગતિ ૧, સ્વર ૧ | ૧૩મા ગુણઠાણાવાળા સ્વભાવસ્થ અતીર્થંકર કેવળી |
| ૮ | ૩૪નું | ૩૩ + જિન | ૧૩મા ગુણઠાણાવાળા સ્વભાવસ્થ તીર્થંકર કેવળી |
| ૭(ii) | ૩૩નું | ૩૪ – સ્વર ૧ | ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી |
| ૯(i) | ૩૨નું | ૨૯ + પરાઘાત, ઉચ્છ્વાસ, ખગતિ ૧ | ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી |
| ૯(ii) | ૩૨નું | ૨૯ + પરાઘાત, ખગતિ ૧, જિન | ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી |
| ૧૦ | ૩૧નું | ૨૯ + પરાઘાત, ખગતિ ૧ | ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી |

આ ૧૦ ઉદયસ્થાનક કેવળીના છે.

**ભૂયસ્કાર ઉદયસ્થાનક** -□૪ :- ૧૧ના, ૧૨ના, ૨૩ના,

□. કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૫૨ની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. अ ।।૫।। B ઉપર કહ્યું છે - 'સામાન્યથી સર્વ

૨૪ના, ૩૧ના, ૩૨ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો સંભવતા નથી. ૨૯ના, ૩૦ના, ૩૩ના, ૩૪ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો સંભવે છે. તે આ પ્રમાણે -

(૧) અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૩નું ઉદયસ્થાનક હોય અને ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૯નું ઉદયસ્થાનક થાય તે પહેલું ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

(૨) તીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૪નું ઉદયસ્થાનક હોય અને ઔદારિકમિશ્રકાયયોગમાં ૩૦નું ઉદયસ્થાનક થાય તે બીજુ ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

(૩) અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૯નું ઉદયસ્થાનક હોય અને સ્વભાવસ્થ થયા પછી ૩૩નું ઉદયસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

---

ઉત્તરપ્રકૃતિઓમાં ૬ ભૂયસ્કાર ઉદયસ્થાનક છે. તે અતીર્થંકર અને તીર્થંકરને આશ્રયીને ક્રમશઃ ૨૯ના, ૩૦ના વગેરે જાણવા. શેષ ઉદયસ્થાનકો ભૂયસ્કાર ઉદયસ્થાનક તરીકે મળતા નથી.' પણ સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓને વિષે ચાર જ ભૂયસ્કાર ઉદયસ્થાનકો ઘટે છે. તે આ પ્રમાણે-૨૯નું, ૩૦નું, ૩૩નું અને ૩૪નું. ૩૧ના અને ૩૨ના ઉદયસ્થાનકો ભૂયસ્કાર ઉદયસ્થાનક તરીકે મળતા નથી. અતીર્થંકરકેવળીને ૨૯ના ઉદયસ્થાનક પછી ૩૩નું ઉદયસ્થાનક થાય છે, ત્યાર પછી ૩૨નું ઉદયસ્થાનક થાય છે અને ત્યાર પછી ૩૧નું ઉદયસ્થાનક થાય છે. આમ ૨૯ના ઉદયસ્થાનક પછી વ્યવહિતપણે ૩૧નું ઉદયસ્થાનક થાય છે. તે વ્યવધાનને ગૌણ કરીને ૩૧નું ભૂયસ્કાર ઉદયસ્થાનક ઘટાવી શકાય. એ જ રીતે તીર્થંકર કેવળીના ૩૦ના ઉદયસ્થાનક પછી ૩૪નું ઉદયસ્થાનક થાય છે, ત્યાર પછી ૩૩નું ઉદયસ્થાનક થાય છે અને ત્યાર પછી ૩૨નું ઉદયસ્થાનક થાય છે. આમ ૩૦ના ઉદયસ્થાનક પછી વ્યવહિતપણે ૩૨નું ઉદયસ્થાનક થાય છે. તે વ્યવધાનને ગૌણ કરીને ૩૨નું ભૂયસ્કાર ઉદયસ્થાનક ઘટાવી શકાય. આ વાત ટીકાકારના કથનને સંગત કરવા સમજવી. બાકી વાસ્તવિકતામાં ૩૧નું અને ૩૨નું ભૂયસ્કાર ઉદયસ્થાનક ન જ મળે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

(૪) તીર્થંકર કેવળીને સમુદ્‌ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૩૦નું ઉદયસ્થાનક હોય અને સ્વભાવસ્થ થયા પછી ૩૪નું ઉદયસ્થાનક થાય તે ચોથુ ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

**અલ્પતર ઉદયસ્થાનક-૯ :-** ૩૩નું, ૩૨નું, ૩૧નું, ૩૦નું, ૨૯નું, ૨૪નું, ૨૩નું, ૧૨નું, ૧૧નું. (૩૪નું અલ્પતર ઉદયસ્થાનક સંભવતુ નથી.) તે આ પ્રમાણે -

(૧) તીર્થંકર કેવળીને ૩૪નું ઉદયસ્થાનક હોય અને સ્વરનો નિરોધ થયા પછી ૩૩નું ઉદયસ્થાનક થાય તે પહેલું અલ્પતર ઉદયસ્થાનક છે.

(૨) તીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી ૩૩નું ઉદયસ્થાનક હોય અને ઉચ્છ્‌વાસનો નિરોધ થયા પછી ૩૨નું ઉદયસ્થાનક થાય તે બીજુ અલ્પતર ઉદયસ્થાનક છે. અતીર્થંકર કેવળીને ૩૩નું ઉદયસ્થાનક હોય અને સ્વરનો નિરોધ થયા પછી ૩૨નું ઉદયસ્થાનક થાય તે પણ બીજુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૩) અતીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી ૩૨નું ઉદયસ્થાનક હોય અને ઉચ્છ્‌વાસનો નિરોધ થયા પછી ૩૧નું ઉદયસ્થાનક થાય તે ત્રીજુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૪) તીર્થંકર કેવળીને ૩૪નું ઉદયસ્થાનક હોય અને સમુદ્‌ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૩૦નું ઉદયસ્થાનક થાય તે ચોથુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૫) અતીર્થંકર કેવળીને ૩૩નું ઉદયસ્થાનક હોય અને સમુદ્‌ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૯નું ઉદયસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૬) તીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૩૦નું ઉદયસ્થાનક હોય અને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૪નું ઉદયસ્થાનક થાય તે છઠ્ઠુ અલ્પતર ઉદયસ્થાનક છે.

(૭) અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૯નું ઉદયસ્થાનક હોય અને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૩નું ઉદયસ્થાનક થાય તે સાતમું અલ્પતર ઉદયસ્થાનક છે.

(૮) તીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી ૩૨નું ઉદયસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણે ૧૨નું ઉદયસ્થાનક થાય તે આઠમું અલ્પતર ઉદયસ્થાનક છે.

(૯) અતીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી ૩૧નું ઉદયસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણે ૧૧નું ઉદયસ્થાનક થાય તે નવમું અલ્પતર ઉદયસ્થાનક છે.

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧૧ | ૪૪નું | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, વેદનીય ૧, અપ્રત્યાખ્યાનાવરણીય ૧, પ્રત્યાખ્યાનાવરણીય ૧, સંજ્વલન ૧, વેદ ૧, યુગલ ૧, આયુષ્ય ૧, ગતિ ૧, પંચેન્દ્રિયજાતિ, તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ-૪, આનુપૂર્વી ૧, અગુરુલઘુ, નિર્માણ, ત્રસ ૩, સ્થિર ૨, અસ્થિર ૨, સુભગ/દુર્ભગ, આદેય/અનાદેય, યશ/અયશ, ગોત્ર ૧, અંતરાય ૫ | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૨(i) | ૪૫નું | ૪૪ + સમ્યક્ત્વમોહનીય | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૨(ii) | ૪૫નું | ૪૪ + ભય | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૨(iii) | ૪૫નું | ૪૪ + જુગુપ્સા | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧૩(i) | ૪૬નું | ૪૪ + સમ્યક્ત્વમોહનીય + ભય | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૩(ii) | ૪૬નું | ૪૪ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૩(iii) | ૪૬નું | ૪૪ + ભય + જુગુપ્સા | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૪ | ૪૭નું | ૪૪ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | વિગ્રહગતિમાં રહેલા ૪થા ગુણઠાણાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો |
| ૧૫ | ૪૮નું | ૪૪ – આનુપૂર્વી ૧ + વૈક્રિય ૨, ૧લું સંસ્થાન/હુંડક સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૬(i) | ૪૯નું | ૪૮ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૬(ii) | ૪૯નું | ૪૮ + ભય | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૬(iii) | ૪૯નું | ૪૮ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૭(i) | ૫૦નું | ૪૮ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૭(ii) | ૫૦નું | ૪૮ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૭(iii) | ૫૦નું | ૪૮ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૮(i) | ૫૧નું | ૪૮ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો |
| ૧૬(iv) | ૪૯નું | ૪૪ – આનુપૂર્વી ૧ + ઔદારિક ૨, ૧લું સંસ્થાન, ૧લુ સંઘયણ, ઉપઘાત, પ્રત્યેક | ૪થા ગુણઠાણાના ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૧૭(iv) | ૫૦નું | ૪૯ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૧૭(v) | ૫૦નું | ૪૯ + ભય | ૪થા ગુણઠાણાના ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૧૭(vi) | ૫૦નું | ૪૯ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧૮(ii) | ૫૧નું | ૪૯ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૧૮(iii) | ૫૧નું | ૪૯ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૧૮(iv) | ૫૧નું | ૪૯ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(i) | ૫૨નું | ૪૯ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(i) | ૫૩નું | ૫૨ + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભવસ્થ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો□ |
| ૧૭(vii) | ૫૦નું | ૪૮ + પરાઘાત + ખગતિ ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૮(v) | ૫૧નું | ૫૦ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૮(vi) | ૫૧નું | ૫૦ + ભય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૮(vii) | ૫૧નું | ૫૦ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૯(ii) | ૫૨નું | ૫૦ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૯(iii) | ૫૨નું | ૫૦ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૧૯(iv) | ૫૨નું | ૫૦ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |
| ૨૦(ii) | ૫૩નું | ૫૦ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ દેવો-નારકો |

□. મુખ્યમતે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે નિદ્રાનો ઉદય ન હોય. મતાંતરે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે નિદ્રાનો ઉદય હોઈ શકે. આ મતાંતરની અપેક્ષાએ અહીં નિદ્રા ૧ સહિતના ૫૩ના ઉદયસ્થાનકના સ્વામી ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વેના ભવસ્થ ક્ષાયિકસમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો કહ્યા છે.

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧૮(viii) | ૫૧નું | ૪૯ + પરાઘાત + સુખગતિ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(v) | ૫૨નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(vi) | ૫૨નું | ૫૧ + ભય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(vii) | ૫૨નું | ૫૧ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(viii) | ૫૨નું | ૫૧ + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(iii) | ૫૩નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(iv) | ૫૩નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(v) | ૫૩નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(vi) | ૫૩નું | ૫૧ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(vii) | ૫૩નું | ૫૧ + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(viii) | ૫૩નું | ૫૧ + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(i) | ૫૪નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(ii) | ૫૪નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(iii) | ૫૪નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(iv) | ૫૪નું | ૫૧ + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(i) | ૫૫નું | ૫૧ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૧૯(ix) | ૫૨નું | ૫૧ + ઉચ્છ્વાસ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૨૦(ix) | ૫૩નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(x) | ૫૩નું | ૫૨ + ભય | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(xi) | ૫૩નું | ૫૨ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(xii) | ૫૩નું | ૫૨ + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(v) | ૫૪નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(vi) | ૫૪નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(vii) | ૫૪નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(viii) | ૫૪નું | ૫૨ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(ix) | ૫૪નું | ૫૨ + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(x) | ૫૪નું | ૫૨ + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(ii) | ૫૫નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૨૨(iii) | ૫૫નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(iv) | ૫૫નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(v) | ૫૫નું | ૫૨ + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૩(i) | ૫૬નું | ૫૨ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૦(xiii) | ૫૩નું | ૫૨ + સ્વર ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(xi) | ૫૪નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(xii) | ૫૪નું | ૫૩ + ભય | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(xiii) | ૫૪નું | ૫૩ + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૧(xiv) | ૫૪નું | ૫૩ + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(vi) | ૫૫નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(vii) | ૫૫નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(viii) | ૫૫નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(ix) | ૫૫નું | ૫૩ + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(x) | ૫૫નું | ૫૩ + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૨(xi) | ૫૫નું | ૫૩ + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્યો-તિર્યંચો |

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૨૩(ii) | ૫૬નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૩(iii) | ૫૬નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + ભય + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૩(iv) | ૫૬નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૩(v) | ૫૬નું | ૫૩ + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૪ | ૫૭નું | ૫૩ + સમ્યક્ત્વમોહનીય + ભય + જુગુપ્સા + નિદ્રા ૧ | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો-તિર્યંચો |
| ૨૫ | ૫૮નું | ૫૩ + ઉદ્યોત | ૪થા ગુણઠાણાના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચો |
| ૨૬ | ૫૯નું | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, નિદ્રા ૧, વેદનીય ૧, મિથ્યાત્વમોહનીય, કષાય ૪, વેદ ૧, યુગલ ૧, ભય, જુગુપ્સા, આયુષ્ય ૧, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, તૈજસશરીર, કાર્મણશરીર, સંસ્થાન ૧, સંઘયણ ૧, વર્ણાદિ ૪, ખગતિ ૧, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, ત્રસ ૩, પ્રત્યેક, સ્થિર ૨, સુભગ/દુર્ભગ, સ્વર ૧, આદેય/અનાદેય, યશ/અયશ, અસ્થિર ૨, ગોત્ર ૧, અંતરાય ૫ | મિથ્યાદૃષ્ટિ તિર્યંચો |

આમ અપુનરુક્ત ઉદયસ્થાનકો ૨૬ છે. તે આ પ્રમાણે -

૧૧નું, ૧૨નું, ૨૩નું, ૨૪નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૩૨નું, ૩૩નું, ૩૪નું, ૪૪નું, ૪૫નું, ૪૬નું, ૪૭નું, ૪૮નું, ૪૯નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું, ૫૮નું, ૫૯નું.

આમાંથી કેટલાક ઉદયસ્થાનકો ૨જા, ૩જા, ૫મા વગેરે ગુણઠાણે બીજી રીતે મળે છે. તે સ્વયં વિચારી લેવા.

૪થા ગુણઠાણાના ૪૫ના ઉદયસ્થાનકથી ૫૮ના ઉદયસ્થાનક સુધીના બધા ઉદયસ્થાનકો ભૂયસ્કાર ઉદયસ્થાનક અને અલ્પતર ઉદયસ્થાનક છે, કેમકે નિદ્રા-ભય-જુગુપ્સા-ઉદ્યોત અધ્રુવોદયી પ્રકૃતિઓ છે. ૪૪નું ઉદયસ્થાનક માત્ર અલ્પતર ઉદયસ્થાનક છે. ૫૯નું ઉદયસ્થાનક માત્ર ભૂયસ્કાર ઉદયસ્થાનક છે.

મિથ્યાદૃષ્ટિને વિગ્રહગતિમાં ૪૪ + મિથ્યાત્વમોહનીય + અનંતાનુબંધી ૧ = ૪૬નું ઉદયસ્થાનક હોય છે. મિથ્યાદૃષ્ટિને વિગ્રહગતિમાં અનંતાનુબંધીના ઉદય વિનાનું ૪૫નું ઉદયસ્થાનક હોતું નથી, કેમકે અનંતાનુબંધીના ઉદય વિનાના મિથ્યાદૃષ્ટિનું મરણ થતું ન હોવાથી મિથ્યાદૃષ્ટિને વિગ્રહગતિમાં અનંતાનુબંધીના ઉદયસહિતનું જ ઉદયસ્થાનક હોય. મિથ્યાદૃષ્ટિને ૪૬ના ઉદયસ્થાનકથી ૫૯ના ઉદયસ્થાનક સુધીના ઉદયસ્થાનકો છે. તે છઠ્ઠા કર્મગ્રંથના આધારે સ્વયં જાણી લેવા.

**ભૂયસ્કાર ઉદયસ્થાનક-૧૯ :-** કેવળીના ઉદયસ્થાનક પરથી છદ્મસ્થના ઉદયસ્થાનક પર ન જવાય. તેથી ૪૪નું ભૂયસ્કાર ઉદયસ્થાનક હોતું નથી. અતીર્થંકરના ઉદયસ્થાનક પરથી તીર્થંકરના ઉદયસ્થાનક પર ન જવાય. તેથી ૧૨નું ભૂયસ્કાર ઉદયસ્થાનક હોતું નથી. અયોગી કેવળીના ઉદયસ્થાનક પરથી સયોગી કેવળીના ઉદયસ્થાનક પર ન જવાય. તેથી ૨૩ના અને ૨૪ના ભૂયસ્કાર ઉદયસ્થાનક હોતા નથી. ૧૧ના ઉદયસ્થાનકની નીચેનું કોઈ ઉદયસ્થાનક નથી. તેથી ૧૧નું ભૂયસ્કાર ઉદયસ્થાનક હોતું નથી. ૩૧ના ઉદયસ્થાનકની નીચેના કોઈપણ ઉદયસ્થાનક પરથી ૩૧ના ઉદયસ્થાનક પર જવાતું નથી. તેમજ ૩૨ના ઉદયસ્થાનકની નીચેના કોઈપણ ઉદયસ્થાનક પરથી ૩૨ના ઉદયસ્થાનક પર જવાતું નથી. તેથી ૩૧ના અને ૩૨ના ભૂયસ્કાર ઉદયસ્થાનક હોતા નથી.

આમ ૧૧ના, ૧૨ના, ૨૩ના, ૨૪ના, ૩૧ના, ૩૨ના અને ૪૪ના - આ સાત ઉદયસ્થાનકો ભૂયસ્કાર ઉદયસ્થાનકો નથી. શેષ □૧૯ ઉદયસ્થાનકો પર જ્યારે અલ્પ પ્રકૃતિવાળા ઉદયસ્થાનકો પરથી આવે ત્યારે તે ૧૯ ભૂયસ્કાર ઉદયસ્થાનકો છે. કુલ ભૂયસ્કાર ઉદયસ્થાનકો ૪ + ૧૫ = ૧૯ છે. તે આ પ્રમાણે - ૨૯નું, ૩૦નું, ૩૩નું, ૩૪નું, ૪૫નું, ૪૬નું, ૪૭નું, ૪૮નું, ૪૯નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું, ૫૮નું, ૫૯નું.

**અલ્પતર ઉદયસ્થાનક-૨૪ :-** ૧લા ગુણઠાણા કે ૪થા ગુણઠાણાના ઉદયસ્થાનક પરથી કેવળીના ઉદયસ્થાનક પર ન જવાય. તેથી ૩૪નું અલ્પતર ઉદયસ્થાનક હોતું નથી. ૫૯ના ઉદયસ્થાનકથી ઉપરનું કોઈ ઉદયસ્થાનક નથી. તેથી ૫૯નું અલ્પતર ઉદયસ્થાનક હોતું નથી. આમ ૩૪ના અને ૫૯ના - આ બે ઉદયસ્થાનકો અલ્પતર ઉદયસ્થાનકો નથી. શેષ ૨૪ ઉદયસ્થાનકો પર જ્યારે વધુ પ્રકૃતિવાળા ઉદયસ્થાનકો પરથી આવે ત્યારે તે ૨૪

---

□. **કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા પરની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. ૩૫૭IIA** ઉપર કહ્યું છે, 'ભૂયસ્કાર ઉદયસ્થાનકો ૨૧ છે, કેમકે છદ્મસ્થના ઉદયસ્થાનકો ઉપર કેવળી ન જાય, અતીર્થંકર તીર્થંકરના ઉદયસ્થાનકો ઉપર ન જાય, અયોગી સયોગીકેવળીના ઉદયસ્થાનક ઉપર ન જાય. એટલે ૧૧ના, ૧૨ના, ૨૩ના, ૨૪ના અને ૪૪ના - આ પાંચ ઉદયસ્થાનકો ભૂયસ્કાર તરીકે મળતા નથી.' પણ પૂર્વે પાના નં. ૯૧, ૯૨ની ફૂટનોટમાં કહ્યા મુજબ ૩૧ના અને ૩૨ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો કોઈ રીતે મળતા નથી. તેથી અમે ૩૧ના અને ૩૨ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો વિના કુલ ૧૯ ભૂયસ્કાર ઉદયસ્થાનકો કહ્યા છે. ટીકાકારનું કથન સંગત કરવા પૂર્વે કહ્યા મુજબ વ્યવધાનને ગૌણ કરીને ૩૧ના અને ૩૨ના ભૂયસ્કાર ઉદયસ્થાનકો કહીને કુલ ૨૧ ભૂયસ્કાર ઉદયસ્થાનકો કહી શકાય. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

અલ્પતર ઉદયસ્થાનકો છે. કુલ અલ્પતર ઉદયસ્થાનકો ૯ + ૧૫ = ૨૪ છે. તે આ પ્રમાણે - ૫૮નું, ૫૭નું, ૫૬નું, ૫૫નું, ૫૪નું, ૫૩નું, ૫૨નું, ૫૧નું, ૫૦નું, ૪૯નું, ૪૮નું, ૪૭નું, ૪૬નું, ૪૫નું, ૪૪નું, ૩૩નું, ૩૨નું, ૩૧નું, ૩૦નું, ૨૯નું, ૨૪નું, ૨૩નું, ૧૨નું, ૧૧નું.

**અવસ્થિત ઉદયસ્થાનક-૨૬ :-** ૨૬ ઉદયસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત ઉદયસ્થાનકો ૨૬ છે.

**અવક્તવ્ય ઉદયસ્થાનક**-નથી :- ઉત્તરપ્રકૃતિઓના ઉદયનો સર્વથા અભાવ થયા પછી ફરી તેમનો ઉદય થતો ન હોવાથી અવક્તવ્ય ઉદયસ્થાનક નથી.

**મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે :-** ઉદીરણાના ભૂયસ્કાર વગેરે ઉદયના ભૂયસ્કાર વગેરેની જેમ જાણવા. જે ફરક છે તે આ પ્રમાણે છે -

## મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે :

**ઉદીરણાસ્થાનક-૫ :-** ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૨નું

| ક્રમ | ઉદીરણા-સ્થાનક | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૮નું | સર્વ | આયુષ્યની છેલ્લી આવલિકામાં નહીં રહેલા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૭નું | ૮ – આયુષ્ય | આયુષ્યની છેલ્લી આવલિકામાં રહેલા ૧લા, ૨જા અને ૪થા થી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો |
| ૩ | ૬નું | ૭ – વેદનીય | ૭મા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધીના જીવો |
| ૪ | ૫નું | ૬ – મોહનીય | ૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી ૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધીના જીવો |
| ૫ | ૨નું | ૫ – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી ૧૪મા ગુણઠાણા સુધીના જીવો |

**ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક-૩ :-** ૬નું, ૭નું, ૮નું

૧૧મા ગુણઠાણે ૫નું ઉદીરણાસ્થાનક હોય અને પડીને ૧૦મા ગુણઠાણે આવે ત્યાં ૬નું ઉદીરણાસ્થાનક થાય તે પહેલુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

૭મા ગુણઠાણે ૬નું ઉદીરણાસ્થાનક હોય અને આયુષ્યની છેલ્લી આવલિકામાં પડીને ૬ઠ્ઠા ગુણઠાણે આવે ત્યાં ૭નું ઉદીરણાસ્થાનક થાય તે બીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

૭મા ગુણઠાણે ૬નું ઉદીરણાસ્થાનક હોય અને આયુષ્યની છેલ્લી આવલિકા સિવાયના કાળમાં પડીને ૬ઠ્ઠા ગુણઠાણે આવે ત્યાં ૮નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે. અથવા ૧લા, ૨જા અને ૪થા થી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના ગુણઠાણાઓમાં આયુષ્યની છેલ્લી આવલિકામાં ૭નું ઉદીરણાસ્થાનક હોય અને પરભવમાં ૮નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે. અથવા ૧૧મા ગુણઠાણે ૫નું ઉદીરણાસ્થાનક હોય અને મૃત્યુ પામીને ૪થા ગુણઠાણે આવે ત્યાં ૮નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

**અલ્પતર ઉદીરણાસ્થાનક-૪ :-** ૭નું, ૬નું, ૫નું, ૨નું

૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીમાં આયુષ્યની ચરમાવલિકા પૂર્વે ૮નું ઉદીરણાસ્થાનક હોય અને આયુષ્યની ચરમાવલિકામાં ૭નું ઉદીરણાસ્થાનક થાય તે પહેલું અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

૬ઠ્ઠા ગુણઠાણે આયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા જીવને ૮નું ઉદીરણાસ્થાનક હોય અને ૭મા ગુણઠાણે આવીને ૬નું ઉદીરણાસ્થાનક થાય તે બીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે. અથવા

આયુષ્યની ચરમાવલિકામાં ૬ઠ્ઠા ગુણઠાણે રહેલા જીવને ૭નું ઉદીરણાસ્થાનક હોય અને ૭મા ગુણઠાણે આવીને ૬નું ઉદીરણાસ્થાનક થાય તે બીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

૧૦મા ગુણઠાણાની ચરમાવલિકા પૂર્વે ૬નું ઉદીરણાસ્થાનક હોય અને ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકામાં આવીને ૫નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

૧૨મા ગુણઠાણાની ચરમાવલિકા પૂર્વે ૫નું ઉદીરણાસ્થાનક હોય અને ૧૨મા ગુણઠાણાની ચરમાવલિકામાં આવીને ૨નું ઉદીરણાસ્થાનક થાય તે ચોથુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

**અવસ્થિત ઉદીરણાસ્થાનક-૫ :-** ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૨નું

પાંચે ઉદીરણાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત હોય છે. તેથી અવસ્થિત ઉદીરણાસ્થાનકો ૫ છે - ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૨નું.

**અવ્યક્તવ્ય ઉદીરણાસ્થાનક :-** નથી

સર્વથા ઉદીરણાનો અભાવ થયા પછી ફરીથી ઉદીરણા થતી નથી. તેથી અવક્તવ્ય ઉદીરણાસ્થાનક નથી.

**ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે :-**

નામકર્મ સિવાયના ૭ કર્મોના ઉદીરણાસ્થાનકો, ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો, અલ્પતર ઉદીરણાસ્થાનકો, અવસ્થિત ઉદીરણાસ્થાનકો અને અવક્તવ્ય ઉદીરણાસ્થાનકો તેમના ઉદયસ્થાનકો, ભૂયસ્કાર ઉદયસ્થાનકો, અલ્પતર ઉદયસ્થાનકો, અવસ્થિત ઉદયસ્થાનકો અને અવક્તવ્ય ઉદયસ્થાનકોની સમાન છે.

નામકર્મના ૮ના અને ૯ના ઉદયસ્થાનકો ૧૪મા ગુણઠાણે હોય છે. ૧૪મા ગુણઠાણે ઉદીરણા થતી નથી. તેથી નામકર્મના

૮ના અને ૯ના ઉદીરણાસ્થાનકો નથી. તેથી નામકર્મના કુલ ઉદીરણાસ્થાનકો ૧૦ છે, ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો ૮ છે, અલ્પતર ઉદીરણાસ્થાનકો ૭ છે, અવસ્થિત ઉદીરણાસ્થાનકો ૧૦ છે અને અવક્તવ્ય ઉદીરણાસ્થાનક નથી.

**સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણાને આશ્રયી ભૂયસ્કાર વગેરે :-**

**ઉદીરણાસ્થાનકો-૨૪ :-**

| ક્રમ | ઉદીરણા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨૧નું | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, સ્થિર ૨, અસ્થિર ૨, ઉચ્ચગોત્ર | સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળી |
| ૨ | ૨૨નું | ૨૧ + જિન | સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળી |
| ૩ | ૨૭નું | ૨૧ + ઔદારિક ૨, સંસ્થાન ૧, ૧લુ સંઘયણ, પ્રત્યેક, ઉપઘાત | સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળી |
| ૪ | ૨૮નું | ૨૭ + જિન | સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં વર્તતા ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળી |
| ૫(i) | ૩૧નું | ૨૭ + પરાઘાત, ઉચ્છ્વાસ, ખગતિ ૧, સ્વર ૧ | ૧૩મા ગુણઠાણાવાળા સ્વભાવસ્થ અતીર્થંકર કેવળી |
| ૬ | ૩૨નું | ૩૧ + જિન | ૧૩મા ગુણઠાણાવાળા સ્વભાવસ્થ તીર્થંકર કેવળી |
| ૫(ii) | ૩૧નું | ૩૨ – સ્વર ૧ | ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી |
| ૭(i) | ૩૦નું | ૨૭ + પરાઘાત, ઉચ્છ્વાસ, ખગતિ ૧ | ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી |
| ૭(ii) | ૩૦નું | ૨૭ + પરાઘાત, ખગતિ ૧, જિન | ૧૩મા ગુણઠાણાવાળા તીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી |
| ૮ | ૨૯નું | ૨૭ + પરાઘાત, ખગતિ ૧ | ૧૩મા ગુણઠાણાવાળા અતીર્થંકર કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી. |

૨૧નું, ૨૨નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૩૨નું - આ ૮ ઉદીરણાસ્થાનકો કેવળીના છે

**ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો-૪ :-** ૨૧ના, ૨૨ના, ૨૯ના, ૩૦ના ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો સંભવતા નથી. ૨૭ના, ૨૮ના, ૩૧ના, ૩૨ના ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો સંભવે છે. તે આ પ્રમાણે -

(૧) અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૧નું ઉદીરણાસ્થાનક હોય અને ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૭નું ઉદીરણાસ્થાનક થાય તે પહેલું ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

(૨) તીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૨નું ઉદીરણાસ્થાનક હોય અને ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૮નું ઉદીરણાસ્થાનક થાય તે બીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

(૩) અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૭નું ઉદીરણાસ્થાનક હોય અને સ્વભાવસ્થ થયા પછી ૩૧નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

(૪) તીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૮નું ઉદીરણાસ્થાનક હોય અને સ્વભાવસ્થ થયા પછી ૩૨નું ઉદીરણાસ્થાનક થાય તે ચોથું ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે.

**અલ્પતર ઉદીરણાસ્થાનક-૭ :-** ૩૧નું, ૩૦નું, ૨૯નું, ૨૮નું, ૨૭નું, ૨૨નું, ૨૧નું. (૩૨નું અલ્પતર ઉદીરણાસ્થાનક સંભવતું નથી.) તે આ પ્રમાણે -

(૧) સ્વભાવસ્થ તીર્થંકર કેવળીને ૩૨નું ઉદીરણાસ્થાનક હોય અને

સ્વરનો નિરોધ થયા પછી ૩૧નું ઉદીરણાસ્થાનક થાય તે પહેલુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૨) તીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી ૩૧નું ઉદીરણાસ્થાનક હોય અને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી ૩૦નું ઉદીરણાસ્થાનક થાય તે બીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે. અથવા સ્વભાવસ્થ અતીર્થંકર કેવળીને ૩૧નું ઉદીરણાસ્થાનક હોય અને સ્વરનો નિરોધ થયા પછી ૩૦નું ઉદીરણાસ્થાનક થાય તે પણ બીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૩) અતીર્થંકર કેવળીને સ્વરનો નિરોધ થયા પછી ૩૦નું ઉદીરણાસ્થાનક હોય અને ઉચ્છ્વાસનો નિરોધ થયા પછી ૨૯નું ઉદીરણાસ્થાનક થાય તે ત્રીજુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૪) સ્વભાવસ્થ તીર્થંકર કેવળીને ૩૨નું ઉદીરણાસ્થાનક હોય અને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૮નું ઉદીરણાસ્થાનક થાય તે ચોથુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૫) સ્વભાવસ્થ અતીર્થંકર કેવળીને ૩૧નું ઉદીરણાસ્થાનક હોય અને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૭નું ઉદીરણાસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૬) તીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૮નું ઉદીરણાસ્થાનક હોય અને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૨નું ઉદીરણાસ્થાનક થાય તે છટ્ઠુ અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

(૭) અતીર્થંકર કેવળીને સમુદ્‌ઘાતમાં ઔદારિકમિશ્રકાયયોગમાં ૨૭નું ઉદીરણાસ્થાનક હોય અને સમુદ્‌ઘાતમાં કાર્મણકાયયોગમાં ૨૧નું ઉદીરણાસ્થાનક થાય તે સાતમું અલ્પતર ઉદીરણાસ્થાનક છે.

૪૪ના, ૪૫ના, ૪૬ના, ૪૭ના, ૪૮ના, ૪૯ના, ૫૦ના, ૫૧ના, ૫૨ના, ૫૩ના, ૫૪ના, ૫૫ના, ૫૬ના, ૫૭ના, ૫૮ના, ૫૯ના ઉદીરણાસ્થાનકો ૪૪ના ઉદયસ્થાનકથી ૫૯ના ઉદયસ્થાનક સુધીના ઉદયસ્થાનકો પ્રમાણે જાણવા.

આમ કુલ ઉદીરણાસ્થાનકો ૮ + ૧૬ = ૨૪ છે. તે આ પ્રમાણે - ૨૧નું, ૨૨નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૩૨નું, ૪૪નું, ૪૫નું, ૪૬નું, ૪૭નું, ૪૮નું, ૪૯નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું, ૫૮નું, ૫૯નું.

**ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક-૧૯ :-**

૨૧ના ઉદીરણાસ્થાનકની નીચે કોઈ ઉદીરણાસ્થાનક ન હોવાથી ૨૧નું ભૂયસ્કર ઉદીરણાસ્થાનક નથી. અતીર્થંકરના ઉદીરણાસ્થાનક પરથી તીર્થંકરના ઉદીરણાસ્થાનક પર જઈ શકાતું ન હોવાથી ૨૨નું ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક નથી. ૨૯ના અને ૩૦ના ઉદીરણાસ્થાનકોની નીચેના કોઈપણ ઉદીરણાસ્થાનકો પરથી ૨૯ના અને ૩૦ના ઉદીરણાસ્થાનકો પર જઈ શકાતું ન હોવાથી ૨૯ના અને ૩૦ના ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક નથી. કેવળીના ઉદીરણાસ્થાનક પરથી છદ્મસ્થના ઉદીરણાસ્થાનક પર જવાતું ન હોવાથી ૪૪નું ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક નથી. શેષ ૧૯ ઉદીરણાસ્થાનકો પર જ્યારે જીવ અલ્પ પ્રકૃતિવાળા ઉદીરણાસ્થાનકો

પરથી આવે ત્યારે તે ૧૯ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનક છે. કુલ ૪ + ૧૫ = ૧૯ ભૂયસ્કાર ઉદીરણાસ્થાનકો છે. તે આ પ્રમાણે - ૨૭નું, ૨૮નું, ૩૧નું, ૩૨નું, ૪૫નું, ૪૬નું, ૪૭નું, ૪૮નું, ૪૯નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું, ૫૮નું, ૫૯નું.

**અલ્પતર ઉદીરણાસ્થાનક-૨૨ :-**

૧લા ગુણઠાણા કે ૪થા ગુણઠાણાના ઉદીરણાસ્થાનક પરથી કેવળીના ઉદીરણાસ્થાનક પર ન જવાય. તેથી ૩૨નું અલ્પતર ઉદીરણાસ્થાનક હોતું નથી. ૫૯ના ઉદીરણાસ્થાનકની ઉપરનું કોઈ ઉદીરણાસ્થાનક નથી. તેથી ૫૯નું અલ્પતર ઉદીરણાસ્થાનક હોતું નથી. આમ ૩૨ના અને ૫૯ના - આ બે ઉદીરણાસ્થાનકો અલ્પતર ઉદીરણાસ્થાનક નથી. શેષ ૨૨ ઉદીરણાસ્થાનકો પર જ્યારે વધુ પ્રકૃતિવાળા ઉદીરણાસ્થાનક પરથી આવે ત્યારે તે ૨૨ અલ્પતર ઉદીરણાસ્થાનકો છે. કુલ અલ્પતર ઉદીરણાસ્થાનકો ૭ + ૧૫ = ૨૨ છે. તે આ પ્રમાણે - ૫૮નું, ૫૭નું, ૫૬નું, ૫૫નું, ૫૪નું, ૫૩નું, ૫૨નું, ૫૧નું, ૫૦નું, ૪૯નું, ૪૮નું, ૪૭નું, ૪૬નું, ૪૫નું, ૪૪નું, ૩૧નું, ૩૦નું, ૨૯નું, ૨૮નું, ૨૭નું, ૨૨નું, ૨૧નું.

**અવસ્થિત ઉદીરણાસ્થાનક-૨૪ :-**

૨૪ ઉદીરણાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત ઉદીરણાસ્થાનકો ૨૪ છે.

**અવક્તવ્ય ઉદીરણાસ્થાનક-નથી :-**

ઉત્તરપ્રકૃતિઓની ઉદીરણાનો સર્વથા અભાવ થયા પછી ફરી તેમની ઉદીરણા થતી ન હોવાથી અવક્તવ્ય ઉદીરણાસ્થાનક નથી.

સર્વઉત્તરપ્રકૃતિઓના સમુદાયમાં ૭મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણા સુધી વેદનીય અને આયુષ્યની ઉદીરણા થતી નથી. તેથી તે તે ગુણઠાણાના તે તે ઉદયસ્થાનકોમાંથી તે તે પ્રકૃતિઓ ઓછી કરી ઉદીરણાસ્થાનકો કહેવા.

**મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે** આ પ્રમાણે છે -

**મૂળપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે -**

**સત્તાસ્થાનક-૩ :-** ૮નું, ૭નું, ૪નું

| ક્રમ | ઉદય-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૮નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૭નું | ૮ – મોહનીય | ૧૨મા ગુણઠાણાના જીવો |
| ૩ | ૪નું | ૭ – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧૩મા ગુણઠાણા અને ૧૪મા ગુણઠાણાના જીવો |

**ભૂયસ્કાર સત્તાસ્થાનક :-** નથી

અલ્પ પ્રકૃતિવાળા સત્તાસ્થાનક પરથી વધુ પ્રકૃતિવાળા સત્તાસ્થાનક પર જવાતું ન હોવાથી ભૂયસ્કાર સત્તાસ્થાનક નથી.

**અલ્પતર સત્તાસ્થાનક-૨ :-** ૭નું, ૪નું.

૧૦મા ગુણઠાણે ૮નું સત્તાસ્થાનક હોય અને ૧૨મા ગુણઠાણે જઈને ૭નું સત્તાસ્થાનક થાય તે પહેલું અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૨મા ગુણઠાણે ૭નું સત્તાસ્થાનક હોય અને ૧૩મા ગુણઠાણે જઈને ૪નું સત્તાસ્થાનક થાય તે બીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૩ :-** ૮નું, ૭નું, ૪નું.

ત્રણે સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનકો ત્રણ છે.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

સર્વથા સત્તાનો અભાવ થયા પછી ફરી સત્તા ન થતી હોવાથી અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

**ઉત્તરપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે :-**

દરેક મૂળપ્રકૃતિના સત્તાસ્થાનકોની પ્રકૃતિઓ અને સ્વામી પૂર્વે (પાના નં. ૩૪ થી ૪૦ ઉપર) કહ્યા છે. તે ત્યાંથી જાણી લેવા.

(૧) **જ્ઞાનાવરણ :-**

**સત્તાસ્થાનક-૧ :-** ૫નું

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-અલ્પતર સત્તાસ્થાનક :-** નથી

જ્ઞાનાવરણનું એક જ સત્તાસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર સત્તાસ્થાનક અને અલ્પતર સત્તાસ્થાનક નથી.

**અવસ્થિત સત્તાસ્થાનક-૧ :-** ૫નું

સદા ૫નું અવસ્થિત સત્તાસ્થાનક હોય છે.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

જ્ઞાનાવરણની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરી સત્તા થતી ન હોવાથી અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

(૨) **દર્શનાવરણ :-**

**સત્તાસ્થાનક-૩ :-** ૯નું, ૬નું, ૪નું

**ભૂયસ્કાર સત્તાસ્થાનક :-** નથી

દર્શનાવરણકર્મના અલ્પ પ્રકૃતિઓના સત્તાસ્થાનક પરથી વધુ પ્રકૃતિઓના સત્તાસ્થાનક પર જવાતું ન હોવાથી તેના ભૂયસ્કાર સત્તાસ્થાનક નથી.

**અલ્પતર સત્તાસ્થાનક-૨ :-** ૬નું, ૪નું

ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગો સુધી ૯નું સત્તાસ્થાનક હોય અને છેલ્લા સંખ્યાતમા ભાગમાં ૬નું સત્તાસ્થાનક થાય તે પહેલું અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૬નું સત્તાસ્થાનક હોય અને ચરમ સમયે ૪નું સત્તાસ્થાનક થાય તે બીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૨ :-** ૯નું, ૬નું

૯ના અને ૬ના સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત હોય છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનકો બે છે. ૪નું સત્તાસ્થાનક ૧ સમયનું હોવાથી તે અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

દર્શનાવરણકર્મની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી સત્તા ન થતી હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

(૩) **વેદનીય :-**

**સત્તાસ્થાનક-૨ :-** ૨નું, ૧નું

**ભૂયસ્કાર સત્તાસ્થાનક :-** નથી

વેદનીયના ૧ના સત્તાસ્થાનક પરથી ૨ના સત્તાસ્થાનક પર જવાતું ન હોવાથી તેનું ભૂયસ્કાર સત્તાસ્થાનક નથી.

**અલ્પતર સત્તાસ્થાનક-૧ :-** ૧નું

૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૨નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ૧નું સત્તાસ્થાનક થાય તે અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૧ :-** ૨નું

૨નું સત્તાસ્થાનક સદા અવસ્થિત હોય છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનક એક જ છે. ૧નું સત્તાસ્થાનક ૧ સમયનું હોવાથી તે અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

વેદનીયની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

(૪) **મોહનીય :-**

**સત્તાસ્થાનક-૧૫ :-** ૨૮નું, ૨૭નું, ૨૬નું, ૨૪નું, ૨૩નું, ૨૨નું, ૨૧નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૫નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું.

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૧ :-** ૨૮નું

અનાદિ મિથ્યાદૃષ્ટિને ૨૬નું સત્તાસ્થાનક હોય. ૨૮ની સત્તાવાળાને ૧લા ગુણઠાણે આવ્યા પછી સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૬નું સત્તાસ્થાનક હોય. આ બન્ને જીવો ઔપશમિક સમ્યક્ત્વ પામે ત્યારે ૨૮નું સત્તાસ્થાનક થાય. તે ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

અનંતાનુબંધી ૪ની વિસંયોજના કર્યા પછી ૨૪નું સત્તાસ્થાનક હોય. તે જીવ ૧લા ગુણઠાણે આવીને અનંતાનુબંધી ૪ બાંધે ત્યારે ૨૮નું સત્તાસ્થાનક થાય. તે પણ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

**અલ્પતર સત્તાસ્થાનક-૧૪ :-** ૨૭નું, ૨૬નું, ૨૪નું, ૨૩નું, ૨૨નું, ૨૧નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૫નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું.

૨૮ના સત્તાસ્થાનકની ઉપરનું કોઈ સત્તાસ્થાનક ન હોવાથી ૨૮નું અલ્પતર સત્તાસ્થાનક નથી.

૧લા ગુણઠાણે ૨૮નું સત્તાસ્થાનક હોય. ત્યાં સમ્યક્ત્વ-મોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭નું સત્તાસ્થાનક થાય તે પહેલું અલ્પતર સત્તાસ્થાનક છે.

સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭નું સત્તાસ્થાનક હોય. મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૬નું સત્તાસ્થાનક થાય તે બીજું અલ્પતર સત્તાસ્થાનક છે.

ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને ૨૮નું સત્તાસ્થાનક હોય. અનંતાનુબંધી ૪ની વિસંયોજના થયા પછી તેને ૨૪નું સત્તાસ્થાનક થાય તે ત્રીજું અલ્પતર સત્તાસ્થાનક છે.

અનંતાનુબંધી ૪ની વિસંયોજના થયા પછી ૨૪નું સત્તાસ્થાનક હોય. મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી ૨૩નું સત્તાસ્થાનક થાય તે ચોથું અલ્પતર સત્તાસ્થાનક છે.

૨૩ના સત્તાસ્થાનક પરથી જીવ મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી ૨૨ના સત્તાસ્થાનક પર જાય તે પાંચમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૨૨ના સત્તાસ્થાનક પરથી જીવ સમ્યક્ત્વમોહનીયનો ક્ષય થયા પછી ૨૧ના સત્તાસ્થાનક પર જાય તે છઠ્ઠુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૨૧ના સત્તાસ્થાનક પરથી જીવ અપ્રત્યાખ્યાનાવરણીય ૪-પ્રત્યાખ્યાનાવરણીય ૪ નો ક્ષય થયા પછી ૧૩ના સત્તાસ્થાનક પર જાય તે સાતમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૩ સત્તાસ્થાનક પરથી જીવ નપુંસકવેદનો ક્ષય થયા પછી ૧૨ના સત્તાસ્થાનક પર જાય તે આઠમું અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૨ના સત્તાસ્થાનક પરથી જીવ સ્ત્રીવેદનો ક્ષય થયા પછી ૧૧ના સત્તાસ્થાનક પર જાય તે નવમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૧ના સત્તાસ્થાનક પરથી જીવ હાસ્ય ૬ નો ક્ષય થયા પછી ૫ના સત્તાસ્થાનક પર જાય તે દસમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૫ના સત્તાસ્થાનક પરથી જીવ પુરુષવેદનો ક્ષય થયા પછી ૪ના સત્તાસ્થાનક પર જાય તે અગ્યારમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૪ના સત્તાસ્થાનક પરથી જીવ સંજ્વલન ક્રોધનો ક્ષય થયા પછી ૩ના સત્તાસ્થાનક પર જાય તે બારમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૩ના સત્તાસ્થાનક પરથી જીવ સંજ્વલન માનનો ક્ષય થયા પછી ૨ના સત્તાસ્થાનક પર જાય તે તેરમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૨ના સત્તાસ્થાનક પરથી જીવ સંજ્વલન માયાનો ક્ષય થયા પછી ૧ના સત્તાસ્થાનક પર જાય તે ચૌદમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક :- ૧૫**

પંદરે સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનક ૧૫ છે.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

મોહનીયની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

**(૫) આયુષ્ય :-**

**સત્તાસ્થાનક-૨ :-** ૨નું, ૧નું.

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૧ :-** ૨નું

પરભવનું આયુષ્ય બાંધ્યા પૂર્વે ૧નું સત્તાસ્થાનક હોય છે. પરભવનું આયુષ્ય બાંધ્યા પછી ૨નું સત્તાસ્થાનક થાય તે ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

**અલ્પતર સત્તાસ્થાનક-૧ :-** ૧નું

પરભવનું આયુષ્ય બાંધ્યા પછી ૨નું સત્તાસ્થાનક હોય છે. પરભવના આયુષ્યનો ઉદય થાય ત્યારે ૧નું સત્તાસ્થાનક થાય તે અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૨ :-** ૨નું, ૧નું.

બન્ને સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનક બે છે.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

આયુષ્યની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

**(૬) નામ :-**

**સત્તાસ્થાનક-૧૨ :-** ૯૩નું, ૯૨નું, ૮૯નું, ૮૮નું, ૮૬નું, ૮૦નું, ૭૯નું, ૭૮નું, ૭૬નું, ૭૫નું, ૯નું, ૮નું

| ક્રમ | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૯૩નું | સર્વ | જેણે જિનનામકર્મ અને આહારક ૪ બાંધ્યું હોય તેવા ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૯૨નું | ૯૩ – જિનનામકર્મ | જેણે જિનનામકર્મ ન બાંધ્યું હોય અને આહારક ૪ બાંધ્યું હોય તેવા ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |

| ક્રમ | પ્રકૃતિ-સત્તાસ્થાન | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૩ | ૮૯નું | ૯૩ – આહારક ૪ | જેણે જિનનામકર્મ બાંધ્યું હોય અને આહારક ૪ ન બાંધ્યું હોય તેવા ૧લા ગુણઠાણા અને ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪ | ૮૮નું | ૮૯ – જિનનામકર્મ | જેણે જિનનામકર્મ અને આહારક ૪ ન બાંધ્યું હોય તેવા ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો. ૮૬ની સત્તાવાળા પંચેન્દ્રિયને દેવ ૨/નરક ૨ બાંધ્યા પછી. |
| ૫ | ૮૬નું | ૮૮ – દેવ ૨/નરક ૨ | ૮૮ની સત્તાવાળા ૧લા ગુણઠાણાવાળા એકેન્દ્રિયને દેવ ૨/નરક ૨ની ઉદ્વલના થયા પછી. *૮૦ની સત્તાવાળો એકેન્દ્રિય પંચેન્દ્રિયમાં જઈને* નરક ૨/દેવ ૨ અને વૈક્રિય ૪ બાંધે તે પછી. |
| ૬ | ૮૦નું | ૮૬ – નરક ૨/દેવ ૨, વૈક્રિય ૪ | ૮૬ની સત્તાવાળા ૧લા ગુણઠાણાવાળા એકેન્દ્રિયને નરક ૨/દેવ ૨ અને વૈક્રિય ૪ની ઉદ્વલના થયા પછી. ૭૮ની સત્તાવાળો ૧લા ગુણઠાણાવાળો તેઉકાય-વાયુકાય જીવ અન્ય એકેન્દ્રિયમાં જઈ મનુષ્ય ૨ બાંધે તે પછી. |
| | | ૯૩ – નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, સ્થાવર ૨, આતપ ૨, સાધારણ | ૯૩ની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં નરક ૨ વગેરે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી. |
| ૭ | ૭૯નું | ૯૨ – નરક ૨ વગેરે ૧૩ | ૯૨ની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં નરક ૨ વગેરે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી |
| ૮ | ૭૮નું | ૮૮ – દેવ ૨, નરક ૨, વૈક્રિય ૪, મનુષ્ય ૨ | ૮૦ની સત્તાવાળા ૧લા ગુણઠાણાવાળા એકેન્દ્રિય તેઉકાય-વાયુકાયમાં જઈ મનુષ્ય ૨ની ઉદ્વલના કરે તે પછી |
| ૯ | ૭૬નું | ૮૯ – નરક ૨ વગેરે ૧૩ | ૮૯ની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં નરક ૨ વગેરે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી |
| ૧૦ | ૭૫નું | ૮૮ – નરક ૨ વગેરે ૧૩ | ૮૮ની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં નરક ૨ વગેરે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી |
| ૧૧ | ૯નું | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિનનામકર્મ | તીર્થંકરને ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે |
| ૧૨ | ૮નું | ૯ – જિનનામકર્મ | અતીર્થંકરને ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે |

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૬ :-** ૮૦નું, ૮૬નું, ૮૮નું, ૮૯નું, ૯૨નું, ૯૩નું

૭૮નું સત્તાસ્થાનક હોય અને મનુષ્ય ૨ બાંધ્યા પછી ૮૦નું સત્તાસ્થાનક થાય તે પહેલુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૮૦નું સત્તાસ્થાનક હોય અને દેવ ૨ કે નરક ૨ અને વૈક્રિય ૪ બાંધ્યા પછી ૮૬નું સત્તાસ્થાનક થાય તે બીજુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૮૬નું સત્તાસ્થાનક હોય અને નરક ૨ કે દેવ ૨ બાંધ્યા પછી ૮૮નું સત્તાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૮૮નું સત્તાસ્થાનક હોય અને જિનનામકર્મ બાંધ્યા પછી ૮૯નું સત્તાસ્થાનક થાય તે ચોથું ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૮૮નું સત્તાસ્થાનક હોય અને આહારક ૪ બાંધ્યા પછી ૯૨નું સત્તાસ્થાનક થાય તે પાંચમુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૯૨નું સત્તાસ્થાનક હોય અને જિનનામકર્મ બાંધ્યા પછી ૯૩નું સત્તાસ્થાનક થાય તે છઠ્ઠુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે. અથવા ૮૯નું સત્તાસ્થાનક હોય અને આહારક ૪ બાંધ્યા પછી ૯૩નું સત્તાસ્થાનક થાય તે છઠ્ઠુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

**અલ્પતર સત્તાસ્થાનક-૧૦ :-** ૮૯નું, ૮૮નું, ૮૬નું, ૮૦નું, ૭૯નું, ૭૮નું, ૭૬નું, ૭૫નું, ૯નું, ૮નું.

૯૩નું સત્તાસ્થાનક હોય અને આહારક ૪ની ઉદ્વલના થયા પછી ૮૯નું સત્તાસ્થાનક થાય તે પહેલું અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૨નું સત્તાસ્થાનક હોય અને આહારક ૪ની ઉદ્વલના થયા પછી ૮૮નું સત્તાસ્થાનક થાય તે બીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૮નું સત્તાસ્થાનક હોય અને દેવ ૨/નરક ૨ ની ઉદ્વલના થયા પછી ૮૬નું સત્તાસ્થાનક થાય તે ત્રીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૬નું સત્તાસ્થાનક હોય અને નરક ૨/દેવ ૨ અને વૈક્રિય ૪ની ઉદ્વલના થયા પછી ૮૦નું સત્તાસ્થાનક થાય તે ચોથુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા ૯૩નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮૦નું સત્તાસ્થાનક થાય તે પણ ચોથુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૨નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૭૯નું સત્તાસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૦નું સત્તાસ્થાનક હોય અને મનુષ્ય ૨ની ઉદ્વલના થયા પછી ૭૮નું સત્તાસ્થાનક થાય તે છઠ્ઠુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૯નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૭૬નું સત્તાસ્થાનક થાય તે સાતમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૮નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૭૫નું સત્તાસ્થાનક થાય તે આઠમું અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૦નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૧ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ૯નું સત્તાસ્થાનક થાય તે નવમુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા, ૭૬નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૬૭ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ૯નું સત્તાસ્થાનક થાય તે નવમું અલ્પતર સત્તાસ્થાનક છે.

૭૯નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૧ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૧૪મા ગુણઠાણાના ચરમ

સમયે ૮નું સત્તાસ્થાનક થાય તે દસમુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા, ૭૫નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૬૭ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ૮નું સત્તાસ્થાનક થાય તે દસમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૧૦ :-** ૯૩નું, ૯૨નું, ૮૯નું, ૮૮નું, ૮૬નું, ૮૦નું, ૭૯નું, ૭૮નું, ૭૬નું, ૭૫નું

૯ના અને ૮ના સત્તાસ્થાનકો સિવાયના બધા સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનકો ૧૦ છે. ૯ના અને ૮ના સત્તાસ્થાનકો ૧ સમયના હોવાથી અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

નામકર્મની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

ઉપર નામકર્મના જે સત્તાસ્થાનકો અને ભૂયસ્કાર વગેરે કહ્યા તે નામકર્મની કુલ ૯૩ પ્રકૃતિઓની અપેક્ષાએ કહ્યા છે. આ ૯૩ પ્રકૃતિઓમાં બંધન ૫ ગણ્યા છે. જો બંધન ૫ ની બદલે ૧૫ ગણીએ તો નામકર્મની કુલ પ્રકૃતિઓ ૧૦૩ થાય. આ ૧૦૩ પ્રકૃતિઓની અપેક્ષાએ નામકર્મના ૧૨ સત્તાસ્થાનકો પૂર્વે (પાના નં. ૩૭, ૩૮ ઉપર) કહ્યા છે. તે સત્તાસ્થાનકોની અપેક્ષાએ ભૂયસ્કાર વગેરે આ રીતે જાણવા -

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૬ :-** ૮૪નું, ૯૩નું, ૯૫નું, ૯૬નું, ૧૦૨નું, ૧૦૩નું.

૮૨નું સત્તાસ્થાનક હોય અને મનુષ્ય ૨ બાંધ્યા પછી ૮૪નું સત્તાસ્થાનક થાય તે પહેલું ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૮૪નું સત્તાસ્થાનક હોય અને દેવ ૨ કે નરક ૨ અને વૈક્રિય ૭ બાંધ્યા પછી ૯૩નું સત્તાસ્થાનક થાય તે બીજુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૯૩નું સત્તાસ્થાનક હોય અને નરક ૨ કે દેવ ૨ બાંધ્યા પછી ૯૫નું સત્તાસ્થાનક થાય તે ત્રીજુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૯૫નું સત્તાસ્થાનક હોય અને જિનનામકર્મ બાંધ્યા પછી ૯૬નું સત્તાસ્થાનક થાય તે ચોથુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૯૫નું સત્તાસ્થાનક હોય અને આહારક ૭ બાંધ્યા પછી ૧૦૨નું સત્તાસ્થાનક થાય તે પાંચમુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

૧૦૨નું સત્તાસ્થાનક હોય અને જિનનામકર્મ બાંધ્યા પછી ૧૦૩નું સત્તાસ્થાનક થાય તે છટ્ઠુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે. અથવા ૯૬નું સત્તાસ્થાનક હોય અને આહારક ૭ બાંધ્યા પછી ૧૦૩નું સત્તાસ્થાનક થાય તે છટ્ઠુ ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

**અલ્પતર સત્તાસ્થાનક-૧૦ :-** ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૯૦નું, ૮૯નું, ૮૪નું, ૮૩નું, ૮૨નું, ૯નું, ૮નું.

૧૦૩નું સત્તાસ્થાનક હોય અને આહારક ૭ની ઉદ્વલના થયા પછી ૯૬નું સત્તાસ્થાનક થાય તે પહેલુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૦૨નું સત્તાસ્થાનક હોય અને આહારક ૭ની ઉદ્વલના થયા પછી ૯૫નું સત્તાસ્થાનક થાય તે બીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૫નું સત્તાસ્થાનક હોય અને દેવ ૨/નરક ૨ની ઉદ્વલના થયા પછી ૯૩નું સત્તાસ્થાનક થાય તે ત્રીજુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૦૩નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૯૦નું સત્તાસ્થાનક થાય તે ચોથુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૧૦૨નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮૯નું સત્તાસ્થાનક થાય તે પાંચમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૩નું સત્તાસ્થાનક હોય અને નરક ૨/દેવ ૨ અને વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી ૮૪નું સત્તાસ્થાનક થાય તે છઠ્ઠુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૬નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮૩નું સત્તાસ્થાનક થાય તે સાતમું અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૫નું સત્તાસ્થાનક હોય અને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮૨નું સત્તાસ્થાનક થાય તે આઠમુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા ૮૪નું સત્તાસ્થાનક હોય અને મનુષ્ય ૨ ની ઉદ્વલના થયા પછી ૮૨નું સત્તાસ્થાનક થાય તે આઠમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૯૦નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૮૧ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૯નું સત્તાસ્થાનક થાય તે નવમુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા ૮૩નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૪ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૯નું સત્તાસ્થાનક થાય તે નવમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

૮૯નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૮૧ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮નું સત્તાસ્થાનક થાય તે દસમુ અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા ૮૨નું સત્તાસ્થાનક હોય અને ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૪ પ્રકૃતિઓનો ક્ષય

થયા પછી ૮નું સત્તાસ્થાનક થાય તે દસમુ અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૧૦ :-** ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૯૦નું, ૮૯નું, ૮૪નું, ૮૩નું, ૮૨નું.

૯ના અને ૮ના સત્તાસ્થાનકો સિવાયના બધા સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનકો ૧૦ છે. ૯ના અને ૮ના સત્તાસ્થાનકો ૧ સમયના હોવાથી અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

નામકર્મની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

(૭) **ગોત્ર :-**

**સત્તાસ્થાનક-૨ :-** ૨નું, ૧નું

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૧ :-** ૨નું

તેઉકાય-વાયુકાયમાં નીચગોત્રનું ૧નું સત્તાસ્થાનક હોય છે. ત્યાંથી અન્યત્ર જઈ ઉચ્ચગોત્ર બાંધે ત્યારે ૨નું સત્તાસ્થાનક થાય છે. તે ભૂયસ્કાર સત્તાસ્થાનક છે.

**અલ્પતર સત્તાસ્થાનક-૧ :-** ૧નું

૨નું સત્તાસ્થાનક હોય અને તેઉકાય-વાયુકાયમાં જઈ ઉચ્ચગોત્રની ઉદ્વલના થયા પછી ૧નું સત્તાસ્થાનક થાય તે અલ્પતર સત્તાસ્થાનક છે. અથવા ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે ૨નું સત્તાસ્થાનક હોય અને નીચગોત્રનો ક્ષય થયા પછી ૧૪મા

ગુણઠાણાના ચરમ સમયે ૧નું સત્તાસ્થાનક થાય તે અલ્પતર સત્તાસ્થાનક છે.

**અવસ્થિત સત્તાસ્થાનક-૨ :-** ૨નું, ૧નું

બન્ને સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનક ૨ છે. ઉચ્ચગોત્રનું ૧નું સત્તાસ્થાનક ૧ સમયનું હોવાથી અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

ગોત્રકર્મની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

(૮) **અંતરાય :-**

**સત્તાસ્થાનક-૧ :-** ૫નું

**ભૂયસ્કાર સત્તાસ્થાનક, અલ્પતર સત્તાસ્થાનક :-** નથી

અંતરાયકર્મનું એક જ સત્તાસ્થાનક હોવાથી તેના ભૂયસ્કાર સત્તાસ્થાનક અને અલ્પતર સત્તાસ્થાનક નથી.

**અવસ્થિત સત્તાસ્થાનક-૧ :-** ૫નું

સદા ૫નું અવસ્થિત સત્તાસ્થાનક હોય છે.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

અંતરાયકર્મની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરી તેની સત્તા થતી ન હોવાથી તેનું અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

**સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં સત્તાને આશ્રયી ભૂયસ્કાર વગેરે -**

**સત્તાસ્થાનક-૪૭**

| ક્રમ | સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧૧નું | મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, વેદનીય ૧, ઉચ્ચગોત્ર | ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા અતીર્થંકર કેવળી |
| ૨ | ૧૨નું | ૧૧ + જિનનામકર્મ | ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા તીર્થંકર કેવળી |
| ૩ | ૮૦નું | ૧૧ + વેદનીય ૧, દેવ ૨, ઔદારિક ૪, વૈક્રિય ૪, તૈજસ ૬, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, મનુષ્યાનુપૂર્વી, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રત્યેક, સ્થિર ૨, સ્વર ૨, અપર્યાપ્ત, અસ્થિર ૨, દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર | ૧૩મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના અતીર્થંકર કેવળી |
| ૪ | ૮૧નું | ૮૦ + જિનનામકર્મ | ૧૩મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના તીર્થંકર કેવળી |
| ૫ | ૮૪નું | ૮૦ + આહારક ૪ | ૧૩મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના અતીર્થંકર કેવળી |
| ૬ | ૮૫નું | ૮૪ + જિનનામકર્મ | ૧૩મા ગુણઠાણાથી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના તીર્થંકર કેવળી |
| ૭ | ૯૪નું | ૮૦ + જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ | ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |
| ૮ | ૯૫નું | ૯૪ + જિનનામકર્મ | ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |
| ૯ (i) | ૯૮નું | ૯૪ + આહારક ૪ | ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |
| ૧૦ (i) | ૯૯નું | ૯૮ + જિનનામકર્મ | ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે રહેલા જીવો |
| ૧૧ | ૯૬નું | ૯૪ + નિદ્રા ૨ | ૧૧મા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૧૨ (i) | ૯૭નું | ૯૬ + જિનનામકર્મ | ૧૧મા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૧૩ (i) | ૧૦૦નું | ૯૬ + આહારક ૪ | ૧૧મા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |
| ૧૪ (i) | ૧૦૧નું | ૧૦૦ + જિનનામકર્મ | ૧૧મા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધીના જીવો |

| ક્રમ | સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧૨ (ii) | ૯૭નું | ૯૬ + સંજ્વલન લોભ | ૧૦મા ગુણઠાણાના જીવો |
| ૯ (ii) | ૯૮નું | ૯૭ + જિનનામકર્મ | ૧૦મા ગુણઠાણાના જીવો |
| ૧૪ (ii) | ૧૦૧નું | ૯૭ + આહારક ૪ | ૧૦મા ગુણઠાણાના જીવો |
| ૧૫ (i) | ૧૦૨નું | ૧૦૧ + જિનનામકર્મ | ૧૦મા ગુણઠાણાના જીવો |
| ૯ (iii) | ૯૮નું | ૯૭ + સંજ્વલન માયા | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૦ (ii) | ૯૯નું | ૯૮ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૫ (ii) | ૧૦૨નું | ૯૮ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૬ (i) | ૧૦૩નું | ૧૦૨ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૦ (iii) | ૯૯નું | ૯૮ + સંજ્વલન માન | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૩ (ii) | ૧૦૦નું | ૯૯ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૬ (ii) | ૧૦૩નું | ૯૯ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૭ (i) | ૧૦૪નું | ૧૦૩ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૩ (iii) | ૧૦૦નું | ૯૯ + સંજ્વલન ક્રોધ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૪ (iii) | ૧૦૧નું | ૧૦૦ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૭ (ii) | ૧૦૪નું | ૧૦૦ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૮ (i) | ૧૦૫નું | ૧૦૪ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૪ (iv) | ૧૦૧નું | ૧૦૦ + પુરુષવેદ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૫ (iii) | ૧૦૨નું | ૧૦૧ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૮ (ii) | ૧૦૫નું | ૧૦૧ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૧૯ | ૧૦૬નું | ૧૦૫ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૦ | ૧૦૭નું | ૧૦૧ + હાસ્ય ૬ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૧ (i) | ૧૦૮નું | ૧૦૭ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૨ | ૧૧૧નું | ૧૦૭ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૩ (i) | ૧૧૨નું | ૧૧૧ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૧ (ii) | ૧૦૮નું | ૧૦૭ + સ્ત્રીવેદ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૪ (i) | ૧૦૯નું | ૧૦૮ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૩ (ii) | ૧૧૨નું | ૧૦૮ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૫ (i) | ૧૧૩નું | ૧૧૨ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૪ (ii) | ૧૦૯નું | ૧૦૮ + નપુંસકવેદ | ૯મા ગુણઠાણાના જીવો |

| ક્રમ | સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૨૬ | ૧૧૦નું | ૧૦૯ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૫ (ii) | ૧૧૩નું | ૧૦૯ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૭ | ૧૧૪નું | ૧૧૩ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૮ | ૧૨૫નું | ૧૦૯ + નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ, થિણદ્ધિ ૩ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૨૯ | ૧૨૬નું | ૧૨૫ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૦ | ૧૨૯નું | ૧૨૫ + આહારક ૪ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૧ (i) | ૧૩૦નું | ૧૨૯ + જિનનામકર્મ | ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૨ | ૧૩૩નું | ૧૨૫ + અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ | ૮મા ગુણઠાણા અને ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૩ (i) | ૧૩૪નું | ૧૩૩ + જિનનામકર્મ | ૮મા ગુણઠાણા અને ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૪ (i) | ૧૩૭નું | ૧૩૩ + આહારક ૪ | ૮મા ગુણઠાણા અને ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૫ (i) | ૧૩૮નું | ૧૩૭ + જિનનામકર્મ | ૮મા ગુણઠાણા અને ૯મા ગુણઠાણાના જીવો |
| ૩૩ (ii) | ૧૩૪નું | ૧૩૩ + સમ્યક્ત્વમોહનીય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૬ (i) | ૧૩૫નું | ૧૩૪ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૫ (ii) | ૧૩૮નું | ૧૩૪ + આહારક ૪ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૭ (i) | ૧૩૯નું | ૧૩૮ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૬ (ii) | ૧૩૫નું | ૧૩૪ + મિશ્રમોહનીય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૮ (i) | ૧૩૬નું | ૧૩૫ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૭ (ii) | ૧૩૯નું | ૧૩૫ + આહારક ૪ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૯ (i) | ૧૪૦નું | ૧૩૯ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |

| ક્રમ | સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૩૮ (ii) | ૧૩૬નું | ૧૩૫ + મિથ્યાત્વમોહનીય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૪ (ii) | ૧૩૭નું | ૧૩૬ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૯ (ii) | ૧૪૦નું | ૧૩૬ + આહારક ૪ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૦ (i) | ૧૪૧નું | ૧૪૦ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૯ (iii) | ૧૪૦નું | ૧૩૬ + અનંતાનુબંધી ૪ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૦ (ii) | ૧૪૧નું | ૧૪૦ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૨ | ૧૪૪નું | ૧૪૦ + આહારક ૪ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૩ (i) | ૧૪૫નું | ૧૪૪ + જિનનામકર્મ | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૦ (iii) | ૧૪૧નું | ૧૪૦ + પરભવનું આયુષ્ય | ૪થા થી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૧ | ૧૪૨નું | ૧૪૧ + પરભવનું આયુષ્ય | ૪થા થી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૩ (ii) | ૧૪૫નું | ૧૪૪ + પરભવનું આયુષ્ય | ૪થા થી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૪૪ | ૧૪૬નું | ૧૪૫ + પરભવનું આયુષ્ય | ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૯ (iv) | ૧૪૦નું | ૧૩૩ + અનંતાનુબંધી ૪, દર્શન ૩ | ૧લા ગુણઠાણાથી ૩જા ગુણઠાણા સુધીના જીવો |
| ૩૭ (iii) | ૧૩૯નું | ૧૩૩ + અનંતાનુબંધી ૪, મિથ્યાત્વ-મોહનીય, મિશ્રમોહનીય | ૧લા ગુણઠાણા અને ૩જા ગુણઠાણાના જીવો |
| ૩૫ (iii) | ૧૩૮નું | ૧૩૩ + અનંતાનુબંધી ૪ + મિથ્યાત્વ-મોહનીય | ૧લા ગુણઠાણાના જીવો |
| ૪૫ | ૧૨૭નું | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, વેદનીય ૨, મોહનીય ૨૬, તિર્યંચાયુષ્ય, નામની ૭૮, નીચગોત્ર, અંતરાય ૫ | ૧લા ગુણઠાણે રહેલા તેઉકાય-વાયુકાય |
| ૪૬ | □ ૧૨૮નું | ૧૨૭ + પરભવનું તિર્યંચાયુષ્ય | ૧લા ગુણઠાણાના જીવો |

□. અહીં પરભવની તિર્યંચાયુષ્ય પ્રકૃતિની અલગ વિવક્ષા કરીને ૧૨૮નું સત્તાસ્થાનક કહ્યું છે. બીજી કોઈ રીતે ૧૨૮નું સત્તાસ્થાનક સંભવતું નથી.

| ક્રમ | સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૩૧ (ii) | ૧૩૦નું | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, વેદનીય ૨ મોહનીય ૨૬, તિર્યંચાયુષ્ય, નામની ૮૦, ગોત્ર ૨, અંતરાય ૫ | ૧લા ગુણઠાણાના જીવો |
| ૪૭ | ૧૩૧નું | ૧૩૦+પરભવનું આયુષ્ય | ૧લા ગુણઠાણાના જીવો |

૯૭ના સત્તાસ્થાનકથી માંડીને પછીના સત્તાસ્થાનકો બીજી ઘણી રીતે પણ મળે છે. તે સ્વયં જાણી લેવા.

આમ અપુનરુક્ત સત્તાસ્થાનો ૪૭ છે. તે આ પ્રમાણે - ૧૧નું, ૧૨નું, ૮૦નું, ૮૧નું, ૮૪નું, ૮૫નું, ૯૪નું, ૯૫નું, ૯૬નું, ૯૭નું, ૯૮નું, ૯૯નું, ૧૦૦નું, ૧૦૧નું, ૧૦૨નું, ૧૦૩નું, ૧૦૪નું, ૧૦૫નું, ૧૦૬નું, ૧૦૭નું, ૧૦૮નું, ૧૦૯નું, ૧૧૦નું, ૧૧૧નું, ૧૧૨નું, ૧૧૩નું, ૧૧૪નું, ૧૨૫નું, ૧૨૬નું, ૧૨૭નું, ૧૨૮નું, ૧૨૯નું, ૧૩૦નું, ૧૩૧નું, ૧૩૩નું, ૧૩૪નું, ૧૩૫નું, ૧૩૬નું, ૧૩૭નું, ૧૩૮નું, ૧૩૯નું, ૧૪૦નું, ૧૪૧નું, ૧૪૨નું, ૧૪૪નું, ૧૪૫નું, ૧૪૬નું.

**ભૂયસ્કાર સત્તાસ્થાનક-૧૬ :-** ૧૨૮નું, ૧૨૯નું, ૧૩૦નું, ૧૩૧નું, ૧૩૪નું, ૧૩૫નું, ૧૩૬નું, ૧૩૭નું, ૧૩૮નું, ૧૩૯નું, ૧૪૦નું, ૧૪૧નું, ૧૪૨નું, ૧૪૪નું, ૧૪૫નું, ૧૪૬નું.

૧૨૭ના સત્તાસ્થાનકની પછીના સત્તાસ્થાનકો ભૂયસ્કાર સત્તાસ્થાનકો છે. ૧૩૩નું સત્તાસ્થાનક, ૧૨૭નું સત્તાસ્થાન અને ૧૨૭ના સત્તાસ્થાનકની પહેલાના સત્તાસ્થાનકો ભૂયસ્કાર સત્તાસ્થાનક નથી, કેમકે આ સત્તાસ્થાનકો ક્ષપકશ્રેણિમાં જ મળે છે અને ક્ષપકશ્રેણિથી પડવાનું હોતું નથી.

**અલ્પતર સત્તાસ્થાનક-૪૬ :-** ૧૧નું, ૧૨નું, ૮૦નું, ૮૧નું, ૮૪નું, ૮૫નું, ૯૪નું, ૯૫નું, ૯૬નું, ૯૭નું, ૯૮નું, ૯૯નું,

૧૦૦નું, ૧૦૧નું, ૧૦૨નું, ૧૦૩નું, ૧૦૪નું, ૧૦૫નું, ૧૦૬નું, ૧૦૭નું, ૧૦૮નું, ૧૦૯નું, ૧૧૦નું, ૧૧૧નું, ૧૧૨નું, ૧૧૩નું, ૧૧૪નું, ૧૨૫નું, ૧૨૬નું, ૧૨૭નું, ૧૨૮નું, ૧૨૯નું, ૧૩૦નું, ૧૩૧નું, ૧૩૩નું, ૧૩૪નું, ૧૩૫નું, ૧૩૬નું, ૧૩૭નું, ૧૩૮નું, ૧૩૯નું, ૧૪૦નું, ૧૪૧નું, ૧૪૨નું, ૧૪૪નું, ૧૪૫નું.

૧૪૬ના સત્તાસ્થાનક સિવાયના બધા સત્તાસ્થાનકો અલ્પતર સત્તાસ્થાનક છે. ૧૪૬ના સત્તાસ્થાનકની ઉપરનું કોઈ સત્તાસ્થાનક ન હોવાથી ૧૪૬ નું અલ્પતર સત્તાસ્થાનક નથી.

**અવસ્થિત સત્તાસ્થાનક-૪૩ :-** ૮૦નું, ૮૧નું, ૮૪નું, ૮૫નું, ૯૬નું, ૯૭નું, ૯૮નું, ૯૯નું, ૧૦૦નું, ૧૦૧નું, ૧૦૨નું, ૧૦૩નું, ૧૦૪નું, ૧૦૫નું, ૧૦૬નું, ૧૦૭નું, ૧૦૮નું, ૧૦૯નું, ૧૧૦નું, ૧૧૧નું, ૧૧૨નું, ૧૧૩નું, ૧૧૪નું, ૧૨૫નું, ૧૨૬નું, ૧૨૭નું, ૧૨૮નું, ૧૨૯નું, ૧૩૦નું, ૧૩૧નું, ૧૩૩નું, ૧૩૪નું, ૧૩૫નું, ૧૩૬નું, ૧૩૭નું, ૧૩૮નું, ૧૩૯નું, ૧૪૦નું, ૧૪૧નું, ૧૪૨નું, ૧૪૪નું, ૧૪૫નું, ૧૪૬નું.

૧૧ના, ૧૨ના, ૯૪ના અને ૯૫ના સત્તાસ્થાનકો સિવાયના બધા સત્તાસ્થાનકો બીજા સમયથી અવસ્થિત છે. તેથી અવસ્થિત સત્તાસ્થાનકો ૪૩ છે. ૧૧ના, ૧૨ના, ૯૪ના અને ૯૫ના સત્તાસ્થાનકો ૧ સમયના હોવાથી અવસ્થિત નથી.

**અવક્તવ્ય સત્તાસ્થાનક :-** નથી

ઉત્તરપ્રકૃતિઓની સત્તાનો સર્વથા અભાવ થયા પછી ફરીથી સત્તા થતી ન હોવાથી અવક્તવ્ય સત્તાસ્થાનક નથી.

**કર્મપ્રકૃતિના સત્તાપ્રકરણની ગાથા પરની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. अ ॥૧૦॥ A** ઉપર કહ્યું છે કે, '૧૨મા ગુણઠાણાના ૯૬ના, ૯૭ના, ૧૦૦ના, ૧૦૧ના સત્તાસ્થાનોમાં નરક ૨ વગેરે નામની ૧૩, થિણદ્ધિ ૩

અને મોહનીયની ૨૬ ઉમેરતા ૧૩૮ના, ૧૩૯ના, ૧૪૨ના, ૧૪૩ના સત્તાસ્થાનો થાય તથા નરક ૨ વગેરે નામની ૧૩, થિણદ્ધિ ૩ અને મોહનીયની ૨૭ ઉમેરતા ૧૩૯ના, ૧૪૦ના, ૧૪૩ના, ૧૪૪ના સત્તાસ્થાનો થાય. ૧૩૪ના સત્તાસ્થાનથી ૧૪૫ના સત્તાસ્થાન સુધીના સત્તાસ્થાનો ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને હોય.' પણ ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તા હોતી નથી. તેથી મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તાવાળા ઉપરોક્ત સત્તાસ્થાનો ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં ઘટતા નથી. છતા ટીકાકારે ઉપર પ્રમાણે ઉલ્લેખ કર્યો છે, તેની સંગતિ આ રીતે થઈ શકે - એક મત એવો છે કે અનંતાનુબંધી ૪ની ક્ષપણા દરમ્યાન છેલ્લો થોડો અંશ બાકી રહે ત્યારે દર્શનમોહનીયની ક્ષપણા ચાલુ કરે છે. એટલે એ અંશ મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી અને મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી પણ વિદ્યમાન હોય એવી કલ્પનાથી ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધી મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તા મળે. આમ આ મત પ્રમાણે ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તાવાળા જીવોને ઉપરોક્ત સત્તાસ્થાનો હોઈ શકે.

મુખ્યમતે તો ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તા ન હોવાથી ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તાવાળા ઉપર કહેલા સત્તાસ્થાનો ન હોય. જો મોહનીયની ૨૬ની સત્તાવાળા ૧૩૮ના, ૧૩૯ના, ૧૪૨ના, ૧૪૩ના સત્તાસ્થાનો અને મોહનીયની ૨૭ની સત્તાવાળા ૧૩૯ના, ૧૪૦ના, ૧૪૩ના, ૧૪૪ના સત્તાસ્થાનો ૧લા ગુણઠાણે માનીએ તો એ પણ શક્ય નથી, કેમકે મોહનીયની ૨૬ની સત્તાવાળા ૧૩૯ના, ૧૪૩ના સત્તાસ્થાનો અને મોહનીયની ૨૭ની સત્તાવાળા ૧૪૦ના, ૧૪૪ના સત્તાસ્થાનો ૧લા ગુણઠાણે ન મળે, કેમકે આ

સત્તાસ્થાનો જિનનામકર્મની સત્તાવાળા છે અને ૧લા ગુણઠાણે મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તાવાળાને જિનનામકર્મની સત્તા ન હોય. વળી મોહનીયની ૨૬ની સત્તાવાળુ ૧૪૩નું સત્તાસ્થાન અને મોહનીયની ૨૭ની સત્તાવાળુ ૧૪૪નું સત્તાસ્થાન આ બન્ને સત્તાસ્થાનો જિનનામકર્મ અને આહારક ૪ની સત્તાવાળા છે. ૧લા ગુણઠાણે જિનનામકર્મ અને આહારક ૪ની સાથે સત્તા ન હોય. તેથી મોહનીયની ૨૬ની સત્તાવાળુ ૧૪૩નું સત્તાસ્થાન અને મોહનીયની ૨૭ની સત્તાવાળુ ૧૪૪નું સત્તાસ્થાન ૧લા ગુણઠાણે ન હોય. ૧લા ગુણઠાણે મોહનીયની ૨૬મી સત્તાવાળુ ૧૪૨નું સત્તાસ્થાન અને મોહનીયની ૨૭ની સત્તાવાળું ૧૪૩નું સત્તાસ્થાન પણ ન મળે, કેમકે આ બન્ને સત્તાસ્થાનો આહારક ૪ની સત્તાવાળા છે અને ૧લા ગુણઠાણે મોહનીયની ૨૬ની અને ૨૭ની સત્તાવાળાને આહારક ૪ની સત્તા ન હોય. આમ મોહનીયની ૨૬ની સત્તાવાળા ૧૩૯ના, ૧૪૨ના, ૧૪૩ના સત્તાસ્થાનો અને મોહનીયની ૨૭ની સત્તાવાળા ૧૪૦ના, ૧૪૩ના, ૧૪૪ના સત્તાસ્થાનો ૧લા ગુણઠાણે મળતા નથી. ૧૩૯ના, ૧૪૦ના, ૧૪૨ના અને ૧૪૪ના સત્તાસ્થાનો અન્ય રીતે ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના ગુણઠાણાઓમાં મળે છે. પણ ૧૪૩નું સત્તાસ્થાન કોઈપણ ગુણઠાણે કોઈપણ રીતે મળતું નથી. તેથી કુલ સત્તાસ્થાનો ૪૭ છે, ભૂયસ્કાર સત્તાસ્થાનો ૧૬ છે, અલ્પતર સત્તાસ્થાનો ૪૬ છે, અવસ્થિત સત્તાસ્થાનો ૪૩ છે. ટીકાકારે કુલ સત્તાસ્થાનો ૪૮, ભૂયસ્કાર સત્તાસ્થાનો ૧૭, અલ્પતર સત્તાસ્થાનો ૪૭ અને અવસ્થિત સત્તાસ્થાનો ૪૪ કહ્યા છે અને તેમાં ૧૪૩નું સત્તાસ્થાન પણ કહ્યું છે. તેથી અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

આમ પ્રકૃતિને વિષે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાને આશ્રયીને ભૂયસ્કાર વગેરે કહ્યા.

આ જ રીતે સ્થિતિ, રસ અને પ્રદેશને વિષે બંધ, ઉદય,

ઉદીરણા અને સત્તાને આશ્રયીને ભૂયસ્કાર વગેરે જાણવા અને પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશને વિષે સંક્રમ વગેરેને આશ્રયીને ભૂયસ્કાર વગેરે જાણવા.

પૂર્વે ૮ કરણ, ઉદય અને સત્તાનું જે સ્વામિત્વ કહ્યું તે ઓઘસ્વામિત્વ હતું. એવી જ રીતે ૮ કરણ, ઉદય અને સત્તાનું ૧૪ માર્ગણામાં સ્વામિત્વ જાણવું.

બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, સંક્રમ - આ પાંચ પદાર્થોના પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશને આશ્રયીને જઘન્ય-અજઘન્ય-ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ વડે પરસ્પર સંવેધ કહેવા. દા.ત. જ્ઞાનાવરણના જઘન્ય સ્થિતિબંધમાં જઘન્ય રસબંધ, જઘન્ય પ્રદેશબંધ, અજઘન્ય સ્થિતિઉદય, અજઘન્ય સ્થિતિઉદીરણા, અજઘન્ય સ્થિતિસત્તા, અજઘન્ય સ્થિતિસંક્રમ હોય છે.

**મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તરપ્રકૃતિઓમાં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય બંધસ્થાનકો**

| પ્રકૃતિ | બંધસ્થાનક | ભૂયસ્કાર બંધસ્થાનક | અલ્પતર બંધસ્થાનક | અવસ્થિત બંધસ્થાનક | અવક્તવ્ય બંધસ્થાનક |
|---|---|---|---|---|---|
| મૂળપ્રકૃતિ | ૪ | ૩ | ૩ | ૪ | – |
| જ્ઞાનાવરણ | ૧ | – | – | ૧ | ૧ |
| દર્શનાવરણ | ૩ | ૨ | ૨ | ૩ | ૨ |
| વેદનીય | ૧ | – | – | ૧ | – |
| મોહનીય | ૧૦ | ૯ | ૮ | ૧૦ | ૨ |
| આયુષ્ય | ૧ | – | – | ૧ | ૧ |
| નામ | ૮ | ૬ | ૭ | ૮ | ૩ |
| ગોત્ર | ૧ | – | – | ૧ | ૧ |
| અંતરાય | ૧ | – | – | ૧ | ૧ |
| સર્વ ઉત્તરપ્રકૃતિ | ૨૯ | ૨૮ | ૨૮ | ૨૯ | – |

મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તરપ્રકૃતિઓમાં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય ઉદયસ્થાનકો

| પ્રકૃતિ | ઉદય-સ્થાનક | ભૂયસ્કાર ઉદયસ્થાનક | અલ્પતર ઉદયસ્થાનક | અવસ્થિત ઉદયસ્થાનક | અવક્તવ્ય ઉદયસ્થાનક |
|---|---|---|---|---|---|
| મૂળપ્રકૃતિ | ૩ | ૧ | ૨ | ૩ | — |
| જ્ઞાનાવરણ | ૧ | — | — | ૧ | — |
| દર્શનાવરણ | ૨ | ૧ | ૧ | ૨ | — |
| વેદનીય | ૧ | — | — | ૧ | — |
| મોહનીય | ૯ | ૮ | ૮ | ૯ | ૫ |
| આયુષ્ય | ૧ | — | — | ૧ | — |
| નામ | ૧૨ | ૮ | ૯ | ૧૨ | — |
| ગોત્ર | ૧ | — | — | ૧ | — |
| અંતરાય | ૧ | — | — | ૧ | — |
| સર્વ ઉત્તરપ્રકૃતિ | ૨૬ | □૧૯ | ૨૪ | ૨૬ | — |

મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તરપ્રકૃતિઓમાં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય ઉદીરણાસ્થાનકો

| પ્રકૃતિ | ઉદીરણા-સ્થાનક | ભૂયસ્કાર ઉદીરણા-સ્થાનક | અલ્પતર ઉદીરણા-સ્થાનક | અવસ્થિત ઉદીરણા-સ્થાનક | અવક્તવ્ય ઉદીરણા-સ્થાનક |
|---|---|---|---|---|---|
| મૂળપ્રકૃતિ | ૫ | ૩ | ૪ | ૫ | — |
| જ્ઞાનાવરણ | ૧ | — | — | ૧ | — |
| દર્શનાવરણ | ૨ | ૧ | ૧ | ૨ | — |
| વેદનીય | ૧ | — | — | ૧ | ૧ |
| મોહનીય | ૯ | ૮ | ૮ | ૯ | ૫ |

□. કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૫૨ની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. ૩૫||૭||A ઉપર સર્વઉત્તરપ્રકૃતિના ૨૧ ભૂયસ્કાર ઉદયસ્થાનક કહ્યા છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

| પ્રકૃતિ | ઉદીરણા-સ્થાનક | ભૂયસ્કાર ઉદીરણા-સ્થાનક | અલ્પતર ઉદીરણા-સ્થાનક | અવસ્થિત ઉદીરણા-સ્થાનક | અવક્તવ્ય ઉદીરણા-સ્થાનક |
|---|---|---|---|---|---|
| આયુષ્ય | ૧ | – | – | ૧ | ૧ |
| નામ | ૧૦ | ૮ | ૭ | ૧૦ | – |
| ગોત્ર | ૧ | – | – | ૧ | – |
| અંતરાય | ૧ | – | – | ૧ | – |
| સર્વઉત્તરપ્રકૃતિ | ૨૪ | ૧૯ | ૨૨ | ૨૪ | – |

## મૂળપ્રકૃતિઓમાં, ઉત્તરપ્રકૃતિઓમાં અને સર્વઉત્તરપ્રકૃતિઓમાં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય સત્તાસ્થાનકો

| પ્રકૃતિ | સત્તાસ્થાનક | ભૂયસ્કાર સત્તાસ્થાનક | અલ્પતર સત્તાસ્થાનક | અવસ્થિત સત્તાસ્થાનક | અવક્તવ્ય સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|
| મૂળપ્રકૃતિ | ૩ | – | ૨ | ૩ | – |
| જ્ઞાનાવરણ | ૧ | – | – | ૧ | – |
| દર્શનાવરણ | ૩ | – | ૨ | ૨ | – |
| વેદનીય | ૨ | – | ૧ | ૧ | – |
| મોહનીય | ૧૫ | ૧ | ૧૪ | ૧૫ | – |
| આયુષ્ય | ૨ | ૧ | ૧ | ૨ | – |
| નામ | ૧૨ | ૬ | ૧૦ | ૧૦ | – |
| ગોત્ર | ૨ | ૧ | ૧ | ૨ | – |
| અંતરાય | ૧ | – | – | ૧ | – |
| સર્વ ઉત્તરપ્રકૃતિ[1] | ૪૭ | ૧૬ | ૪૬ | ૪૩ | – |

**કર્મપ્રકૃતિ સત્તાધિકાર પદાર્થસંગ્રહ સમાપ્ત**

---

૧. કર્મપ્રકૃતિ સત્તાધિકાર ગાથા ૫૨ની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. અ॥૧૦॥B ૫૨ સર્વઉત્તરપ્રકૃતિઓના કુલ સત્તાસ્થાનકો ૪૮, ભૂયસ્કાર સત્તાસ્થાનકો ૧૭, અલ્પતર સત્તાસ્થાનકો ૪૭ અને અવસ્થિત સત્તાસ્થાનકો ૪૪ કહ્યા છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

# સંવેધ

(૧) મૂળપ્રકૃતિઓમાં બંધનો બંધ સાથે સંવેધ :-

| બંધાતી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| આયુષ્ય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| મોહનીય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| વેદનીય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| | ૧ (વેદનીય) | ૧૧મા, ૧૨મા, ૧૩મા ગુણઠાણાના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |

(૨) મૂળપ્રકૃતિઓમાં બંધનો ઉદય સાથે સંવેધ :-

| બંધાતી મૂળપ્રકૃતિ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| આયુષ્ય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| મોહનીય | ૮ | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |

| બંધાતી મૂળપ્રકૃતિ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| વેદનીય | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭ (૮– મોહનીય) | ૧૧મા ગુણઠાણા અને ૧૨મા ગુણઠાણાના જીવો |
| | ૪ (અઘાતી ૪) | ૧૩મા ગુણઠાણાના જીવો |

## (૩) મૂળપ્રકૃતિઓમાં બંધનો સત્તા સાથે સંવેધ -

| બંધાતી મૂળપ્રકૃતિ | સત્તામાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| આયુષ્ય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| મોહનીય | ૮ | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, નામ, ગોત્ર | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| વેદનીય | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭ (૮– મોહનીય) | ૧૨મા ગુણઠાણાના જીવો |
| | ૪ (અઘાતી ૪) | ૧૩મા ગુણઠાણાના જીવો |

## (૪) મૂળપ્રકૃતિઓમાં ઉદયનો બંધ સાથે સંવેધ -

| ઉદયવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| મોહનીય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |

| ઉદયવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| | ૧ (વેદનીય) | ૧૧મા ગુણઠાણા અને ૧૨મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| | ૧ (વેદનીય) | ૧૧મા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૦ | ૧૪મા ગુણઠાણાના જીવો |

## (૫) મૂળપ્રકૃતિઓમાં ઉદયનો ઉદય અને સત્તા સાથે સંવેધ -

| ઉદયવાળી મૂળપ્રકૃતિ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| મોહનીય | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭(૮– મોહનીય) | ૮ | ૧૧મા ગુણઠાણાના જીવો |
| | ૭(૮– મોહનીય) | ૭(૮– મોહનીય) | ૧૨મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭(૮– મોહનીય) | ૮ | ૧૧મા ગુણઠાણાના જીવો |
| | ૭(૮– મોહનીય) | ૭(૮– મોહનીય) | ૧૨મા ગુણઠાણાના જીવો |
| | ૪(અઘાતી ૪) | ૪ (અઘાતી ૪) | ૧૩મા ગુણઠાણા અને ૧૪મા ગુણઠાણાના જીવો |

## (૬) મૂળપ્રકૃતિઓમાં સત્તાનો બંધ સાથે સંવેધ -

| સત્તાવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|
| મોહનીય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| મોહનીય | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| મોહનીય | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| મોહનીય | ૧ (વેદનીય) | ૧૧મા ગુણઠાણાના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧ (વેદનીય) | ૧૧મા ગુણઠાણા અને ૧૨મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૮ | ૧લા, ૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૭ (૮– આયુષ્ય) | ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૬ (૮– આયુષ્ય, મોહનીય) | ૧૦મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૧ (વેદનીય) | ૧૧મા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો |
| વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૦ | ૧૪મા ગુણઠાણાના જીવો |

## (૭) મૂળપ્રકૃતિઓમાં સત્તાનો ઉદય અને સત્તા સાથે સંવેધ -

| સત્તાવાળી મૂળપ્રકૃતિ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| મોહનીય | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| મોહનીય | ૭(૮– મોહનીય) | ૮ | ૧૧મા ગુણઠાણાના જીવો |

| સત્તાવાળી મૂળપ્રકૃતિ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭ (૮–મોહનીય) | ૮ | ૧૧મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮–મોહનીય) | ૭ (૮–મોહનીય) | ૧૨મા ગુણઠાણાના જીવો |
| વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર | ૮ | ૮ | ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો |
| | ૭ (૮–મોહનીય) | ૮ | ૧૧મા ગુણઠાણાના જીવો |
| | ૭ (૮–મોહનીય) | ૭ (૮–મોહનીય) | ૧૨મા ગુણઠાણાના જીવો |
| | ૪ (અઘાતી ૪) | ૪ (અઘાતી ૪) | ૧૩મા ગુણઠાણા અને ૧૪મા ગુણઠાણાના જીવો |

## (૮) મૂળપ્રકૃતિઓમાં બંધનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ -

| બંધાતી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | ઉદીરણામાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |
| દર્શનાવરણ | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |
| વેદનીય | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| મોહનીય | ૮,૭ | ૮ | ૮,૭,૬ | ૮ |
| આયુષ્ય | ૮ | ૮ | ૮,૭,૬ | ૮ |
| નામ | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |
| ગોત્ર | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |
| અંતરાય | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |

- દુઃખથી નહીં, દુઃખના કારણથી ડરજો.
  સુખ પાછળ નહીં, સુખના કારણ પાછળ દોડજો.
- જે સમર્થ હોવા છતાં આરાધનામાં મગ્ન થતો નથી તે વીર્યાંતરાય કર્મનો બંધ કરે છે.

(૯) મૂળપ્રકૃતિઓમાં ઉદયનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ -

| ઉદયવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | ઉદીરણામાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |
| દર્શનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |
| વેદનીય | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| મોહનીય | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬,૫ | ૮ |
| આયુષ્ય | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| નામ | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| ગોત્ર | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| અંતરાય | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |

(૧૦) મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ -

| ઉદીરણાવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | ઉદીરણામાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫ | ૮,૭ |
| દર્શનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫ | ૮,૭ |
| વેદનીય | ૮,૭ | ૮ | ૮,૭ | ૮ |
| મોહનીય | ૮,૭,૬ | ૮ | ૮,૭,૬ | ૮ |
| આયુષ્ય | ૮,૭ | ૮ | ૮ | ૮ |
| નામ | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| ગોત્ર | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| અંતરાય | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫ | ૮,૭ |

- અર્થ એ સર્વ અનર્થોનું મૂળ છે અને કામ એ કાતિલ ઝેર છે.

(૧૧) મૂળપ્રકૃતિઓમાં સત્તાનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા સાથે સંવેધ -

| સત્તાવાળી મૂળપ્રકૃતિ | બંધમાં મૂળપ્રકૃતિઓ | ઉદયમાં મૂળપ્રકૃતિઓ | ઉદીરણામાં મૂળપ્રકૃતિઓ | સત્તામાં મૂળપ્રકૃતિઓ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |
| દર્શનાવરણ | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |
| વેદનીય | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| મોહનીય | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫ | ૮ |
| આયુષ્ય | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| નામ | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| ગોત્ર | ૮,૭,૬,૧ | ૮,૭,૪ | ૮,૭,૬,૫,૨ | ૮,૭,૪ |
| અંતરાય | ૮,૭,૬,૧ | ૮,૭ | ૮,૭,૬,૫,૨ | ૮,૭ |

(૧૨) મૂળપ્રકૃતિઓમાં બંધસ્થાનકોનો બંધસ્થાનક - ઉદયસ્થાનક - ઉદીરણાસ્થાનક - સત્તાસ્થાનક સાથે સંવેધ-

| બંધસ્થાનક | બંધસ્થાનક | ઉદયસ્થાનક | ઉદીરણાસ્થાનક | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|
| ૮નું | ૮નું | ૮નું | ૮નું, ૭નું, ૬નું | ૮નું |
| ૭નું | ૭નું | ૮નું | ૮નું, ૭નું, ૬નું | ૮નું |
| ૬નું | ૬નું | ૮નું | ૬નું, ૫નું | ૮નું |
| ૧નું | ૧નું | ૭નું, ૪નું, | ૫નું, ૨નું | ૮નું, ૭નું, ૪નું |

(૧૩) મૂળપ્રકૃતિઓમાં ઉદયસ્થાનકોનો બંધસ્થાનક - ઉદયસ્થાનક - ઉદીરણાસ્થાનક - સત્તાસ્થાનક સાથે સંવેધ-

| ઉદયસ્થાનક | બંધસ્થાનક | ઉદયસ્થાનક | ઉદીરણાસ્થાનક | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|
| ૮નું | ૮નું, ૭નું, ૬નું | ૮નું | ૮નું, ૭નું, ૬નું | ૮નું |
| ૭નું | ૧નું | ૭નું | ૫નું, ૨નું | ૮નું, ૭નું |
| ૪નું | ૧નું | ૪નું | ૨નું | ૪નું |

## (૧૪) મૂળપ્રકૃતિઓમાં ઉદીરણાસ્થાનકોનો બંધસ્થાનક-ઉદયસ્થાનક-ઉદીરણાસ્થાનક- સત્તાસ્થાનક સાથે સંવેધ-

| ઉદીરણાસ્થાનક | બંધસ્થાનક | ઉદયસ્થાનક | ઉદીરણાસ્થાનક | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|
| ૮નું | ૮નું, ૭નું | ૮નું | ૮નું | ૮નું |
| ૭નું | ૮નું, ૭નું | ૮નું | ૭નું | ૮નું |
| ૬નું | ૮નું, ૭નું, ૬નું | ૮નું | ૬નું | ૮નું |
| ૫નું | ૬નું, ૧નું | ૮નું, ૭નું | ૫નું | ૮નું, ૭નું |
| ૨નું | ૧નું | ૭નું, ૪નું | ૨નું | ૭નું, ૪નું |

## (૧૫) મૂળપ્રકૃતિઓમાં સત્તાસ્થાનકોનો બંધસ્થાનક - ઉદયસ્થાનક - ઉદીરણાસ્થાનક - સત્તાસ્થાનક સાથે સંવેધ-

| સત્તાસ્થાનક | બંધસ્થાનક | ઉદયસ્થાનક | ઉદીરણાસ્થાનક | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|
| ૮નું | ૮નું, ૭નું, ૬નું, ૧નું | ૮નું, ૭નું | ૮નું, ૭નું, ૬નું, ૫નું | ૮નું |
| ૭નું | ૧નું | ૭નું | ૫નું, ૨નું | ૭નું |
| ૪નું | ૧નું | ૪નું | ૨નું | ૪નું |

સામાન્યથી, ગુણઠાણામાં, જીવસ્થાનકમાં અને માર્ગણાસ્થાનકમાં મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓના બંધસ્થાનક, ઉદયસ્થાનક, સત્તાસ્થાનક અને તેમનો સંવેધ છઠ્ઠા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

૮ કરણ, ઉદય અને સત્તાના જ્ઞાનવાળા જીવો ૮ કરણ, ઉદય અને સત્તાની નિર્જરા (ક્ષય) કરવા માટે સંયમમાં ઉદ્યમ કરે છે. તેઓ ૮ કર્મના બંધ-ઉદય-સત્તાના ક્ષયથી ઉત્પન્ન થયેલ મોક્ષનું અનંત સુખ પામે છે.

- વૈયાવચ્ચ કરનાર તીર્થંકરનામકર્મનો બંધ કરે છે.

# ક્ષપકશ્રેણિનું સ્વરૂપ

બંધ-ઉદય-સત્તાનો ક્ષય કરવા માટે જીવ ક્ષપકશ્રેણિ માંડે છે. તે આ પ્રમાણે -

(૧) ૮ વર્ષની ઉપરની વયના, ૧લા સંઘયણવાળા, ૪થા-૫મા-૬ઠ્ઠા-૭મા ગુણઠાણાવાળા મનુષ્યો ક્ષપકશ્રેણિ માંડે છે. ક્ષપકશ્રેણિ માંડનાર ૪થા-૫મા-૬ઠ્ઠા ગુણઠાણાવાળો હોય તો ધર્મધ્યાનવાળો હોય અને ૭મા ગુણઠાણાવાળો હોય તો શુક્લધ્યાનવાળો હોય.

(૨) તે સર્વપ્રથમ અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજનાનું સ્વરૂપ પૂર્વે ઉપશમનાકરણમાં જણાવ્યું છે.

(૩) પછી તે દર્શન ૩ની ક્ષપણા કરે છે. દર્શન ૩ની ક્ષપણાનું સ્વરૂપ પૂર્વે ઉપશમનાકરણમાં જણાવ્યું છે.

(૪) જો આયુષ્ય બાંધ્યા પૂર્વે દર્શન ૭નો ક્ષય કરે તો દર્શન ૭નો ક્ષય કર્યા પછી ચારિત્રમોહનીયનો ક્ષય કરવા માટે ત્રણ કરણ કરે છે. ૭મા ગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરે છે, ૮મા ગુણઠાણે અપૂર્વકરણ કરે છે, ૯મા ગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે.

(૫) કરણોની પૂર્વભૂમિકા, યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ પૂર્વે ઉપશમનાકરણમાં કહ્યા તે મુજબ જાણવા.

(૬) અપૂર્વકરણમાં સ્થિતિઘાત વગેરે વડે અપ્રત્યાખ્યાનાવરણીય ૪ -પ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૮ પ્રકૃતિઓ તેવી રીતે ખપાવે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે તેની સ્થિતિસત્તા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી રહે.

(૭) અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગો ગયે છતે સ્થાવર ૨, તિર્યંચ ૨, નરક ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ, થિણદ્ધિ ૩ = ૧૬ પ્રકૃતિઓની ઉદ્વલના કરતા કરતા તેમની સ્થિતિસત્તા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી થાય છે. ત્યાર પછી બંધાતી પ્રકૃતિઓમાં આ ૧૬ પ્રકૃતિઓને ગુણસંક્રમથી સંક્રમાવીને તેનો સંપૂર્ણ ક્ષય કરે છે. ૮ કષાયોનો ક્ષય કરવાની શરૂઆત પહેલા કરે છે. પણ તેનો સંપૂર્ણ ક્ષય થાય તે પહેલા વચ્ચે ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્તમાં ૮ કષાયોના શેષ દલિકોનો ક્ષય કરે છે. મતાંતરે પહેલા ૧૬ પ્રકૃતિઓ ખપાવવાનું શરૂ કરે છે, વચ્ચે ૮ કષાયોનો ક્ષય કરે છે અને પછી ૧૬ પ્રકૃતિઓના બાકીના દલિકોનો ક્ષય કરે છે.

(૮) પછી અંતર્મુહૂર્તમાં ૯ નોકષાયો અને ૪ સંજ્વલન કષાયોનું અંતરકરણ કરે છે.

(૯) અંતરકરણ કર્યા પછી નપુંસકવેદના બીજી સ્થિતિના દલિકોને ઉદ્વલનાસંક્રમથી ખપાવવાનું શરૂ કરે છે. અંતર્મુહૂર્તમાં તેની સ્થિતિસત્તા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી થાય છે. ત્યાર પછી બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમથી તેના દલિકો સંક્રમાવે છે. અંતર્મુહૂર્તમાં બીજી સ્થિતિના બધા દલિકોનો ક્ષય થઈ જાય છે. જો નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડી હોય તો નપુંસકવેદની પ્રથમસ્થિતિના દલિકોને ભોગવીને ખપાવે છે. જો અન્યવેદોદયે ક્ષપકશ્રેણિ માંડી હોય તો નપુંસકવેદની પ્રથમસ્થિતિના દલિકોને સ્તિબુકસંક્રમથી વેદ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવીને ખપાવે છે. આમ નપુંસકવેદનો સર્વથા ક્ષય થાય છે.

**ક્ષપકશ્રેણિ**

**(પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને)**

**(ચિત્ર-૧)**



(૧૦) પછી એ જ રીતે અંતર્મુહૂર્તમાં સ્ત્રીવેદનો ક્ષય કરે છે.

(૧૧) પછી હાસ્ય ૬ના અને પુરુષવેદના દલિકોને એકસાથે ખપાવવાનું શરૂ કરે છે. ત્યારથી હાસ્ય ૬ના બીજીસ્થિતિના દલિકોને પુરુષવેદમાં ન સંક્રમાવે, પણ સંજ્વલન ક્રોધમાં જ સંક્રમાવે. આમ અંતર્મુહૂર્તમાં હાસ્ય ૬ના બીજીસ્થિતિના બધા દલિકોનો સર્વથા ક્ષય કરે છે. જે સમયે હાસ્ય ૬નો ક્ષય થાય છે તે જ સમયે પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારે પુરુષવેદના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો સિવાયના બધા દલિકોનો ક્ષય થઈ ગયો હોય છે. પુરુષવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર માટે આ પ્રમાણે જાણવું.

જો નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડે તો પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદને એકસાથે ખપાવે છે. તેમનો ક્ષય થાય એ જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. પછી પુરુષવેદ અને હાસ્ય ૬ને એકસાથે ખપાવે છે.

જો સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણિ માંડે તો પહેલા નપુંસકવેદનો ક્ષય કરે છે. પછી સ્ત્રીવેદનો ક્ષય કરે છે. તેના ક્ષય વખતે જ પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. ત્યાર પછી પુરુષવેદ અને હાસ્ય ૬ને એકસાથે ખપાવે છે.

(૧૨) પુરુષવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર પુરુષવેદના બંધવિચ્છેદ પછી સંજ્વલન ક્રોધના ઉદયકાળના ત્રણ ભાગ કરે છે - અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા, કિટ્ટિવેદનાદ્ધા.

(૧૩) અશ્વકર્ણકરણાદ્ધામાં સંજ્વલન ૪ની બીજીસ્થિતિમાં પ્રતિસમય અનંત અપૂર્વસ્પર્ધકો કરે છે. અત્યાર સુધી જે રસસ્પર્ધકો

સત્તામાં હતા તે પૂર્વસ્પર્ધકો કહેવાય છે. અહીંથી પૂર્વસ્પર્ધકોના જઘન્ય રસસ્પર્ધકથી અનંતગુણહીન રસવાળા જે અનંતા નવા રસસ્પર્ધકોની રચના થાય છે તે અપૂર્વ રસસ્પર્ધકો કહેવાય છે. પુરુષવેદના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અશ્વકર્ણકરણાદ્ધાના તેટલા કાળમાં સંજ્વલન ક્રોધમાં ગુણસંક્રમથી સંક્રમાવે છે. ચરમસમયે સર્વસંક્રમથી સંક્રમાવી પુરુષવેદનો ક્ષય કરે છે.

(૧૪) અશ્વકર્ણકરણાદ્ધા પછી કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. તેમાં સંજ્વલન ૪ની બીજીસ્થિતિમાં પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોમાંથી દલિકો લઈને અપવર્તના કરીને અનંત કિટ્ટિઓ કરે છે. જે વર્ગણાઓમાં કષાયમોહનીય કર્મના રસને અત્યંત કૃશ કરી નાંખ્યો હોય તેને કિટ્ટિ કહેવાય છે. પૂર્વસ્પર્ધકો કરતા અપૂર્વસ્પર્ધકોમાં રસાણુ ઓછા હોય છે. છતાં અપૂર્વસ્પર્ધકોમાં એકોત્તરવૃદ્ધિવાળી વર્ગણાઓ મળે છે. જઘન્ય રસવાળા અપૂર્વસ્પર્ધકની પ્રથમ વર્ગણા કરતા પણ અનંતગુણહીન રસ કિટ્ટિઓમાં હોય છે. કિટ્ટિઓમાં એકોત્તર વૃદ્ધિવાળી વર્ગણાઓ મળતી નથી. તે કિટ્ટિઓ અનંત હોવા છતાં સ્થૂલ જાતિભેદથી ૧૨ કલ્પાય છે - એક-એક કષાયની ત્રણ-ત્રણ. આમ સંજ્વલન ક્રોધોદયે ક્ષપકશ્રેણિ માંડનાર માટે જાણવું.

(૧૫) સંજ્વલનમાનોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ઉદ્વલનાસંક્રમથી સંજ્વલન ક્રોધનો ક્ષય કરે છે. પછી તે શેષ ત્રણ કષાયોની ૯ કિટ્ટિઓ કરે છે.

(૧૬) સંજ્વલનમાયોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ઉદ્વલનાસંક્રમથી સંજ્વલન ક્રોધ અને સંજ્વલન માનનો ક્ષય કરે છે. પછી તે શેષ બે કષાયોની ૬ કિટ્ટિઓ કરે છે.

# ક્ષપકશ્રેણિ

## (પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને) (ચિત્ર-૨)



(૧૭) સંજ્વલનલોભોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ઉદ્વલનાસંક્રમથી સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન અને સંજ્વલન માયાનો ક્ષય કરે છે. પછી તે સંજ્વલન લોભની ૩ કિટ્ટિઓ કરે છે.

(૧૮) કિટ્ટિકરણાદ્ધા પૂર્ણ થયા પછી જીવ કિટ્ટિવેદનાદ્ધામાં પ્રવેશ કરે છે. સંજ્વલનક્રોધોદયે ક્ષપકશ્રેણિ માંડનાર જીવ સંજ્વલનક્રોધની બીજીસ્થિતિમાં રહેલી સંજ્વલન ક્રોધની પ્રથમકિટ્ટિના દલિકોને ખેંચીને તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તેની આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાંથી સંજ્વલન ક્રોધની બીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન ક્રોધની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલનક્રોધની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન ક્રોધની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની એક આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધની બીજીસ્થિતિમાંથી સંજ્વલનક્રોધની ત્રીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલનક્રોધની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલનક્રોધની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલનક્રોધની આ ત્રણે કિટ્ટિઓના ઉદયકાળમાં તેમના બીજીસ્થિતિના દલિકો ગુણસંક્રમથી સંજ્વલન માનમાં સંક્રમાવે છે. સંજ્વલન ક્રોધની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે.

(૧૯)ત્યાર પછી સંજ્વલન માનની બીજીસ્થિતિમાંથી સંજ્વલન માનની પ્રથમ કિટ્ટિના દલિકોને ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન ક્રોધની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માનની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન ક્રોધના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો ગુણસંક્રમથી સંજ્વલન માનમાં તેટલા જ કાળે સંક્રમાવીને તેમનો ક્ષય કરે છે. સંજ્વલન માનની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માનની બીજીસ્થિતિમાંથી સંજ્વલન માનની બીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માનની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માનની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માનની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માનની બીજીસ્થિતિમાંથી સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માનની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માનની આ ત્રણે કિટ્ટિઓના ઉદયકાળમાં તેમના બીજીસ્થિતિના દલિકો ગુણસંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવે છે. સંજ્વલનમાનની ત્રીજી કિટ્ટિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માનના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે.

(૨૦) ત્યાર પછી સંજ્વલન માયાની બીજીસ્થિતિમાંથી સંજ્વલન માયાની પ્રથમ કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માયાની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માનના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો ગુણસંક્રમથી સંજ્વલન માયામાં તેટલા જ કાળે સંક્રમાવીને તેમનો ક્ષય કરે છે. સંજ્વલન માયાની પ્રથમકિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માયાની બીજીસ્થિતિમાંથી સંજ્વલન માયાની બીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માયાની પ્રથમકિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માયાની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માયાની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માયાની બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માયાની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માયાની આ ત્રણે કિટ્ટિઓના ઉદયકાળમાં બીજીસ્થિતિના દલિકો ગુણસંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવે છે. સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માયાના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે.

# ક્ષપકશ્રેણિ

## (પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને)

## (ચિત્ર-૩)



(૨૧) ત્યાર પછી સંજ્વલન લોભની બીજીસ્થિતિમાંથી સંજ્વલન લોભની પ્રથમ કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલી ૧ આવલિકાના દલિકો સંજ્વલન લોભની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન માયાના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો ગુણસંક્રમથી સંજ્વલન લોભમાં તેટલા જ કાળે સંક્રમાવીને તેમનો ક્ષય કરે છે. સંજ્વલન લોભની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી સંજ્વલન લોભની બીજી કિટ્ટિના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન લોભની પ્રથમ કિટ્ટિની પ્રથમસ્થિતિની શેષ રહેલ ૧ આવલિકાના દલિકો સંજ્વલન લોભની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને ભોગવે છે. સંજ્વલન લોભની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિ ભોગવતી વખતે સંજ્વલન લોભની બીજી સ્થિતિમાં રહેલ સંજ્વલન લોભની ત્રીજી કિટ્ટિના દલિકોમાંથી સૂક્ષ્મકિટ્ટિઓ કરે છે. સંજ્વલન લોભની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ, બાદર સંજ્વલન લોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ અને ૯મા ગુણઠાણાનો વિચ્છેદ થાય છે.

(૨૨) ત્યાર પછી જીવ ૧૦મા ગુણઠાણે જાય છે. ત્યારે સંજ્વલન લોભની બીજીસ્થિતિમાંથી સૂક્ષ્મકિટ્ટિઓના દલિકો ખેંચી તેમની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન લોભના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અને સૂક્ષ્મકિટ્ટિના દલિકો ૧૦મા ગુણઠાણે સ્થિતિઘાતાદિ વડે ખપાવે

છે. ૧૦મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગો ગયા પછી સંજ્વલન લોભની સર્વઅપવર્તના વડે અપવર્તના કરી તેની સ્થિતિ ૧૦મા ગુણઠાણાના શેષકાળ તુલ્ય કરે છે. તે શેષકાળ અંતર્મુહૂર્તપ્રમાણ છે. ત્યારથી મોહનીયના સ્થિતિઘાત વગેરે થતા નથી, શેષકર્મોના સ્થિતિઘાત વગેરે થાય છે. તે અપવર્તેલી સ્થિતિને ઉદય-ઉદીરણા વડે ભોગવે છે. ૧૦મા ગુણઠાણાની ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન લોભનો ઉદીરણાવિચ્છેદ થાય છે. ચરમાવલિકાના દલિકોને માત્ર ઉદયથી ભોગવે છે. ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકાના ચરમ સમયે સંજ્વલન લોભનો ઉદયવિચ્છેદ થાય છે, જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૧૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે અને મોહનીયના ઉદય-સત્તાનો વિચ્છેદ થાય છે.

(૨૩) ત્યાર પછી જીવ ૧૨મા ગુણઠાણે જાય છે. ૧૨મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગ પસાર થાય ત્યારે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ પ્રકૃતિઓની સર્વઅપવર્તના કરી તેમની સ્થિતિ ૧૨મા ગુણઠાણાના શેષ કાળ તુલ્ય કરે છે, નિદ્રા ૨ની સર્વઅપવર્તના કરી તેની સ્થિતિ સ્વરૂપની અપેક્ષાએ ૧૨મા ગુણઠાણાના શેષકાળ કરતા ૧ સમય ન્યૂન જેટલી કરે છે (નિદ્રા ૨ની સામાન્યથી કર્મરૂપે રહેવા રૂપ સ્થિતિ તો ૧૨મા ગુણઠાણાના શેષકાળ તુલ્ય જ કરે છે.) તે શેષ સ્થિતિને ઉદય-ઉદીરણા વડે ભોગવે છે. ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે નિદ્રા ૨નો ઉદીરણાવિચ્છેદ થાય છે. ૧૨મા ગુણઠાણાની આવલિકા શેષ હોય ત્યારે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય છે. ૧૨મા

# ક્ષપકશ્રેણિ

## (પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને) (ચિત્ર-૪)



ગુણઠાણાના દ્વિચરમ સમયે નિદ્રા ૨ નો સ્વરૂપસત્તાની અપેક્ષાએ ક્ષય થાય છે. ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ અને ક્ષય થાય છે.

(૨૪) ત્યાર પછી જીવ કેવળી થાય છે અને ૧૩મા ગુણઠાણે જાય છે. ત્યાં તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી રહે છે. ત્યાર પછી તે ૧૩મા ગુણઠાણાને અંતે અંતર્મુહૂર્તમાં આયોજિકાકરણ કરે છે. આયોજિકાકરણ એટલે ઉદયાવલિકામાં કર્મપુદ્ગલોને નાંખવારૂપ વિશેષ પ્રકારની ઉદીરણા.

(૨૫) ત્યાર પછી જેમના વેદનીય, નામ અને ગોત્ર કર્મોની સ્થિતિ આયુષ્યની સ્થિતિ કરતા વધુ હોય તેઓ તેમની સ્થિતિને આયુષ્યની સ્થિતિની સમાન કરવા સમુદ્ઘાત કરે છે. **લોકપ્રકાશના ત્રીજા સર્ગ**માં કહ્યું છે - '**यस्यायुषोऽतिरिक्तानि, कर्माणि सर्ववेदिनः । वेद्याख्यनामगोत्राणि, समुद्घातं करोति सः ॥३७॥**' સમુદ્ઘાતમાં પ્રથમ સમયે શરીરમાંથી આત્મપ્રદેશો બહાર કાઢી સ્વશરીરપ્રમાણ પહોળો અને ઉપર-નીચે લોકાંત સુધીનો આત્મપ્રદેશોનો દંડ કરે છે. બીજા સમયે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ લોકાંત સુધી ફેલાવી કપાટ કરે છે. ત્રીજા સમયે આત્મપ્રદેશોને ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ લોકાંત સુધી ફેલાવી મંથાન કરે છે. ચોથા સમયે આત્મપ્રદેશો વડે આકાશના આંતરા પૂરે છે. પાંચમા સમયે આત્મપ્રદેશોને આકાશના આંતરામાંથી સંહરી મંથાન કરે છે. છઠ્ઠા સમયે આત્મપ્રદેશોને મંથાનમાંથી સંહરી કપાટ કરે છે. સાતમા સમયે આત્મપ્રદેશોને કપાટમાંથી

સંહરી દંડ કરે છે. આઠમા સમયે આત્મપ્રદેશોને દંડમાંથી સંહરી સ્વશરીરસ્થ થાય છે.

સમુદ્ઘાત પૂર્વે વેદનીય, નામ, ગોત્રની સ્થિતિ **પલ્યોપમ/અસંખ્ય** જેટલી હોય છે. દંડ કરતી વખતે તેના અસંખ્ય બહુભાગોનો ઘાત કરે છે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. દંડ કરતી વખતે અસાતા, પહેલા સંઘયણ સિવાયના પાંચ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાયના પાંચ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૪, કુખગતિ, ઉપઘાત, અપર્યાપ્ત, અસ્થિર ૬, નીચગોત્ર = ૨૫ અશુભ પ્રકૃતિઓના અનંત બહુભાગ રસનો ઘાત કરે છે અને એક અનંતમો ભાગ બાકી રહે છે. દંડ કરતી વખતે સાતા, દેવ ૨, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, શરીર ૫, અંગોપાંગ ૩, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૪, સુખગતિ, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, જિનનામકર્મ, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર = ૩૯ શુભપ્રકૃતિઓનો રસ અશુભપ્રકૃતિઓમાં નાંખી તેનો ઘાત કરે છે.

સમુદ્ઘાતના બીજા સમયે શેષ સ્થિતિના અસંખ્ય બહુભાગોનો ઘાત કરે છે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે સમયે અશુભપ્રકૃતિઓના શેષ રસના અનંતા બહુભાગોનો ઘાત કરે છે અને એક અનંતમો ભાગ બાકી રહે છે, શુભપ્રકૃતિઓનો રસ અશુભપ્રકૃતિઓમાં નાંખી તેનો ઘાત કરે છે.

સમુદ્ઘાતના ત્રીજા સમયે શેષ સ્થિતિના અસંખ્ય બહુભાગોનો ઘાત કરે છે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે સમયે અશુભપ્રકૃતિઓના શેષ રસના

અનંતા બહુભાગોનો ઘાત કરે છે અને એક અનંતમો ભાગ બાકી રહે છે, શુભપ્રકૃતિઓનો રસ અશુભપ્રકૃતિઓમાં નાંખી તેનો ઘાત કરે છે.

સમુદ્ઘાતના ચોથા સમયે શેષ સ્થિતિના અસંખ્ય બહુભાગોનો ઘાત કરે છે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે સમયે અશુભપ્રકૃતિઓના શેષ રસના અનંતા બહુભાગોનો ઘાત કરે છે અને એક અનંતમો ભાગ બાકી રહે છે, શુભપ્રકૃતિઓનો રસ અશુભપ્રકૃતિઓમાં નાંખી તેનો ઘાત કરે છે. આમ સમુદ્ઘાતના ચોથા સમયે સ્થિતિઘાત-રસઘાત થયા પછી વેદનીય-નામ-ગોત્રની સ્થિતિ અંતર્મુહૂર્તમાત્ર રહે છે અને તે આયુષ્યની સ્થિતિ કરતા સંખ્યાતગુણ હોય છે અને વેદનીય-નામ-ગોત્રનો રસ આયુષ્યના રસ કરતા અનંતગુણ હોય છે.

સમુદ્ઘાતના પાંચમા સમયે શેષ સ્થિતિના સંખ્યાતા બહુભાગોનો ઘાત કરે છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે સમયે અશુભપ્રકૃતિઓના રસના અનંતા બહુભાગોનો ઘાત કરે છે અને એક અનંતમો ભાગ બાકી રહે છે. આ પાંચ સમયોમાં સમયે સમયે સ્થિતિખંડનો અને રસખંડનો ઘાત કરે છે. છઠ્ઠા સમયથી અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્થિતિખંડ અને રસખંડનો ઘાત થાય છે. આમ અંતર્મુહૂર્તકાળમાં થનારા સ્થિતિઘાત અને રસઘાત ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી થાય છે.

જે કેવળી ભગવંતોના વેદનીય-નામ-ગોત્રની સ્થિતિ આયુષ્યની સ્થિતિની સમાન હોય તેઓ સમુદ્ઘાત કરતા નથી.

(૨૬) આમ સમુદ્ઘાત કર્યા વિના કે સમુદ્ઘાત કરીને અંતર્મુહૂર્ત પછી સયોગી કેવળી ભગવંતો લેશ્યાના નિરોધ માટે અને યોગના નિમિત્તે થતા કર્મબંધના નિરોધ માટે યોગનિરોધ કરે છે. પહેલા બાદર કાયયોગના આલંબનથી અંતર્મુહૂર્તમાં બાદર વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત રહીને બાદર કાયયોગના આલંબનથી બાદર મનોયોગનો અંતર્મુહૂર્તમાં નિરોધ કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત રહીને અંતર્મુહૂર્તમાં ઉચ્છ્વાસનો નિરોધ કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત રહીને અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરે છે, મતાંતરે બાદર કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરે છે. બાદર કાયયોગનો નિરોધ કરતા યોગના પૂર્વસ્પર્ધકોની નીચે યોગના અપૂર્વસ્પર્ધકો કરે છે. તે ભવમાં પૂર્વે પર્યાપ્તાવસ્થામાં કાયા વગેરેના વ્યાપાર કરવા માટે જે યોગના સ્પર્ધકો કર્યા હોય તે પૂર્વસ્પર્ધકો કહેવાય છે. તે સ્થૂલ હોય છે. હવે જે સ્પર્ધકો કરે છે તે સૂક્ષ્મ સ્પર્ધકો છે. તે અનાદિ સંસારમાં પૂર્વે કર્યા નથી. તેથી તે અપૂર્વસ્પર્ધક કહેવાય છે. પૂર્વસ્પર્ધકોની નીચેની જે પ્રથમ વગેરે વર્ગણાઓ છે તેમના વીર્યઅવિભાગોના અસંખ્ય બહુભાગોને ખેંચે છે અને એક અસંખ્યાતમો ભાગ રાખે છે. જીવપ્રદેશોનો એક અસંખ્યાતમો ભાગ ખેંચે છે અને અસંખ્ય બહુભાગો રાખી મૂકે છે. એટલે કે જીવપ્રદેશોમાંથી એક અસંખ્યાતમા ભાગ જેટલા આત્મપ્રદેશો લઈ તેમાંથી અસંખ્ય બહુભાગ વીર્યાણુઓનો નાશ કરી અપૂર્વસ્પર્ધકો બનાવે છે. આમ બાદર કાયયોગ નિરોધના પ્રથમ સમયે થાય છે. બીજા સમયે પ્રથમ સમયે ખેંચેલા વીર્યના અવિભાગ કરતા સંખ્યાતમા ભાગના વીર્યના અવિભાગ ખેંચે છે અને પ્રથમ સમયે ખેંચેલા

## ક્ષપકશ્રેણિ
### (પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને)
### (ચિત્ર-૫)



જીવપ્રદેશો કરતા અસંખ્યગુણ જીવપ્રદેશોને ખેંચે છે. આમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી પ્રતિસમય વીર્યના અવિભાગો અને જીવપ્રદેશોને ખેંચી ખેંચીને અપૂર્વસ્પર્ધકો કરે છે. $\frac{\sqrt{\text{શ્રેણિ}}}{\text{અસંખ્ય}}$ જેટલા અપૂર્વસ્પર્ધકો કરે છે.

(૨૭) અપૂર્વસ્પર્ધક કરવાના અંતર્મુહૂર્ત પછીના સમયથી કિટ્ટિઓ કરવાનું શરૂ કરે છે. તે અંતર્મુહૂર્ત સુધી કરે છે. યોગના સ્પર્ધકોમાં જે એક એક અધિક અવિભાગવાળી વર્ગણાઓ છે તેને એવી રીતે અસંખ્યગુણહીન વીર્યાણુવાળી કરી નાંખવી કે જેથી તેમાં એકોત્તર વૃદ્ધિનો ક્રમ ન રહેતા ઉત્તરોત્તર અસંખ્યગુણ અવિભાગ રહે તેને કિટ્ટિ કહેવાય છે. જઘન્ય અપૂર્વસ્પર્ધકની જઘન્ય વર્ગણામાં રહેલા વીર્યાણુ કરતા ઉત્કૃષ્ટ કિટ્ટિના વીર્યાણુ અસંખ્યગુણહીન છે. પ્રથમ સમયે પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોમાંથી પ્રથમ વગેરે વર્ગણાઓના વીર્યઅવિભાગોમાંથી અસંખ્યબહુભાગપ્રમાણ વીર્યના અવિભાગોને ખેંચે છે અને એક અસંખ્યાતમો ભાગ રાખે છે, જીવપ્રદેશોનો એક અસંખ્યાતમો ભાગ ખેંચે છે અને અસંખ્યબહુભાગો રાખે છે. એટલે કે કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે સર્વ જીવપ્રદેશોમાંથી એક અસંખ્યાતમા ભાગ જેટલા આત્મપ્રદેશો લઈ તેમાંથી અસંખ્યાતા બહુભાગ વીર્યાણુઓનો નાશ કરી કિટ્ટિઓ બનાવે છે. બીજા સમયે પ્રથમ સમય કરતા અસંખ્યાતમા ભાગના વીર્યઅવિભાગો ખેંચે છે અને પ્રથમ સમય કરતા અસંખ્યગુણ જીવપ્રદેશોને ખેંચે છે. આમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી કિટ્ટિઓ કરે છે. પ્રથમસમયકૃત કિટ્ટિઓ કરતા બીજા સમયે કરેલ કિટ્ટિઓ

અસંખ્યગુણહીન છે. અહીં ગુણાકારરૂપ અસંખ્ય એ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વપૂર્વ સમય કરતા અસંખ્યગુણહીન કિટ્ટિઓ કરે છે. પ્રથમસમયકૃત કિટ્ટિઓ $\frac{\text{શ્રેણિ}}{\text{અસંખ્ય}}$ જેટલી છે. બીજા વગેરે દરેક સમયે કરાયેલ કિટ્ટિઓ પણ $\frac{\text{શ્રેણિ}}{\text{અસંખ્ય}}$ જેટલી છે. કુલ કિટ્ટિઓ પણ $\frac{\text{શ્રેણિ}}{\text{અસંખ્ય}}$ જેટલી છે. તે પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોના અસંખ્યાતમા ભાગ જેટલી છે. કિટ્ટિકરણના અંતર્મુહૂર્ત પછી પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોનો નાશ કરે છે. ત્યારથી અંતર્મુહૂર્ત સુધી બધો યોગ કિટ્ટિરૂપ હોય છે. તે અંતર્મુહૂર્તમાં જીવ કંઈ કરતો નથી.

(૨૮) ત્યાર પછી અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મ કાયયોગના આલંબનથી સૂક્ષ્મ વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત રહીને સૂક્ષ્મ કાયયોગના આલંબનથી અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મ મનોયોગનો નિરોધ કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્ત રહીને સૂક્ષ્મ કાયયોગના આલંબનથી અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરે છે. તે વખતે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી શુક્લધ્યાન કરે છે. તેના સામર્થ્યથી શરીરના પોલાણો પૂરી આત્મપ્રદેશોને શરીરના ૨/૩ ભાગમાં રાખે છે.

(૨૯) સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરતા પ્રથમ સમયે અસંખ્યબહુભાગ પ્રમાણ કિટ્ટિઓનો ઘાત કરે છે. બીજા સમયે શેષ કિટ્ટિઓના અસંખ્યબહુભાગ પ્રમાણ કિટ્ટિઓનો ઘાત કરે છે. આમ ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ પૂર્વ સમયની ઘાત કર્યા પછીની શેષ કિટ્ટિઓના અસંખ્યબહુભાગ પ્રમાણ કિટ્ટિઓનો ઘાત કરે છે.

# ક્ષપકશ્રેણિ

## (પુરુષવેદ અને સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને)

(ચિત્ર-૬)



(૩૦) ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે બધા કર્મોની સ્થિતિ ૧૪મા ગુણઠાણાના કાળ તુલ્ય થઈ જાય છે. ૧૪મા ગુણઠાણે જેમનો ઉદય નથી તેમની સ્થિતિ સ્વરૂપની અપેક્ષાએ ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે ૧૪મા ગુણઠાણાના કાળ કરતા ૧ સમયન્યૂન કરે છે (સામાન્યથી કર્મરૂપે રહેવારૂપ તેમની સ્થિતિ ૧૪મા ગુણઠાણાના કાળ તુલ્ય કરે છે).

(૩૧) ૧૩મા ગુણઠાણાના અંતે સાત પદાર્થોનો એકસાથે વિચ્છેદ થાય છે.

(i) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી શુક્લધ્યાનનો વિચ્છેદ થાય છે.
(ii) બધી કિટ્ટિઓનો વિચ્છેદ થાય છે.
(iii) સાતાના બંધનો વિચ્છેદ થાય છે.
(iv) નામ-ગોત્રની ઉદીરણાનો વિચ્છેદ થાય છે.
(v) યોગનો વિચ્છેદ થાય છે.
(vi) શુક્લલેશ્યાનો વિચ્છેદ થાય છે.
(vii) સ્થિતિઘાત અને રસઘાતનો વિચ્છેદ થાય છે.

(૩૨) ત્યાર પછી જીવ ૧૪મા ગુણઠાણે જાય છે. ત્યાં વ્યુપરતક્રિયા-અનિવૃત્તિ શુક્લધ્યાન કરે છે. ૧૪મા ગુણઠાણે ઉદયવાળી પ્રકૃતિઓનો ઉદય વડે ક્ષય કરે છે અને અનુદયવાળી પ્રકૃતિઓને વેદ્યમાન પ્રકૃતિઓમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને તેમનો ક્ષય કરે છે. ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે સાતા/અસાતા, દેવ ૨, શરીર ૫, અંગોપાંગ ૩, બંધન ૫, સંઘાતન ૫, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર ૨, અસ્થિર ૨, સ્વર ૨, પ્રત્યેક, અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર = ૭૨ પ્રકૃતિઓનો ક્ષય થાય

છે. ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે સાતા/અસાતા, મનુષ્ય ૩, પંચેન્દ્રિયજાતિ, જિન, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર = ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. મતાંતરે ૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમયે મનુષ્યાનુપૂર્વી સહિત ૭૩ પ્રકૃતિઓનો ક્ષય થાય છે અને ચરમ સમયે શેષ ૧૨ પ્રકૃતિઓનો ક્ષય થાય છે.

(૩૩) ત્યાર પછીના સમયે જીવ કર્મબંધના મોક્ષરૂપ સહકારીથી ઉત્પન્ન થયેલ સ્વભાવવિશેષથી અસ્પૃશદ્ગતિથી ઊર્ધ્વલોકને અંતે જાય છે. ત્યાં તે પરમાનંદમય સિદ્ધ ભગવંત શાશ્વતકાળ સુધી રહે છે.

ક્ષપકશ્રેણિના સૂક્ષ્મતમ અને વિસ્તારપૂર્ણ જ્ઞાન માટે જુઓ અમે લખેલ **'ઉપશમનાકરણ (ભાગ ૨), ક્ષપકશ્રેણિ અર્થાધિકાર અને પશ્ચિમસ્કંધ અર્થાધિકાર, વિસ્તૃત ગુજરાતી વિવેચન'.**

આમ આ ગ્રંથનો અભ્યાસ કરી જીવો સંયમમાં ઉદ્યમ કરી મોક્ષે જાય છે. તેથી બુદ્ધિમાનોએ આ પ્રકરણનો નિરંતર અભ્યાસ કરવો. આ પ્રકરણનો અભ્યાસ કરીને તેમણે યથાશક્તિ સંયમમાર્ગમાં પ્રવર્તવું અને સંક્લિષ્ટ અધ્યવસાયોને દૂર કરવા યત્ન કરવો.

આ સંપૂર્ણ ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું.

**કર્મપ્રકૃતિ પદાર્થસંગ્રહ સમાપ્ત**

# કર્મપ્રકૃતિ
# ઉદયાધિકાર
## મૂળગાથા અને શબ્દાર્થ

उदओ उदीरणाए, तुल्लो मोत्तुण एक्कचत्तालं ।
आवरणविग्घसंजलण-लोभवेए य दिट्ठिदुगं ॥१॥
आलिगमहिगं वेएंति, आउगाणं पि अप्पमत्ता वि ।
वेयणियाण य दुसमय-तणुपज्जत्ता य निद्दाओ ॥२॥
मणुयगइजाइतसबायरं च, पज्जत्तसुभगमाएज्जं ।
जसकित्तिमुच्चगोयं, चाओगी केइ तित्थयरं ॥३॥

૪૧ પ્રકૃતિઓ સિવાયની શેષ પ્રકૃતિઓનો ઉદય ઉદીરણાની સમાન છે. આવરણ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪), અંતરાય ૫, સંજ્વલન લોભ, વેદ ૩, દર્શન ૨ (સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વ મોહનીય) - આ ૨૦ પ્રકૃતિઓનો ઉદય ઉદીરણા કરતા ૧ આવલિકા અધિક કાળ સુધી થાય છે. આયુષ્યોનો ઉદય પણ તેમની ઉદીરણા કરતા ૧ આવલિકા અધિક કાળ સુધી થાય છે. આયુષ્યોની ઉદીરણા પ્રમત્ત જીવો જ કરતા હતા, જ્યારે તેમનો ઉદય અપ્રમત્તજીવોને પણ હોય છે. વેદનીયની ઉદીરણા પ્રમત્ત જીવો જ કરતા હતા, જ્યારે તેમનો ઉદય અપ્રમત્તજીવોને પણ હોય છે. શરીરપર્યાપ્તિના બીજા સમયથી ઈન્દ્રિયપર્યાપ્તિના ચરમ સમય સુધી નિદ્રા ૫ની ઉદીરણા ન હોય પણ ઉદય હોય છે. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ અને ઉચ્ચગોત્ર - આ ૯ પ્રકૃતિઓની ૧૪મા ગુણઠાણે ઉદીરણા હોતી નથી પણ ઉદય હોય છે. કેટલાક અયોગી કેવળી ભગવંતોને જિનનામકર્મની ઉદીરણા હોતી નથી પણ ઉદય હોય છે. (૧-૨-૩)

**ठिइउदओ वि ठिइक्खय-पओगसा ठिइउदीरणा अहिगो ।**
**उदयठिइए हस्सो, छत्तीसा एग उदयठिई ॥४॥**

સ્થિતિઉદય બે પ્રકારે છે - સ્થિતિક્ષયથી અને પ્રયોગથી. ઉત્કૃષ્ટ સ્થિતિઉદય સ્થિતિઉદીરણા કરતા ઉદયસ્થિતિથી અધિક છે. ૩૬ પ્રકૃતિઓ (નિદ્રા ૫ સિવાયની ઉપરની ૪૧ પ્રકૃતિઓ) નો જઘન્ય સ્થિતિઉદય ૧ ઉદયસ્થિતિનો છે. (૪)

**अणुभागुदओ वि जहन्न, नवरि आवरणविग्घवेयाणं ।**
**संजलणलोभसम्मत्ताण, य गंतूणमावलिगं ॥५॥**

રસઉદય પણ રસઉદીરણાની જેમ જાણવો, પણ જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, વેદ ૩, સંજ્વલન લોભ, સમ્યક્ત્વમોહનીયનો જઘન્ય રસઉદય ઉદીરણાવિચ્છેદ પછી આવલિકા જઈને તેના ચરમ સમયે હોય છે. (૫)

**अजहन्नाणुक्कोसा, चउत्तिहा छण्ह चउव्विहा मोहे**
**आउस्स साइअधुवा, सेसविगप्पा य सव्वेसिं ॥६॥**

મોહનીય અને આયુષ્ય સિવાયની છ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશઉદય ચાર પ્રકારનો (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ત્રણ પ્રકારનો (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. મોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ચાર પ્રકારનો (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. આયુષ્યના બધા વિકલ્પો અને શેષ બધી પ્રકૃતિઓના શેષ વિકલ્પો સાદિ અને અધ્રુવ છે. (૬)

**अजहन्नाणुक्कोसो, सगयालाए चउत्तिहा चउहा ।**
**मिच्छत्ते सेसा सिं, दुविहा सव्वे य सेसाणं ॥७॥**

૪૭ પ્રકૃતિઓ (મિથ્યાત્વમોહનીય સિવાયની ધ્રુવોદયી

પ્રકૃતિઓ)નો અજઘન્ય પ્રદેશઉદય ચાર પ્રકારનો (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ત્રણ પ્રકારનો (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. મિથ્યાત્વમોહનીયનો અજઘન્ય પ્રદેશઉદય અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદય ચાર પ્રકારનો (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિઓના સર્વ વિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૭)

**सम्मत्तुप्पत्ति सावय, विरए संजोयणाविणासे य ।**
**दंसणमोहक्खवगे, कसायउवसामगुवसंते ॥८॥**

**खवगे य खीणमोहे, जिणे य दुविहे असंखगुणसेढी ।**
**उदओ तव्विवरीओ, कालो संखेज्ज गुणसेढी ॥९॥**

સમ્યક્ત્વ ઉત્પત્તિની ગુણશ્રેણિ, શ્રાવકની (દેશવિરતિની) ગુણશ્રેણિ, સંયતની (સર્વવિરતિની) ગુણશ્રેણિ, અનંતાનુબંધી વિસંયોજનાની ગુણશ્રેણિ, દર્શનમોહનીયના ક્ષયની ગુણશ્રેણિ, ચારિત્રમોહનીયઉપશમકની ગુણશ્રેણિ, ઉપશાંતકષાયવીતરાગ-છદ્મસ્થની ગુણશ્રેણિ, ક્ષપકની ગુણશ્રેણિ, ક્ષીણમોહવીતરાગ-છદ્મસ્થની ગુણશ્રેણિ, બે પ્રકારના જિનની ગુણશ્રેણિ (સયોગી કેવલીની ગુણશ્રેણિ અને અયોગી કેવલીની ગુણશ્રેણિ) - આ ૧૧ ગુણશ્રેણિઓ છે. આ ગુણશ્રેણિઓમાં પ્રદેશઉદય ક્રમશઃ અસંખ્યગુણ છે. આ ગુણશ્રેણિઓનો કાળ વિપરીત ક્રમથી સંખ્યાતગુણ છે. (૮-૯)

**तिन्नि वि पढमिल्लाओ, मिच्छत्तगएवि होज्ज अन्नभवे ।**
**पगयं तु गुणियकम्मे, गुणसेढीसीसगाणुदये ॥१०॥**

પહેલી ત્રણ ગુણશ્રેણિઓ મિથ્યાત્વ પામીને પરભવમાં જાય ત્યાં પણ હોય છે. પ્રકૃતમાં ઉત્કૃષ્ટ પ્રદેશઉદયના સ્વામિત્વમાં

ગુણશ્રેણિના શીર્ષના ઉદયમાં રહેલા ગુણિતકર્માંશ જીવનો અધિકાર છે. (૧૦)

**आवरणविग्घमोहाण, जिणोदयइयाण वावि नियगंते ।**
**लहुखवणाए ओहीण-णोहिलद्धिस्स उक्कस्सो ॥११॥**

આવરણ ૯ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪), અંતરાય ૫, મોહનીય ૮ (સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન ૪, વેદ ૩), કેવળીને જેનો ઉદય હોય તે ૫૨ પ્રકૃતિઓ (ઔદારિક ૭, તૈજસ ૭, સંસ્થાન ૬, ૧લુ સંઘયણ, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, નિર્માણ, પ્રત્યેક, સ્થિર ૨, અસ્થિર ૨)નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય શીઘ્રક્ષપકને તે તે પ્રકૃતિના ચરમ ઉદયે હોય છે. અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય અવધિલબ્ધિરહિત શીઘ્રક્ષપકને તેમના ચરમ ઉદયે હોય છે. (૧૧)

**उवसंतपढमगुणसेढीए, निद्दादुगस्स तस्सेव ।**
**पावइ सीसगमुदयंति, जायदेवस्स सुरनवगे ॥१२॥**

પોતાની પ્રથમ ગુણશ્રેણિના શીર્ષ પર રહેલ ઉપશાંતકષાય-વીતરાગછદ્મસ્થ જીવને નિદ્રા ૨ નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. ૧૧મા ગુણઠાણાની પ્રથમ સમયની ગુણશ્રેણિના શીર્ષની પૂર્વેના સમયે કાળ કરી દેવ થયેલ જીવ પછીના સમયે ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલો હોય ત્યારે તેને દેવ ૯ (દેવ ૨, વૈક્રિય ૭)નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૨)

**मिच्छत्तमीसणंताणुबंधि-असमत्तथीणगिद्धीणं ।**
**तिरिउदएगंताण य, बिइया तइया य गुणसेढी ॥१३॥**

મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, અનંતાનુબંધી ૪, અપર્યાપ્ત, થિણદ્ધિ ૩, એકાંતે તિર્યંચને ઉદય યોગ્ય ૭ પ્રકૃતિઓ

(જાતિ ૪, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ)નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય બીજી ગુણશ્રેણિ અને ત્રીજી ગુણશ્રેણિના ભેગા થયેલા શીર્ષ ઉપર રહેલા જીવોને હોય છે. (૧૩)

**अंतरकरणं होहि त्ति, जायदेवस्स तं मुहुत्तंतो ।**
**अट्ठण्ह कसायाणं, छण्हं पि य नोकसायाणं ॥१४॥**

ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પૂર્વે કાળ કરીને દેવ થયેલો જીવ અંતર્મુહૂર્ત પછી ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલો હોય ત્યારે તેને ૮ કષાય (અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪) અને ૬ નોકષાય (હાસ્ય ૬)નો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૪)

**हस्सठिइं बंधित्ता, अद्धाजोगाइठिइनिसेगाणं ।**
**उक्कस्सपए पढमोदयम्मि, सुरनारगाऊणं ॥१५॥**

ઉત્કૃષ્ટ બંધકાળમાં ઉત્કૃષ્ટ યોગમાં જઘન્યસ્થિતિ બાંધીને પ્રથમસ્થિતિમાં ઉત્કૃષ્ટ દલિકનિક્ષેપ કરીને દેવાયુષ્ય-નરકાયુષ્યના પહેલા સમયે દેવાયુષ્ય-નરકાયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૫)

**अद्धाजोगुक्कोसो, बंधित्ता भोगभूमिगेसु लहुं ।**
**सव्वप्पजीवियं वज्जइत्तु, ओवट्टिया दोण्हं ॥१६॥**

ઉત્કૃષ્ટ બંધકાળમાં ઉત્કૃષ્ટ યોગમાં ભોગભૂમિના મનુષ્ય-તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધીને શીઘ્ર મરીને મનુષ્ય-તિર્યંચમાં ઉત્પન્ન થઈને સર્વથી અલ્પ જીવિત (અંતર્મુહૂર્ત) છોડીને પોતપોતાના આયુષ્યની અપવર્તના કરે. ત્યાર પછીના સમયે મનુષ્યાયુષ્ય-તિર્યંચાયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. (૧૬)

**दूभगणाएज्जाजस-गइदुगअणुपुव्वितिगसनीयाणं ।**
**दंसणमोहक्खवणे, देसविरइविरइगुणसेढी ॥१७॥**

દર્શનમોહનીયનો ક્ષપક દર્શનમોહનીયની ગુણશ્રેણિ, દેશવિરતિની ગુણશ્રેણિ અને સર્વવિરતિની ગુણશ્રેણિ - આ ત્રણે ગુણશ્રેણિઓના શીર્ષ ઉપર વર્તમાન હોય ત્યારે તેને દુર્ભગ, અનાદેય, અયશ, નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, નરકાનુપૂર્વી, નીચગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૭)

**संघयणपंचगस्स य, बिइयाईतिन्नि होंति गुणसेढी ।**
**आहारगउज्जोयाणु-त्तरतणु अप्पमत्तस्स ॥१८॥**

દેશવિરતિની ગુણશ્રેણિ, સર્વવિરતિની ગુણશ્રેણિ અને અનંતાનુબંધીવિસંયોજનાની ગુણશ્રેણિ - આ ત્રણે ગુણશ્રેણિઓના શીર્ષ ઉપર રહેલા જીવને પહેલા સિવાયના પાંચ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. પ્રથમ ગુણશ્રેણિના શીર્ષ ઉપર રહેલા આહારકશરીરી અપ્રમત્તસંયતને આહારક ૭ અને ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૮)

**बेइंदिय थावरगो कम्मं, काऊण तस्समं खिप्पं ।**
**आयावस्स उ तव्वेइ, पढमसमयम्मि वट्टंतो ॥१९॥**

બેઈન્દ્રિય જીવ આતપને વેદનાર સ્થાવર (ખર બાદર પૃથ્વીકાય)માં જઈ કર્મની સ્થિતિને એકેન્દ્રિયની સ્થિતિની સમાન કરીને શરીરપર્યાપ્તિથી શીઘ્ર પર્યાપ્ત થઈને પહેલા સમયે રહેલો હોય ત્યારે તેને આતપનો ઉત્કૃષ્ટ પ્રદેશઉદય હોય છે. (૧૯)

**पगयं तु खवियकम्मे, जहन्नसामी जहन्नदेवठिइ ।**
**भिन्नमुहुत्ते सेसे, मिच्छत्तगतो अतिकिलिट्ठो ॥२०॥**

**कालगएगिंदियगो, पढमे समये व मइसुयावरणे ।**
**केवलदुगमणपज्जव-चक्खुअचक्खूण आवरणा ॥२१॥**

જઘન્ય પ્રદેશઉદયના સ્વામિત્વમાં ક્ષપિતકર્માંશનો અધિકાર છે. જઘન્યસ્થિતિવાળો દેવ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી આયુષ્યનું છેલ્લુ અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે મિથ્યાત્વ પામી અતિસંક્લેશમાં મરીને એકેન્દ્રિય થાય ત્યારે તેને પહેલા સમયે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, મનઃપર્યવ-જ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૦-૨૧)

**ओहीण संजमाओ, देवत्त गए गयस्स मिच्छत्तं ।**
**उक्कोसठिइबंधे, विकड्ढणा आलिगं गंतुं ॥२२॥**

સંયમ પાળી દેવલોકમાં જઈ અંતર્મુહૂર્ત પછી મિથ્યાત્વ પામી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી ઘણા દલિકોની ઉદ્વર્તના કરે. બંધાવલિકા વીત્યા બાદ તેને અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૨)

**वेयणियंतरसोगारउच्च, ओहिव्व निद्दपयला य ।**
**उक्कस्स ठिईबंधा, पडिभग्गपवेइया नवरिं ॥२३॥**

વેદનીય ૨, અંતરાય ૫, શોક, અરતિ, ઉચ્ચગોત્રના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી અવધિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા. નિદ્રા અને પ્રચલાના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી પણ એ જ પ્રમાણે જાણવા પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પડીને નિદ્રા ૨ નો ઉદય થયો હોય તેવા જીવો તેમના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી છે. (૨૩)

**वरिसवर तिरियथावरनीयं, पि य मइसमं नवरि तिन्नि ।**
**निद्दानिद्दा इंदिय-पज्जत्ती पढमसमयम्मि ॥२४॥**

નપુંસકવેદ, તિર્યંચગતિ, સ્થાવર, નીચગોત્રના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી મતિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા. નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થિણદ્ધિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી પણ એ જ પ્રમાણે જાણવા, પણ ઈન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્તને પહેલા સમયે તેમનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૪)

**दंसणमोहे तिविहे, उदीरणुदए उ आलिगं गंतुं ।**
**सत्तरसण्ह वि एवं, उवसमइत्ता गए देवे ॥२५॥**

ઉદીરણાઉદયમાં આવલિકા જઈને ચરમ સમયે ત્રણ પ્રકારના દર્શનમોહનીયનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (ઔપશમિક સમ્યક્ત્વથી પડનારા જીવને અંતરકરણમાં રહીને બીજી સ્થિતિમાંથી ખેંચીને અંતરકરણની ચરમાવલિકામાં ગોપુચ્છાકારે રચેલા સમ્યક્ત્વમોહનીય વગેરેના દલિકોનો જે ઉદય થાય છે તે ઉદીરણાઉદય છે.) ૧૭ પ્રકૃતિઓ (અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ૪, પુરુષવેદ, હાસ્ય ૪)ને ઉપશમાવીને દેવલોકમાં ગયેલા જીવને ઉદીરણાઉદયમાં આવલિકા જઈને ચરમ સમયે તેમનો જઘન્ય પ્રદેશોદય થાય છે. (૨૫)

**चउरुवसमित्तु पच्छा, संजोइय दीहकालसम्मत्ता ।**
**मिच्छत्तगए आवलिगाए, संजोयणाणं तु ॥२६॥**

ચાર વાર મોહનીયને ઉપશમાવીને પછી અનંતાનુબંધી ૪ બાંધીને લાંબા કાળ સુધી સમ્યક્ત્વ પાળીને મિથ્યાત્વે જઈને બંધાવલિકાના ચરમ સમયે અનંતાનુબંધી ૪નો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૬)

**इत्थीए संजमभवे, सव्व-निरुद्धम्मि गंतुमिच्छत्तं ।**
**देवीए लहुमित्थी, जेट्ठठिइ आलिगं गंतुं ॥२७॥**

દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી સંયમ પાળી અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે મિથ્યાત્વ પામી દેવી તરીકે ઉત્પન્ન થઈ શીઘ્ર પર્યાપ્ત થઈ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને આવલિકા જઈને ચરમ સમયે સ્ત્રીવેદનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૭)

**अप्पद्धाजोगचियाणा-ऊणुक्कस्सगठिईणंते ।**
**उवरिं थोवनिसेगे, चिरतिव्वासायवेईणं ॥२८॥**

અલ્પ બંધકાળ અને અલ્પ યોગમાં બાંધેલા આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિને અંતે સર્વથી અલ્પ દલિકોના નિક્ષેપવાળા ઉપરના સમયે લાંબાકાળ સુધી તીવ્ર અસાતા ભોગવનારા જીવને ચારે આયુષ્યોનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૨૮)

**संजोयणा विजोजिय, देवभवजहन्नगे अइनिरुद्धे ।**
**बंधिय उक्कस्सठिई, गंतूणेगिंदियासन्नी ॥२९॥**

**सव्वलहुं नरयगए, निरयगइ तम्मि सव्वपज्जत्ते ।**
**अणुपुव्वीओ य गईतुल्ला, नेया भवादिम्मि ॥३०॥**

અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરીને જઘન્ય સ્થિતિવાળો દેવભવ પામીને અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને એકેન્દ્રિય અને અસંજ્ઞીમાં જઈને શીઘ્ર નરકમાં જઈને સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત થયેલાને નરકગતિનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. આનુપૂર્વીઓના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી ગતિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની સમાન જાણવા, પણ તે ભવના પહેલા સમયે જાણવા. (૨૯-૩૦)

**देवगई ओहिसमा, नवरिं उज्जोयवेयगो ताहे ।**
**आहार जाय अइचिर-संजममणुपालिऊणंते ॥३१॥**

દેવગતિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી અવધિજ્ઞાનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની જેમ જાણવા, પણ જ્યારે ઉદ્યોતનો ઉદય હોય ત્યારે દેવગતિના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી જાણવા. લાંબાકાળ સુધી સંયમ પાળીને અંતે આહારકશરીરી થયેલાને આહારક ૭નો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૩૧)

**सेसाणं चक्खुसमं, तंमि व अन्नंमि व भवे अचिरा ।**
**तज्जोगा बहुगीओ, पवेययंतस्स ता ताओ ॥३२॥**

શેષપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશઉદયના સ્વામી ચક્ષુદર્શનાવરણના જઘન્ય પ્રદેશઉદયના સ્વામીની સમાન ત્યાં સુધી જાણવા કે જ્યાં સુધી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાર પછી તે ભવમાં કે શીઘ્ર અન્યભવમાં જઈને પોતપોતાને પ્રાયોગ્ય ઘણી પ્રકૃતિઓના ઉદયવાળાને તે તે શેષપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશઉદય હોય છે. (૩૨)

**કર્મપ્રકૃતિ ઉદયાધિકાર મૂળગાથા અને શબ્દાર્થ સમાપ્ત**

- **नाणसंपन्ने णं जीवे चाउरंते संसारकंतारे ण विणस्सइ ।**
  - ઉત્તરાધ્યયનસૂત્ર ૨૯/૬૦
  જ્ઞાનસંપન્ન જીવ ચારગતિરૂપ ભવઅટવીમાં ભટકતો નથી.
- જે શિષ્ય પ્રજ્ઞાપનીય છે તે ભણેલો ન હોય તો ય તે મોક્ષગામી બને છે. જ્યારે અપ્રજ્ઞાપનીય શિષ્ય બહુ ભણેલો હોય તો પણ તે સંસારનો પાર પામતો નથી.
- ત્યાગ કરનારને અંતરાયો નડતા નથી.

# કર્મપ્રકૃતિ

# સત્તાધિકાર

## મૂળગાથા અને શબ્દાર્થ

**मूलुत्तरपगइयं, चउव्विहं संतकम्ममवि नेयं ।**
**धुवमद्धुवणाईयं, अट्ठण्हं मूलपगईणं ॥१॥**

મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓની સત્તા ચાર પ્રકારની (પ્રકૃતિસત્તા, સ્થિતિસત્તા, રસસત્તા અને પ્રદેશસત્તા) જાણવી. આઠ મૂળપ્રકૃતિઓની સત્તા ધ્રુવ, અધ્રુવ અને અનાદિ છે. (૧)

**दिट्ठिदुगाउगछग्गति, तणुचोद्दसगं च तित्थगरमुच्चं ।**
**दुविहं पढमकसाया, होंति चउद्धा तिहा सेसा ॥२॥**

દર્શન ૨ (સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય), આયુષ્ય ૪, મનુષ્ય ૨, દેવ ૨, નરક ૨, શરીર ૧૪ (વૈક્રિય ૭, આહારક ૭), જિન, ઉચ્ચગોત્રની સત્તા બે પ્રકારની (સાદિ-અધ્રુવ) છે. અનંતાનુબંધી કષાયોની સત્તા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. શેષ પ્રકૃતિઓની સત્તા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. (૨)

**छउमत्थंता चउदस, दुचरमसमयंमि अत्थि दो निद्दा ।**
**बद्धाणि ताव आऊणि, वेइयाइं ति जा कसिणं ॥३॥**

૧૪ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫)ની સત્તા ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણઠાણા સુધી હોય છે. નિદ્રા ૨ ની સત્તા ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી હોય છે. બંધાયેલા ચારે આયુષ્યોની સત્તા ત્યાં સુધી હોય છે કે જ્યાં સુધી સંપૂર્ણ રીતે ભોગવાઈ જાય. (૩)

**तिसु मिच्छत्तं नियमा, अट्ठसु ठाणेसु होइ भइयव्वं ।**
**आसाणे सम्मत्तं, नियमा दससु भज्जं ॥४॥**

મિથ્યાત્વમોહનીયની સત્તા ત્રણ ગુણઠાણાઓ (૧લા, ૨જા, ૩જા ગુણઠાણાઓ)માં અવશ્ય હોય છે અને આઠ ગુણઠાણાઓ (૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી)માં વિકલ્પે હોય છે. સમ્યક્ત્વમોહનીયની સત્તા સાસ્વાદનસમ્યગ્દષ્ટિ ગુણઠાણે અવશ્ય હોય છે અને ૧૦ ગુણઠાણાઓમાં (૧લા ગુણઠાણામાં અને ૩જા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીમાં) વિકલ્પે હોય છે. (૪)

**बिइयतईएसु मिस्सं, नियमा ठाणनवगम्मि भयणिज्जं ।**
**संजोयणा उ नियमा, दुसु पंचसु होइ भइयव्वं ॥५॥**

મિશ્રમોહનીયની સત્તા ૨જા-૩જા ગુણઠાણાઓમાં અવશ્ય હોય છે અને શેષ નવ ગુણઠાણાઓમાં (૧લા ગુણઠાણામાં અને ૪થા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીમાં) વિકલ્પે હોય છે. અનંતાનુબંધી ૪ની સત્તા બે ગુણઠાણાઓ (૧લા-૨જા ગુણઠાણાઓ)માં અવશ્ય હોય છે અને પાંચ ગુણઠાણાઓ (૩જા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં) વિકલ્પે હોય છે. (૫)

**खवगानियट्टिअद्धा, संखिज्जा होंति अट्ठ वि कसाया ।**
**निरयतिरियतेरसगं, निद्दानिद्दातिगेणुवरिं ॥६॥**

૮ કષાયો (અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪)ની સત્તા ક્ષપકને અનિવૃત્તિબાદરસંપરાય ગુણઠાણાના સંખ્યાતા બહુભાગો સુધી હોય છે. એકાંતે નરક-તિર્યંચ પ્રાયોગ્ય ૧૩ પ્રકૃતિઓ (નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ, જાતિ ૪, સાધારણ)અને નિદ્રાનિદ્રા ૩ (નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ)ની સત્તા ૮ કષાયોનો ક્ષય થયા પછી હજારો સ્થિતિઘાતો સુધી હોય છે. (૬)

**अपुमित्थीय समं वा, हासच्छक्कं च पुरिससंजलणा ।**
**पत्तेगं तस्स कमा, तणुरागंतो त्ति लोभो य ॥७॥**

ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી નપુંસકવેદની સત્તા હોય છે. ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી સ્ત્રીવેદની સત્તા હોય છે. અથવા નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનારને નપુંસકવેદ-સ્ત્રીવેદનો ક્ષય એકસાથે થતો હોવાથી જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી તેમની સત્તા હોય. ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી હાસ્ય ૬ની સત્તા હોય છે. ત્યાર પછી સમયન્યૂન ૨ આવલિકા સુધી પુરુષવેદની સત્તા હોય છે. ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી સંજ્વલન ક્રોધની સત્તા હોય છે. ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી સંજ્વલન માનની સત્તા હોય છે. ત્યાર પછી સંખ્યાતા સ્થિતિઘાતો સુધી સંજ્વલન માયાની સત્તા હોય છે. સંજ્વલન લોભની સત્તા સૂક્ષ્મસંપરાય ગુણઠાણા સુધી હોય છે. (૭)

**मणुयगइजाइतसबायरं च, पज्जत्तसुभगआएज्जं ।**
**जसकित्ती तित्थयरं, वेयणिउच्चं च मणुयाउं ॥८॥**

**भवचरिमस्समयम्मि उ, तम्मग्गिल्लसमयम्मि सेसाउ ।**
**आहारगतित्थयरा, भज्जा दुसु नत्थि तित्थयरं ॥९॥**

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ, જિન, વેદનીય ૧, ઉચ્ચગોત્ર, મનુષ્યાયુષ્યની સત્તા ૧૪મા ગુણઠાણાના ચરમ સમય સુધી હોય છે. શેષ પ્રકૃતિઓની સત્તા તેની પૂર્વેના સમય સુધી (૧૪મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી) હોય છે. બધા ગુણઠાણાઓમાં આહારક ૭ અને જિનનામકર્મની સત્તા વિકલ્પે હોય છે. બે ગુણઠાણાઓમાં (૨જા-૩જા ગુણઠાણાઓમાં) જિનનામકર્મની સત્તા હોતી નથી. (૮-૯)

**पढमचरिमाणमेगं, छन्नवचत्तारि बीयगे तिन्नि ।**
**वेयणियाउगोएसु, दोन्नि एगो त्ति दो होंति ॥१०॥**

પહેલા અને છેલ્લા કર્મોનું (જ્ઞાનાવરણ અને અંતરાયનું) પ્રકૃતિસત્તાસ્થાન એક (૫નું) છે. બીજા (દર્શનાવરણ) કર્મના પ્રકૃતિસત્તાસ્થાનો ૬ના, ૯ના અને ૪ના એમ ત્રણ છે. વેદનીય, આયુષ્ય અને ગોત્રના પ્રકૃતિસત્તાસ્થાનો ૨ના અને ૧ના એમ બે છે. (૧૦)

**एगाइ जाव पंचग-मेक्कारस बार तेरसिगवीसा ।**
**बिय तिय चउरो छस्सत्त, अट्ठवीसा य मोहस्स ॥११॥**

૧નું, ૨નું, ૩નું, ૪નું, ૫નું, ૧૧નું, ૧૨નું, ૧૩નું, ૨૧નું, ૨૨નું, ૨૩નું, ૨૪નું, ૨૬નું, ૨૭નું અને ૨૮નું - આ મોહનીયના પ્રકૃતિસત્તાસ્થાનો છે. (૧૧)

**तिन्नेग तिगं पणगं, पणगं पणगं च पणगमहदोन्नि ।**
**दस तिन्नि दोन्नि, मिच्छाइगेसु जावोवसंतो त्ति ॥१२॥**

૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધી ક્રમશઃ ૩, ૧, ૩, ૫, ૫, ૫, ૫, ૨, ૧૦, ૩, ૨ મોહનીયના સત્તાસ્થાનો છે. (૧૨)

**संखीणदिट्ठिमोहे, केई पणवीसइं पि इच्छंति ।**
**संजोयणाण पच्छा, नासं तेसिं उवसमं च ॥१३॥**

કેટલાક આચાર્યો દર્શન ૩નો ક્ષય થવા પર ૨૫નું સત્તાસ્થાન પણ ઈચ્છે છે. તેમના મતે દર્શન ૩નો ક્ષય થયા પછી અનંતાનુબંધી ૪નો ક્ષય થાય છે. તે જ આચાર્યો અનંતાનુબંધીના ઉપશમને પણ ઈચ્છે છે. (૧૩)

**तिदुगसयं छप्पंचग-तिगनउई नउइ इगुणनउई य ।**
**चउतिगदुगाहिगासी, नव अट्ठ य नामठाणाइं ॥१४॥**

૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૯૦નું, ૮૯નું, ૮૪નું, ૮૩નું, ૮૨નું, ૯નું અને ૮નું - આ નામકર્મના સત્તાસ્થાનો છે. (૧૪)

**एगे छ द्दोसु दुगं, पंचसु चत्तारि अट्ठगं दोसु ।**
**कमसो तीसु चउक्कं, छत्तु अजोगम्मि ठाणाणि ॥१५॥**

એક ગુણઠાણામાં (પહેલા ગુણઠાણામાં) ૬ સત્તાસ્થાનો (૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૮૪નું, ૮૨નું) છે. બે ગુણઠાણામાં (૨જા-૩જા ગુણઠાણામાં) ૨ સત્તાસ્થાનો (૧૦૨નું, ૯૫નું) છે. પાંચ ગુણઠાણામાં (૪થા-૫મા-૬ઠ્ઠા-૭મા-૮મા ગુણઠાણામાં) ૪ સત્તાસ્થાનો (૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું) છે. બે ગુણઠાણામાં (૯મા-૧૦મા ગુણઠાણામાં) ૮ સત્તાસ્થાનો (૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું) છે. ત્રણ ગુણઠાણામાં ક્રમશઃ ૪ સત્તાસ્થાનો છે. (૧૧મા ગુણઠાણે ૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું સત્તાસ્થાન છે, ૧૨મા-૧૩મા ગુણઠાણે ૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું સત્તાસ્થાન છે.) અયોગી કેવળી ગુણઠાણે ૬ સત્તાસ્થાનો (૯૦નું, ૮૯નું, ૮૩નું, ૮૨નું, ૯નું, ૮નું) છે. (૧૫)

**मूलठिई अजहन्नं, तिहा चउद्धा य पढमगकसाया ।**
**तित्थयरुव्वलणा-युगवज्जाण तिहा दुहाणुत्तं ॥१६॥**

મૂળપ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિસત્તા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. અનંતાનુબંધી કષાયોની અજઘન્ય સ્થિતિસત્તા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. જિન, ઉદ્વલનાયોગ્ય ૨૩ પ્રકૃતિઓ, આયુષ્ય ૪ - આ ૨૮ પ્રકૃતિઓ

સિવાયની શેષ ૧૨૬ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિસત્તા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. કહેલી પ્રકૃતિઓના નહીં કહેલા વિકલ્પો અને નહીં કહેલી પ્રકૃતિઓના સર્વ વિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૧૬)

**जेट्ठठिईबंधसमं, जेट्ठं बंधोदया उ जासि सह ।**
**अणुदयबंधपराणं, समऊणा जट्ठिई जेट्ठं ॥१७॥**

જે પ્રકૃતિઓના બંધ અને ઉદય સાથે હોય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ઉત્કૃષ્ટ સ્થિતિબંધની સમાન છે. જે પ્રકૃતિઓના અનુદયમાં તેમનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા તેમની સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. યત્સ્થિતિને આશ્રયીને તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ જ છે. (૧૭)

**संकमओ दीहाणं, सहालिगाए उ आगमो संतं ।**
**समऊणमणुदयाणं, उभयासिं जट्ठिई तुल्ला ॥१८॥**

ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા આવલિકા સહિત સંક્રમથી આવેલી ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા તેના કરતા સમય ન્યૂન છે. બન્નેની યત્સ્થિતિ તુલ્ય છે. (૧૮)

**संजलणातिगे सत्तसु य, नोकसाएसु संकम जहन्नो ।**
**सेसाण ठिई एगा, दुसमयकाला अणुदयाणं ॥१९॥**

સંજ્વલન ૩ અને નોકષાય ૭ (પુરુષવેદ, હાસ્ય ૬)ની જઘન્ય સ્થિતિસત્તા તેમના જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણે જાણવી. શેષ ઉદયવાળી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૧ સ્થિતિની છે. અનુદયવાળી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા ૨ સમયના કાળવાળી ૧ સ્થિતિની છે. (૧૯)

**ठिइसंतट्ठाणाइं, नियगुक्कस्सा हि थावरजहन्नं ।**
**नेरंतरेण हेट्ठा, खवणाइसु संतराइं पि ॥२०॥**

બધા કર્મોના સ્થિતિસત્તાસ્થાનો પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાથી સ્થાવરની જઘન્ય સ્થિતિસત્તા સુધી નિરંતર મળે છે. તેની નીચે ક્ષપણા વગેરેમાં આંતરાવાળા સ્થિતિસત્તાસ્થાનો પણ મળે છે. (૨૦)

**संकमसमणुभागे, नवरि जहन्नं तु देसघाईणं ।**
**छन्नोकसायवज्जं, एगट्ठाणंमि देसहरं ॥२१॥**

**मणनाणे दुट्ठाणं, देसहरं सामिगो य सम्मत्ते ।**
**आवरणविग्घसोलसग-किट्टिवेएसु य सगंते ॥२२॥**

રસસત્તા રસસંક્રમની સમાન છે, પણ ૬ નોકષાય સિવાયની દેશઘાતી પ્રકૃતિઓની જઘન્ય રસસત્તા ૧ ઠાણિયા દેશઘાતી રસની છે. મનઃપર્યવજ્ઞાનાવરણની જઘન્ય રસસત્તા ૨ ઠાણિયા દેશઘાતી રસની છે. સમ્યક્ત્વમોહનીય, જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, નિદ્રા ૨, અંતરાય ૫, કિટ્ટિરૂપ સંજ્વલન લોભ, વેદ ૩ ના જઘન્ય રસસત્તાના સ્વામી તેમના અંતે રહેલા જીવો છે. (૨૧-૨૨)

**मइसुयचक्खुअचक्खूण, सुयसमत्तस्स जेट्ठलद्धिस्स ।**
**परमोहिस्सोहिदु, मणनाणं विउलनाणिस्स ॥२३॥**

મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણની જઘન્ય રસસત્તા ઉત્કૃષ્ટ શ્રુતલબ્ધિવાળા ચૌદ પૂર્વધરોને હોય છે. અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણની જઘન્ય રસસત્તા પરમાવધિજ્ઞાનીને હોય છે. મનઃપર્યવજ્ઞાનાવરણની જઘન્ય રસસત્તા વિપુલમતિમનઃપર્યવજ્ઞાનીને હોય છે. (૨૩)

**बंधहयहयहउप्पत्तिगाणि, कमसो असंखगुणियाणि ।**
**उदयोदीरणवज्जाणि, होंति अणुभागठाणाणि ॥२४॥**

ઉદય અને ઉદીરણાથી થનારા રસસ્થાનો સિવાયના બંધોત્પત્તિક રસસ્થાનો, હતોત્પત્તિક રસસ્થાનો અને હતહતોત્પત્તિક રસસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે. (૨૪)

**सत्तण्हं अजहण्णं तिविहं, सेसा दुहा पएसम्मि ।**
**मूलपगईसु आउस्स, साई अधुवा य सव्वेवि ॥२५॥**

આયુષ્ય સિવાયના સાત કર્મોની અજઘન્ય પ્રદેશસત્તા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. તેમના શેષ વિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. મૂળપ્રકૃતિઓને આશ્રયી આયુષ્યના બધા વિકલ્પો સાદિ-અધ્રુવ છે. (૨૫)

**बायालाणुक्कस्सं, चउवीससयाऽजहन्न चउतिविहं ।**
**होइह छण्ह चउद्धा, अजहन्नमभासियं दुविहं ॥२६॥**

૪૨ પ્રકૃતિઓ (સાતા, સંજ્વલન ૪, પુરુષવેદ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, ૧લુ સંસ્થાન, ૧લુ સંઘયણ, શુભ વર્ણાદિ ૧૧, સુખગતિ, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૧૦)ની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. ૧૨૪ પ્રકૃતિઓ (અનંતાનુબંધી ૪-સંજ્વલનલોભ-યશ સિવાયની ધ્રુવસત્તાક પ્રકૃતિઓ)ની અજઘન્ય પ્રદેશસત્તા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. ૬ પ્રકૃતિઓ (અનંતાનુબંધી ૪, સંજ્વલન લોભ, યશ)ની અજઘન્ય પ્રદેશસત્તા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. કહેલી પ્રકૃતિઓના નહીં કહેલા વિકલ્પો અને શેષ પ્રકૃતિઓના બધા વિકલ્પો બે પ્રકારના (સાદિ-અધ્રુવ) છે. (૨૬)

**संपुन्नगुणियकम्मो, पएसउक्कस्ससंतसामी उ ।**
**तस्सेव उ उप्पि, विणिग्गयस्स कासिंचि वन्नेऽहं ॥२७॥**

સંપૂર્ણગુણિતકર્માંશ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી છે. કેટલીક પ્રકૃતિઓ માટે સાતમી નારકીમાંથી નીકળેલા તે જ સંપૂર્ણ ગુણિતકર્માંશ જીવનો ઉપર જે વિશેષ છે તે હું કહું છું. (૨૭)

**मिच्छत्ते मीसम्मि य, संपक्खित्तम्मि मीससुद्धाणं ।**
**वरिसवरस्स उ, ईसाणगस्स चरमम्मि समयंमि ॥२८॥**

મિથ્યાત્વમોહનીયનો મિશ્રમોહનીયમાં સર્વસંક્રમ થયે છતે મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે. મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં સર્વસંક્રમ થયે છતે સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે. ઈશાનદેવલોકમાં ગયેલા ગુણિતકર્માંશ જીવને ચરમ સમયે નપુંસકવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૨૮)

**ईसाणे पूरित्ता, नपुंसगं तो असंखवासीसु ।**
**पल्लासंखियभागेण, पूरिए इत्थिवेयस्स ॥२९॥**

ઈશાન દેવલોકમાં નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંચય કરીને સંખ્યાતાવર્ષના આયુષ્યવાળામાં ઉત્પન્ન થઈ અસંખ્યવર્ષના આયુષ્યવાળામાં ઉત્પન્ન થઈ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ માં સ્ત્રીવેદને પૂરે તેને સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૨૯)

**पुरिसस्स पुरिससंकम-पएसउक्कस्स सामिगस्सेव ।**
**इत्थी जं पुण समयं, संपक्खित्ता हवइ ताहे ॥३०॥**

પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી જે સમયે સ્ત્રીવેદને પુરુષવેદમાં સંક્રમાવે તે સમયે તેને પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૦)

**तस्सेव उ संजलणा, पुरिसाइकमेण सव्वसंछोभे ।**
**चउरुवसमित्तु खिप्पं, रागंते सायउच्चजसा ॥३१॥**

પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે પુરુષવેદને સર્વસંક્રમથી સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન ક્રોધની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. સંજ્વલન ક્રોધની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન ક્રોધને સર્વસંક્રમથી સંજ્વલન માનમાં સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન માનની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. સંજ્વલન માનની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન માનને સર્વસંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન માયાની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. સંજ્વલન માયાની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી જે સમયે સંજ્વલન માયાને સર્વસંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવે તે સમયે તેને સંજ્વલન લોભની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. ચાર વાર મોહનીયને ઉપશમાવીને પછી શીઘ્ર ક્ષપક થાય તેને સૂક્ષ્મસંપરાયગુણઠાણાને અંતે સાતા, યશ, ઉચ્ચગોત્રની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૧)

**देवनिरयाउगाणं, जोगुक्कस्सेहिं जेट्ठगद्धाए ।**
**बद्धाणि ताव जावं, पढमे समए उदिन्नाणि ॥३२॥**

ઉત્કૃષ્ટ યોગમાં ઉત્કૃષ્ટ બંધકાળ સુધી બંધાયેલા દેવાયુષ્ય-નરકાયુષ્યનો જ્યાં સુધી પહેલા સમયે ઉદય ન થાય ત્યાં સુધી તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૨)

**सेसाउगाणि नियगेसु, चेव आगम्म पुव्वकोडीए ।**
**सायबहुलस्स अचिरा, बंधंते जाव नोवट्टे ॥३३॥**

પૂર્વક્રોડવર્ષના શેષ આયુષ્ય (તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય) બાંધીને પોતાના ભવમાં આવીને સાતાની બહુલતાવાળાને

અલ્પકાળમાં પરભવના સમાનજાતીય આયુષ્યના બંધને અંતે જ્યાં સુધી અપવર્તના ન થાય ત્યાં સુધી તિર્યંચાયુષ્ય-મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૩)

**पूरित्तु पुव्वकोडी-पुहुत्त नारगदुगस्स बंधंते ।**
**एवं पल्लतिगंते, वेउव्वियसेसनवगम्मि ॥३४॥**

પૂર્વક્રોડવર્ષપૃથક્ત્વ સુધી નરક ૨ ને પુષ્ટ કરી બંધના અંત્યસમયે તે જીવને નરક ૨ ની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. એ જ રીતે પૂર્વક્રોડવર્ષપૃથક્ત્વ અને ૩ પલ્યોપમ સુધી વૈક્રિય ૯ (દેવ ૨, વૈક્રિય ૭) ને પુષ્ટ કરીને ૩ પલ્યોપમના અંતે તે જીવને વૈક્રિય ૯ની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૪)

**तमतमगो सव्वलहुं, सम्मत्तं लंभिय सव्वचिरमद्धं ।**
**पूरित्ता मणुयदुगं सवज्जरिसहं सबंधंते ॥३५॥**

સાતમી નરકનો નારકી શીઘ્ર સમ્યક્ત્વ પામીને ઘણા લાંબા કાળ સુધી મનુષ્ય ૨ અને વજ્રઋષભનારાચ સંઘયણને પુષ્ટ કરે. તેને તેમના બંધને અંતે તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૫)

**सम्मदिट्ठिधुवाणं, बत्तिसुदहीसयं चउक्खुत्तो ।**
**उवसामइत्तु मोहं, खवेंतगे नीयगबंधंते ॥३६॥**

સમ્યગ્દષ્ટિને જે પ્રકૃતિઓ અવશ્ય બંધાય છે તે ૧૨ પ્રકૃતિઓ (પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સુભગ, સુસ્વર, આદેય)ને ૧૩૨ સાગરોપમ સુધી બંધથી પુષ્ટ કરીને ૪ વાર મોહનીયને ઉપશમાવીને પછી મોહનીયને ખપાવે ત્યારે પોતપોતાના બંધને અંતે તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૬)

**धुवबंधीण सुभाणं, सुभथिराणं च नवरि सिग्घयरं ।**
**तित्थगराहारगतणू, तेत्तीसुदही चिरचिया य ॥३७॥**

શુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ (તૈજસ ૭, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ = ૨૦) અને શુભ-સ્થિરની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા ઉપર કહ્યા પ્રમાણે જ જણાવી, પણ તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી શીઘ્રક્ષપક જાણવો. જિનનામકર્મને ૩૩ સાગરોપમ + બે પૂર્વક્રોડવર્ષ સુધી બંધથી પુષ્ટ કરીને પોતાના બંધને અંતે તેની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. આહારક ૭ને લાંબા કાળ (દેશોનપૂર્વ-ક્રોડવર્ષ સુધી) બંધથી પુષ્ટ કરીને પોતાના બંધને અંતે તેની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૭)

**तुल्ला नपुंसवेएणे-गिंदिए य, थावरायवुज्जोया ।**
**विगलसुहुमतियावि य, नरतिरियचिरज्जिया होंति ॥३८॥**

એકેન્દ્રિય, સ્થાવર, આતપ, ઉદ્યોતના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી નપુંસકવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામીની સમાન છે. વિકલેન્દ્રિય ૩ અને સૂક્ષ્મ ૩ ને મનુષ્ય અને તિર્યંચના ભવોમાં લાંબા કાળ (પૂર્વક્રોડવર્ષપૃથક્ત્વ) સુધી અર્જિત કરીને પોતાના બંધને અંતે તેમની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. (૩૮)

**खवियंसयम्मि पगयं, जहन्नगे नियगसंतकम्मंते ।**
**खणसंजोइयसंजोयणाण, चिरसम्मकालंते ॥३९॥**

જઘન્ય પ્રદેશસત્તાના સ્વામિત્વમાં ક્ષપિતકર્માંશ જીવનો અધિકાર છે. બધા કર્મોની જઘન્ય પ્રદેશસત્તા પોતપોતાની સત્તાને અંતે હોય છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરીને અંતર્મુહૂર્ત સુધી બાંધીને લાંબાકાળ સુધી (૧૩૨ સાગરોપમ સુધી) સમ્યક્ત્વ પાળી તેને અંતે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. (૩૯)

**उव्वलमाणीण उव्वलणा, एगट्ठिई दुसामइगा ।**
**दिट्ठिदुगे बत्तीसे, उदहिसए पालिए पच्छा ॥४०॥**

ઉદ્વલના યોગ્ય ૨૩ પ્રકૃતિઓની ઉદ્વલના કરતા બે સમયના કાળવાળી ૧ સ્થિતિ બાકી રહે છે ત્યારે તેમની જઘન્ય પ્રદેશસત્તા મળે છે. ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળી મિથ્યાત્વે જઈ દર્શન ૨ (સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય)ની ઉદ્વલના કરતા ૧ સ્થિતિ બાકી રહે ત્યારે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. (૪૦)

**अंतिमलोभजसाणं, मोहं अणुवसमइत्तु खीणाणं ।**
**नेयं अहापवत्तकरणस्स, चरमम्मि समयम्मि ॥४१॥**

મોહનીયની ઉપશમના કર્યા સિવાયની ક્ષપિતકર્માંશની બધી ક્રિયાઓ કરીને ક્ષીણ થયેલ સંજ્વલન લોભ અને યશની જઘન્ય પ્રદેશસત્તા યથાપ્રવૃત્તકરણ (૭મુ ગુણઠાણુ)ના ચરમ સમયે જાણવી. (૪૧)

**वेउव्विक्कारसगं, खणबंधं गते उ नरयजिट्ठट्ठिइ ।**
**उव्वट्टित्तु अबंधिय, एगेंदिगए चिरुव्वलणे ॥४२॥**

વૈક્રિય ૧૧ (દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭)ની ઉદ્વલના કરીને અંતર્મુહૂર્ત સુધી બાંધીને ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારક થાય. ત્યાંથી ચ્યવી પંચેન્દ્રિયતિર્યંચમાં વૈક્રિય ૧૧ બાંધ્યા વિના એકેન્દ્રિયમાં જઈ લાંબા કાળની ઉદ્વલના કરતા ૧ સ્થિતિ બાકી હોય ત્યારે વૈક્રિય ૧૧ની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. (૪૨)

**मणुयदुगुच्चागोए, सुहुमखणबद्धगेसु सुहुमतसे ।**
**तित्थयराहारतणू, अप्पद्धा बंधिया सुचिरं ॥४३॥**

મનુષ્ય ૨ અને ઉચ્ચગોત્રની ઉદ્વલના કરીને સૂક્ષ્મ એકેન્દ્રિયમાં

અલ્પકાળ બાંધીને સૂક્ષ્મ ત્રસ (તેઉકાય-વાયુકાય)માં જઈ લાંબાકાળની ઉદ્વલના કરતા ૧ સ્થિતિ બાકી હોય ત્યારે તેમની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. જિનનામકર્મને અલ્પકાળ બાંધીને લાંબાકાળ સુધી ભોગવીને ચરમ સમયે તેની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. આહારક ૭ને અલ્પકાળ બાંધીને તેની લાંબા કાળની ઉદ્વલના કરીને ૧ સ્થિતિ બાકી હોય ત્યારે તેની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. (૪૩)

**चरमावलियपविट्ठा, गुणसेढी जासिमत्थि न य उदओ ।**
**आवलिगासमयसमा, तासिं खलु फड्डगाइं तु ॥४४॥**

જે પ્રકૃતિઓની ગુણશ્રેણિ ચરમાવલિકામાં પ્રવેશેલી હોય અને તેમનો ઉદય ન હોય તે પ્રકૃતિઓ (થિણદ્ધિ ૩, મિથ્યાત્વમોહનીય, પહેલા ૧૨ કષાય, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, આતપ ૨, સ્થાવર ૨, સાધારણ = ૨૯)ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧ આવલિકાના સમય જેટલા છે. (૪૪)

**संजलणतिगे चेवं, अहिगाणि य आलिगाए समएहिं ।**
**दुसमयहीणेहिं गुणाणि, जोगट्ठाणाणि कसिणाणि ॥४५॥**

સંજ્વલન ત્રણના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો પણ એ પ્રમાણે જાણવા. તેમના પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો ૨ સમયન્યૂન ૧ આવલિકાના સમયોથી ગુણાયેલા યોગસ્થાનો જેટલા અધિક છે. (૪૫)

**वेएसु फड्डगदुगं, अहिगा पुरिसस्स बे उ आवलिया ।**
**दुसमयहीणा गुणिया, जोगट्ठाणेहिं कसिणेहिं ॥४६॥**

વેદ ૩માં પ્રદેશસત્તાસ્થાનોના ૨ સ્પર્ધકો છે. પુરુષવેદના પ્રદેશસત્તાસ્થાનોના કુલ સ્પર્ધકો ૨ સમયન્યૂન ૨ આવલિકાના સમયો વડે ગુણાયેલા બધા યોગસ્થાનો જેટલા અધિક છે. (૪૬)

**सव्वजहन्नाढत्तं, खंधुत्तरओ निरंतरं उप्पिं ।**
**एगं उव्वलमाणी, लोभजसा नोकसायाणं ॥४७॥**

સર્વજઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી શરૂ કરીને ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી ઉત્તરોત્તર ૧-૧ સ્કંધની વૃદ્ધિવાળા પ્રદેશસત્તાસ્થાનો નિરંતર મળે છે. ઉદ્વલનાયોગ્ય ૨૩ પ્રકૃતિઓ, સંજ્વલન લોભ, યશ અને નોકષાય ૬ (હાસ્ય ૬)ના પ્રદેશસત્તાસ્થાનનું ૧ સ્પર્ધક છે. (૪૭)

**ठिइखंडगविच्छेया, खीणकसायस्स सेसकालसमा ।**
**एगहिया घाईणं, निद्दापयलाण हिच्चेकं ॥४८॥**

ઘાતીકર્મો (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫)ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો સ્થિતિઘાતનો વિચ્છેદ થયા પછીના ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણઠાણાના શેષકાળના સમયો કરતા એક અધિક જેટલા છે. નિદ્રા-પ્રચલાના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો તેમના કરતા ૧ ન્યૂન છે. (૪૮)

**सेलेसिसंतिगाणं, उदयवईणं तु तेण कालेणं ।**
**तुल्लाणेगहियाइं, सेसाणं एगऊणाइं ॥४९॥**

શૈલેશી અવસ્થા (૧૪મુ ગુણઠાણુ)માં સત્તાવાળી પ્રકૃતિઓ (મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિન, ઉચ્ચગોત્ર, વેદનીય ૧ = ૧૨)ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો ૧૪મા ગુણઠાણાના કાળના સમયો કરતા ૧ અધિક જેટલા છે. શેષ પ્રકૃતિઓ (૮૩ પ્રકૃતિઓ)ના પ્રદેશસત્તાસ્થાનોના સ્પર્ધકો તેમના કરતા ૧ ન્યૂન છે. (૪૯)

- **सव्वमप्पे जिए जियं ।** - ઉત્તરાધ્યયનસૂત્ર ૯/૩૬
  એક પોતાને જીતવા પર બધા જીતાય જાય છે.

**संभवतो ठाणाइं, कम्मपएसेहिं होंति नेयाइं ।**
**करणेसु य उदयम्मि य, अणुमाणेणेवमेएणं ॥५०॥**

આ જ રીતે આઠ કરણો અને ઉદયમાં સંભવને આશ્રયીને કર્મપ્રદેશોના પ્રદેશસત્તાસ્થાનો જાણવા. (૫૦)

**करणोदयसंताणं, पगइट्ठाणेसु सेसयतिगे य ।**
**भूयक्कारप्पयरो, अवट्ठिओ तह अवत्तव्वो ॥५१॥**

આઠ કરણ, ઉદય, સત્તાના પ્રકૃતિસ્થાનોમાં અને શેષ ત્રણ (સ્થિતિ, રસ, પ્રદેશ)માં ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય જાણવા. (૫૧)

**एगादहिगे पढमो, एगाईऊणगम्मि बिइओ उ ।**
**तत्तियमेत्तो तईओ, पढमे समये अवत्तव्वो ॥५२॥**

એક વગેરે પ્રકૃતિ વગેરેના બંધ વગેરે અધિક થાય તે પહેલો ભૂયસ્કાર છે. એક વગેરે પ્રકૃતિ વગેરેના બંધ વગેરે ન્યૂન થાય તે બીજો અલ્પતર છે. તેટલી જ પ્રકૃતિ વગેરેના બંધ વગેરે થાય તે ત્રીજો અવસ્થિત છે. પ્રકૃતિ વગેરેના બંધ વગેરેનો સર્વથા અભાવ થયા પછી પહેલા સમયે ફરી થાય તે અવક્તવ્ય છે. (૫૨)

**करणोदयसंताणं, सामित्तोघेहिं सेसगं नेयं ।**
**गईयाइमग्गणासुं, संभवओ सुट्ठु आगमिय ॥५३॥**

આઠ કરણો, ઉદય અને સત્તાનું ઓઘથી સ્વામિત્વ કહ્યું છે. સારી રીતે વિચારીને ગતિ વગેરે માર્ગણાઓને વિષે શેષ સ્વામિત્વ પણ યથાસંભવ જાણવું. (૫૩)

**बंधोदीरणसंकम-संतुदयाणं जहन्नगाईहिं ।**
**संवेहो पगइठिई-अणुभागपएसओ नेओ ॥५४॥**

બંધ, ઉદીરણા, સંક્રમ, સત્તા, ઉદયના પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશને આશ્રયીને જઘન્ય વગેરે (જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ, અનુકષ્ટ) વડે સંવેધ જાણવો. (૫૪)

**करणोदयसंतविऊ, तन्निज्जरकरणसंजमुज्जोगा ।**
**कम्मट्ठगुदयनिट्ठा-जणियमणिट्ठं सुहमुवेंति ॥५५॥**

આઠ કરણ, ઉદય અને સત્તાને જાણનારા જીવો તેમની નિર્જરા કરવા માટે સંયમમાં ઉદ્યમ કરીને આઠ કર્મોના બંધ-ઉદય-સત્તાના ક્ષયથી ઉત્પન્ન થયેલ અનંત સુખને પામે છે. (૫૫)

**इय कम्मप्पगडीओ, जहासुयं णीयमप्पमइणा वि ।**
**सोहिय णाभोगकयं, कहंतु वरदिट्ठिवायन्नू ॥५६॥**

આ પ્રમાણે અલ્પબુદ્ધિવાળા એવા પણ મેં જે રીતે ગુરુદેવ પાસે સાંભળ્યુ તે પ્રમાણે કર્મપ્રકૃતિ પ્રાભૃતમાંથી કાઢીને આ પ્રકરણ રચ્યું. બુદ્ધિના શ્રેષ્ઠ અતિશયવાળા દૃષ્ટિવાદને જાણનારા વિદ્વાનો આ પ્રકરણમાં અનાભોગથી થયેલી ભૂલને દૂર કરીને કહો. (૫૬)

**जस्स वरसासणावयव-फरिसपविकसियविमलमइकिरणा ।**
**विमलेंति कम्ममइले, सो मे सरणं महावीरो ॥५७॥**

જેમના શ્રેષ્ઠ શાસનના અવયવના સ્પર્શથી વિકસિત થયેલા નિર્મળ મતિરૂપી કિરણો કર્મથી મલિન જીવોને નિર્મળ કરે છે તે શ્રીમહાવીરસ્વામી ભગવાન મારે શરણરૂપ છે. (૫૭)

**કર્મપ્રકૃતિ સત્તાધિકાર મૂળગાથા અને શબ્દાર્થ સમાપ્ત**

• • •

- જેટલા અંશે સંયમ છે, એટલા અંશે આબાદી છે.
  જેટલા અંશે અસંયમ છે, એટલા અંશે બરબાદી છે.

- **दोहिं ठाणेहिं संपन्ने अणगारे अणाइयं अणवदग्गं दीहमद्धं वा चाउरंतं संसारकंतारं वीइवएज्जा, तं जहा-विज्जाए चेव, चरणेण चेव ।** - ઠાણાંગસૂત્ર

  બે સ્થાનથી યુક્ત અણગાર અનાદિ અનંત, લાંબા માર્ગવાળી, ચારગતિરૂપ ભવઅટવીને પાર કરે છે. તે આ પ્રમાણે - વિદ્યાથી (જ્ઞાનથી) અને ચારિત્રથી.

- **न नाणमित्तेण कज्जनिप्फत्ती ।**

  - આવશ્યકનિર્યુક્તિ ૩/૧૧૫૭

  જ્ઞાનમાત્રથી કાર્યની સિદ્ધિ થતી નથી.

- **नाणं किरियारहियं, किरियामित्तं च दो वि एगंता ।**

  - સન્મતિતર્ક ૩/૬૮

  ક્રિયા વિનાનું જ્ઞાન અને ક્રિયામાત્ર (જ્ઞાન વિનાની ક્રિયા) એ બન્ને એકાંત છે.

- **सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
  **भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥**

  - જ્ઞાનસાર ૧૦/૮

  આ આશ્ચર્ય છે કે વિષયોથી અતૃપ્ત ઈન્દ્ર, વાસુદેવ વગેરે સુખી નથી, પણ જગતમાં જ્ઞાનથી તૃપ્ત અને નિરંજન એવો એક મુનિ જ સુખી છે.

- **धम्मो ताणं धम्मो सरणं, धम्मो गई पइट्ठा च ।**
  **धम्मेण सुचरिएण य, गम्मइ अयरामरं ठाणं ॥**

  - તંદુલવેયાલિય પયન્ના-૧૭૧

  ધર્મ રક્ષણહાર છે, ધર્મ શરણ છે, ધર્મ આશ્રય છે અને ધર્મ આધાર છે. ધર્મની સારી રીતે આરાધના કરવાથી અજરામર સ્થાને જવાય છે.

- **गुणसुट्ठियस्स वयणं, घयपरिसित्तुव्व पावओ भाइ ।**
**गुणहीणस्स न सोहइ, नेहविहूणो जह पईवो ॥**
- બૃહત્કલ્પભાષ્ય ૨૪૫
ગુણવાન વ્યક્તિનું વચન ઘીથી સીંચાયેલા અગ્નિની જેમ તેજસ્વી હોય છે. ગુણહીન વ્યક્તિનું વચન તેલ વિનાના દીવાની જેમ શોભતું નથી.

- **लद्धे पिंडे अलद्धे वा, णाणुतप्पेज्ज संजए ।**
- ઉત્તરાધ્યયનસૂત્ર ૨/૩૦
આહાર મળે કે ન મળે, તો પણ સંયત ખેદ ન કરે.

- **असंखयं जीवियं मा पमायए ।** -ઉત્તરાધ્યયનસૂત્ર ૪/૧
તુટેલું જીવન ફરી સંધાતું નથી. માટે પ્રમાદ ન કરવો.

- **सुअइ सुअंतस्स सुअं, संकिअखलिअं भवे पमत्तस्स ।**
**जागरमाणस्स सुअं, थिरपरिचियमप्पमत्तस्स ॥**
- નિશીથભાષ્ય ૫૩૦૪
સુઈ જનારાનું શ્રુતજ્ઞાન સુઈ જાય છે. પ્રમાદીનું શ્રુતજ્ઞાન શંકિત અને સ્ખલિત થાય છે. જાગનારા અને અપ્રમત્તનું શ્રુતજ્ઞાન સ્થિર અને પરિચિત થાય છે.

- **शास्त्रं सर्वार्थसाधनम् ।** - યોગબિન્દુ ૨૨૫
શાસ્ત્ર બધા પ્રયોજનોનું સાધક છે.

- **नाणागमो मच्चुमहस्स अत्थि ।** -આચારાંગ ૧/૪/૨/૧૩૧
મૃત્યુમુખ ન આવે એવું નથી.

- **णो हूवणमंति रातिओ ।** - સૂત્રકૃત્રાંગ ૧/૨/૧/૧
વીતેલી રાતો ફરી આવતી નથી.

## સુકૃતની કમાણી કરનાર
## પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ ૧૩ના પ્રકાશનનો
સંપૂર્ણ લાભ 'હેમસુકૃતનિધિ'માંથી
**શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**
**ખંભાતવાળાએ લીધેલ છે.**
હ. પુત્રવધૂ રમાબેન પુંડરીકભાઈ,
પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,
પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા,
પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.
સંપત્તિનો સદ્વ્યય કરનાર
સૌભાગ્યશાળી પરિવારની
અમે ભૂરિ ભૂરિ અનુમોદના
કરીએ છીએ.

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106

MULTY GRAPHICS
(022) 23873222 23884222